વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
જાન્યુઆરી - ૨૦૧૫
અંક : ૪૪૦

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૯૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર







તંત્રી મંડળ :
**અશોક મહેતા** - મુખ્ય તંત્રી
**મનુભાઈ શાહ**
**દિનેશચંદ્ર મહેતા**


મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ સૌંદર્યલક્ષી પ્રકાશનો




આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.





## 'નવનીત'નાં 'નામાવલી'નાં મોહક પ્રકાશનો

આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.




## 'નવનીત'નાં 'વાનગી' ઉપર શ્રેષ્ઠ પ્રકાશનો

- અનેરી વાનગીઓ
- અનેરી લો કૅલરી વાનગીઓ
- અનેરી પનીર વાનગીઓ
- અનેરી જૈન વાનગીઓ
- અનેરી શાકભાજીઓ
- અનેરી ચાઈનીઝ એન્ડ મેક્સિકન
- અનેરી ઈઝી ટુ કુક ફોર ટીનએજર્સ
- વન્ડરફૂલ ડૅઝર્ટ
- વન્ડરફૂલ માઈક્રોવેવ વાનગીઓ

આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

**(આ બધાં પ્રકાશનો અંગ્રેજી, હિન્દી તથા મરાઠી ભાષાઓમાં પણ મળે છે.)**

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

Since 1958

Leading. Innovating. Growing.







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

## V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

### Our Divisions

V-Trans
Reliable Hard Freight Transport

V-Xpress
Timebound Multimodal Express Cargo Service

V-Logis
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180**

**V-Xpress Toll Free no. : 1800-220-240**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



આગમન
તા. ૪-૧૧-૧૯૨૨

વિદાય
તા. ૨૦-૧-૨૦૧૪

## સ્વ. શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા

વીતી ગયું વરસ તમારી વિદાયને...
સદેહે નહિ પણ હાજર છો તમે અમારી આસપાસ.
કદી ના વીસરાશે યાદ તમારી...
પ્રભુ સેવા અને સમાજસેવા જ હતી તમારી જિંદગી...
હરતા ફરતા તીર્થ હતા તમે...
સહનશીલતા, કરુણા ને સમભાવની મૂર્તિ.
સાદગી, પરોપકાર ને પુરુષાર્થનું તમારું જીવન,
કદી ના ભૂલાશે તમારી શીખ અને પ્રભાવ....

**પરમાત્મા તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અને ઉર્ધ્વગતિ આપે તેવી અમારી પરમ કૃપાળુ પ્રભુ પાસે પ્રાર્થના....**

**સ્વ. પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરૂવા પરિવાર....**

હેમા અને મહેન્દ્ર લાલકા — ચૌલા કુરૂવા — જીતેન્દ્ર અને જયશ્રી કુરૂવા
ધારા અને મયંક શાહ — નિશ્ચય અને રીતુ લાલકા — દૃશ્ય અને કિંજલ કુરૂવા
નીરવા - નાયાજા - જયમ - સમય

# હાર્દિક શ્રદ્ધાસુમન



જન્મ તારીખ
૧૩-૯-૧૯૨૬

અરિહંત શરણ
૬-૧૨-૨૦૧૪

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રા ના કાયમી સંઘપતી**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા

(મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઇ)

શ્રી સંઘને જાવત જીવત પ્રવૃતીમય રાખી સંઘના અનેક વિધ પ્રવૃત્તીઓને હમેશા પ્રેરણામયી બની કરેલ ઉપકાર શ્રી સંઘ કદાપી વિસરી શકશે નહીં..
આપશ્રી ના સત્ કૃત્યને શત્ શત્ નમન...વંદન...

પરમપિતા પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

કાચીગુડા, હૈદરાબાદ

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

CIMS

**સીમ્સ હોસ્પિટલ**

પ્રિમિયર મલ્ટી-સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ

સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

## સીમ્સ કાર્ડિયાક સર્જરી

### ૧૨૦૦૦ થી વધારે ઓપન હાર્ટની સર્જરી અને દર વર્ષે ૧૦૦૦ થી વધારે કેસ કરતી અગ્રેસર સર્જીકલ ટીમ



- ધબકતા હૃદયે બાયપાસ (ઓફ પંપ સીએબીજી)
- ટોટલ ધમનીનું બાયપાસ
- નબળા હૃદયની સર્જરી
- મીનીમલી ઇન્વેસીવ કાર્ડિયાક સર્જરી (મીક્સ)
- માઇટ્રલ વાલ્વ રીપેર
- સિંગલ, ડબલ અને મલ્ટીપલ વાલ્વ રીપ્લેસમેન્ટ / રીપેર
- મહાધમનીની સર્જરી
- જન્મજાત બાળકના હૃદયની સર્જરી
- કમ્બાઇન્ડ કેરોટીડ અને બાયપાસ પ્રોસિજર
- ટેકનીકલી અત્યાધુનિક ઓપરેશન થિયેટર અને આઇસીયુ સાથે સંપૂર્ણ ટીમ વર્ક

**બાયપાસ સર્જરીનું જનરલ પેકેજ ફક્ત રૂ. ૧,૭૫,૦૦૦ માં**

જેમાં ૮ દિવસમાં હોસ્પિટલમાં રોકાણ અને સંબંધી માટે કચ્છી જૈન ભવનમાં રોકાણનો સમાવેશ થઇ જાય છે.

## સીમ્સ જોઇન્ટ રીપ્લેસમેન્ટ

### થાપા અને ની રિપ્લેસમેન્ટની ૫,૦૦૦થી વધુ સર્જરીનો અનુભવ

- ની રિપ્લેસમેન્ટ
- હિપ રિપ્લેસમેન્ટ
- શોલ્ડર રિપ્લેસમેન્ટ
- એલબો રિપ્લેસમેન્ટ
- કમ્પ્યુટર દ્વારા નેવીગેશનથી ની રીપ્લેસમેન્ટ અને હીપ રીપ્લેસમેન્ટ
- શરૂઆતના ઘસારા માટે યુનીકોન્ડિાઈલર ની રીપ્લેસમેન્ટની સુવિધા

**સીમ્સ હોસ્પિટલમાં ઉપલબ્ધ જોઇન્ટ રીપ્લેસમેન્ટના પેકેજ**

| | ઇકોનોમી | ટ્વીન શેરીંગ | સિંગલ રૂમ |
|---|---|---|---|
| ટોટલ ની રીપ્લેસમેન્ટ | ૧૬૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૨૦૦૦૦ |
| ટોટલ હીપ રીપ્લેસમેન્ટ (સીમેન્ટેડ) | ૧૩૫૦૦૦ | ૧૭૦૦૦૦ | ૧૯૦૦૦૦ |
| ટોટલ હીપ રીપ્લેસમેન્ટ (સીમેન્ટલેસ) | ૧૮૦૦૦૦ | ૨૧૫૦૦૦ | ૨૩૫૦૦૦ |

ઉપરના પેકેજમાં યુએસ એફડીએ માન્ય જોઇન્ટ અને કચ્છી જૈન સમાજના સંબંધીને રહેવાની સુવિધાનો પણ સમાવેશ થઇ જાય છે

૧૫-૧૫ વર્ષથી વધુના વ્યક્તિગત અનુભવ ધરાવતા અનુભવી અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ પામેલા જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

NABH ACCREDITED · NABL

એપોઇન્ટમેન્ટ માટે

+૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઇલ : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧
ઇમેલ : opd.rec@cimshospital.org

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦ ઇમેલ : info@cims.me

www.cims.me

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

**લેખક પાના નં.**

**તંત્રી લેખ :**

- સરસ્વતી સન્માન ........ **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦

**લેખ વિભાગ**

**પ્રજાતંત્ર**

- પ્રજાસત્તાક દિન – રાષ્ટ્રીય તહેવારની તવારીખ જાણો ........ **ભાવેન કચ્છી** .... ૧૧
- આઝાદી બાદ ભારતમાં આદિજાતિઓનો ઉત્કર્ષ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૧૩
- ભારતરત્ન ઍવોર્ડ : રસપ્રદ હકીકતો અને માહિતી ........ **નીલેશ વી. મહેતા** .... ૧૫

**વિચાર મંથન**

- તમારું પ્રિય પુસ્તક કયું? તમારી પ્રિય ફિલ્મ કઈ? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૭

**વિચાર વિમર્શ**

- સમય ........ **મુરજી ગડા** .... ૧૯

**ચિંતન**

- મૃત્યુને એલ.આઈ.સી.ના દીવડા જેવું રક્ષા કવચ પૂરું પાડીએ ........ **દિનેશ પાંચાલ** .... ૨૨

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૧
  લગ્નસંસ્થામાં કેટલાક સુધારા જરૂરી છે ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૨૩
- તું અને હું – આ દાસ્તાન સનાતન (૯) ........ **માવજી કે. સાવલા** .... ૨૫

**વાર્તા**

- ઘોષ - પ્રતિઘોષ ........ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૨૭
  પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

**તંદુરસ્તી**

- અનિદ્રા (Insomenia) ........ **ડૉ. મણિલાલ ગડા,** મનોચિકિત્સક ..... ૨૯
  **ડૉ. દિપ્તી શાહ (ગડા),** મનોચિકિત્સક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ .......... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૩૧
  પ્રકરણ-૩૫


## માહિતી


- સાબરમતી રીવરફ્રન્ટ : અમદાવાદનું અનોખું નજરાણું .......................... **અતુલ સોની** .... ૩૩
- હોર્ન એટલે શીંગડા એટલે રણશિંગું ................................................ **મિતેષ સોલંકી** .... ૩૭
- માનવ શરીરની 'કોઈના માન્યામાં ન આવે' તેવી થોડી હકીકતો .............. **મુકુંદ મહેતા** .... ૪૧


## સંસ્થા / વ્યક્તિ વિશેષ


- ધરમપુરના ડુંગરોમાં યુવાન ગ્રામશિલ્પી નીલમ પટેલ ............. **કિરણ ચાંપાનેરી 'સેતુ'** .... ૩૩
  ફ્રીલાન્સ પત્રકાર


## કચ્છ


- કુશળ કચ્છી તોપચી : પદ્યુ ગુલમદાર ............................................ **નરેશ પી. અંતાણી** .... ૪૫


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું .................................. **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૪૭


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........................................................................ ૪૮
- અન્ય સંસ્થાઓના સમાચાર ........................................................ ૫૧
- સાર સમાચાર ........................................ **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૪
- જાણવા જેવું ........................................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૫
- *Nano Nine* શબ્દ રમત-૧૦૧ ........................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૭
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૫૭) ................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
- 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ ............................................ ૬૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી ........... ૬૧
- વલોવતન ........................................ **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૨
- સમાજ દર્પણ ........................................................................ ૬૯
- સંસ્થા સમાચાર ..................................................................... ૭૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ................................ ૮૨
- ઊડતી નજરે ........................................................................ ૮૪


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સરસ્વતી સન્માન

*– અશોક મહેતા*

સહુ પ્રથમ તો વર્ષ ૨૦૧૫ના આગમનની દરેકને વધાઈ. નવું વર્ષ આપ સહુના જીવનમાં ખુશીનો ભંડાર લાવે તેવી 'મંગલ મંદિર' પરિવારની શુભકામના. જે રીતે વિક્રમ સંવત આપણા જીવનમાં ઘડાઈ ચૂકેલ છે એ રીતે ઈસવીસનનું પણ હવે દુનિયાની દૃષ્ટિએ મહત્ત્વ વધતું જાય છે. આપણે પણ તેને સામાજિક રીતે ઉત્તરોત્તર અપનાવતા જઈએ છીએ. તેથી ઈ.સ. વર્ષ ૨૦૧૫ની આપ સહુને શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

*હવે આપણે આવીએ આજના વિષય પર.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "સરસ્વતી સન્માન સમિતિ" આયોજિત સરસ્વતી સન્માનનો એક કાર્યક્રમ રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ હતો. તે જ દિવસે આ પ્રકારના કાર્યક્રમો કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર, કોષ્ટી સમાજ - અમદાવાદ તથા અન્ય અનેક સમાજો / સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલ હતા. **તાત્પર્ય એટલું જ છે કે વિદ્યાભ્યાસને દરેક સમાજે ખૂબ જ મહત્ત્વ આપેલ છે અને તેના પ્રોત્સાહન સ્વરૂપે આ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે.**



*ઍવોર્ડ / પુરસ્કાર મેળવનાર વિદ્યાર્થીઓનો ગ્રુપ ફોટો*

હાલની વર્તમાન પરિસ્થિતિમાં ગ્રેજ્યુએટ થવું એ સામાન્ય હકીકત બની ગયેલ છે. આજથી ૫૦ વર્ષ અગાઉ મેટ્રિક પાસને સીમાચિહ્નરુપ ગણવામાં આવતું. કદાચ આવતા ૫૦ વર્ષ પછી ગ્રેજ્યુએટનું પણ એટલું મૂલ્યાંકન નહીં રહે. દિવસોદિવસ વિદ્યાભ્યાસની ભૂખ એટલા માટે વધતી જાય છે કે તેના કારણે વિદ્યાર્થીના પરિવારની, તેના સમાજની કે સમગ્ર દેશની પ્રગતિ અવલંબિત છે. વિદ્યાર્થીઓ માટે ભારતભરમાં વૈકલ્પિક અભ્યાસના દ્વારો અનેકગણી માત્રામાં ખૂલતા જાય છે અને આપણો વિદ્યાર્થી માત્ર ગ્રેજ્યુએટ થવાના બદલે અનેક વૈકલ્પિક સ્રોતો અપનાવી પોતાની પ્રગતિ સાધી રહેલ છે. હાલે ઉચ્ચત્તમ અભ્યાસ અર્થે આ વિદ્યાર્થી અમેરિકા, ઑસ્ટ્રેલિયા, કેનેડા કે અન્ય દેશો તરફ મીટ માંડી રહેલ છે. પરંતુ હાલે જે રીતે અભ્યાસ અને વિદ્યાને સમગ્ર ભારત દેશમાં મહત્ત્વ અપાઈ રહેલ છે એ જોતાં આવતા દિવસોમાં ઉચ્ચ અભ્યાસ ભારત

*સંસ્કાર સંસ્કૃતિની જમીન પર ઊગે છે. તમારા બાળકોને તે ભેટરૂપે આપો.*

દેશમાં પણ પ્રાપ્ત થઈ શકશે. અમેરિકાની જેમ ભારતની યુનિવર્સિટીઓ કે ખાનગી સંસ્થાઓ પણ શિષ્યવૃત્તિઓ આપતી થશે અને તેના કારણે હાલે જે ''બ્રેઈન ડ્રેઈન''ની પરિસ્થિતિ રહેવા પામેલ છે તેમાં ફેરફાર થઈ શકશે. દરેક ક્ષેત્રે શોધખોળની પ્રક્રિયા પણ ભારતમાં વિકસી શકશે.

ઉપરોક્ત હકીકતને ધ્યાને રાખી દરેક સમાજ વિદ્યાના પ્રોત્સાહન માટે જે પ્રયાસો જારી રાખે છે તેનો વેગ પણ વધારવો જોઈએ. અવ્વલ નંબરે આવેલ વિદ્યાર્થીઓ કે ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓના સન્માન ઉપરાંત સમાજના વિદ્યાર્થીઓના અભ્યાસમાં પણ પૂર્ણ વર્ષ દરમ્યાન ડોકિયું કરી, જે તે વિદ્યાર્થીની પ્રતિભા પારખી, તેને તેની મંઝીલે પહોંચાડવા પૂર્ણ પ્રયાસ કરવા જરૂરી બની રહેશે. **વિદ્યાર્થીને ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રોત્સાહિત કરવા સમાજ દ્વારા જે ખર્ચ કરવામાં આવે તે ખર્ચને ખર્ચ તરીકે ના નિહાળતાં એક રોકાણ સ્વરૂપે નિહાળવાની માનસિકતા સમાજે કેળવવી પડશે.**

જ્યાં લગી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સવાલ છે ત્યાં લગી તેણે છેલ્લા કેટલાક વર્ષોથી આ દિશામાં પોતાના પ્રયાસો આદરી દીધેલ છે અને તેની ''શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ'' દ્વારા તે આ દિશામાં પ્રગતિ સાધી રહેલ છે. પ્રશ્ન એ છે કે સમાજની આ પ્રકારની વિવિધ સમિતિઓ : (૧) ઉચ્ચ શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ, (૨) સરસ્વતી સન્માન સમિતિ, (૩) શૈક્ષણિક લોન સમિતિ અને (૪) ઉચ્ચ શિક્ષણ લોન સમિતિને સમાજના અગ્રણીઓ કેટલું મહત્ત્વ આપે છે? વર્ષની શરૂઆતે સમાજમાં અનેક સમિતિઓનું ગઠબંધન થાય અને દરેક સમિતિ પોતાના ભાગે આવતી જવાબદારી નાના-મોટા કાર્યક્રમો યોજી તે જવાબદારી નિભાવવાનો સંતોષ મેળવે છે કે સમાજના અગ્રણીઓ આ પ્રકારની સમિતિઓના કાર્યમાં ઊંડો રસ લઈ, તેને પ્રોત્સાહિત કરી, તે સમિતિઓએ કરેલ ખર્ચને મૂડી રોકાણ સમજી, ભવિષ્યમાં તેના ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ ફાયદાને નફા સ્વરૂપે ગણે છે કે નહીં તે જોવાનું રહે છે. અગર ઉપરોક્ત સમિતિઓના કાર્યને અત્યારે અપાય છે તેના કરતાં પણ વધુ મહત્ત્વ અપાય, સમાજનો અગ્રણી વર્ગ આ સમિતિઓ સાથે વારંવાર ચર્ચા-વિમર્શ કરી, તેના કાર્યક્રમોને વધુને વધુ પ્રોત્સાહન આપવા પ્રયાસ કરે, આ સમિતિઓ દ્વારા કરવામાં આવતા ખર્ચને ભવિષ્યના ફાયદા સ્વરૂપે મૂડીરોકાણ સમજી, તેને વધુને વધુ પ્રોત્સાહન પૂરું પાડે તો આવતા ૧૦-૨૦ વર્ષના ટૂંકા ગાળામાં જ તેના અનેકગણા ફાયદા સમાજના દરેક પરિવારને મહેસૂસ થતા દેખાશે. સમાજનો આજનો વિદ્યાર્થી આવતીકાલનો **બીલ ગેઈટ્સ કે વોરન બફેટ** બની શકે તેવું પ્રોત્સાહન સમાજનો અગ્રણી વર્ગ કેમ પૂરું પાડી ના શકે?

ઉપરોક્ત ૪ સમિતિઓ ઉપરાંત યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ, લાઈબ્રેરી સમિતિ અને પર્યાવરણ સમિતિને પણ તેટલું જ મહત્ત્વ આપવું જરૂરી છે. દરેક સમિતિના કાર્યો સમાજને પ્રગતિની દિશા તરફ લઈ જવાના મહત્ત્વના પગલાં સ્વરૂપના છે. અગર સમાજનો અગ્રીમ વર્ગ આ પ્રવૃત્તિઓ પાછળ થતાં ખર્ચને, ખર્ચ તરીકે ના સમજી, સમાજ ઉત્થાનના મહત્ત્વના પાયા સ્વરૂપે સમજે તો આ પ્રકારના દરેક સમાજની પ્રગતિ આશ્ચર્યજનક પરિણામો આપી શકશે. જરૂર છે, માત્ર દરેક સમાજના અગ્રણીઓને આ પ્રકારની માનસિકતા કેળવવાની.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • સોમવાર, તા. ૨૬-૧-૨૦૧૫ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ધ્વજવંદનનો કાર્યક્રમ |
| • શુક્રવાર, તા. ૭-૨-૨૦૧૫ બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | વયસ્કો માટે રંગારંગ કાર્યક્રમ |

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિધ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે.*

# પ્રજાસત્તાક દિન
# રાષ્ટ્રીય તવારીખની તવારીખ જાણો....

● ભાવેન કચ્છી ●

૨૬ જાન્યુઆરીએ ગયા વર્ષે એક ટી.વી. ન્યુઝ ચેનલે કોલેજ કેમ્પસ, કોર્પોરેટ ઑફિસ અને પાર્ટી સર્કલના પરિંદાઓ સમક્ષ માઈક્રોફોન ધરીને ક્રિકેટના બાઉન્સરની જેમ અચાનક પ્રશ્ન ફેંક્યો કે આજના દિવસનું મહત્ત્વ શું? શેની ઉજવણી થાય છે?

તમને જાણીને આઘાત લાગશે કે દસમાંથી છને ખબર નહોતી. તેઓથી એમ જ બોલાઈ ગયું અને જાણે વળતો સવાલ પૂછતા હોય તેમ ઉત્તર આપ્યો કે "આજે આપણે આઝાદ થયા હતા!"

પ્રશ્ન પૂછનાર રીપોર્ટરે 'ક્લ્યુ' આપી કે "તો પછી ૧૫મી ઓગસ્ટ શું છે?" જરાપણ ક્ષોભ વગર ખીં ખીં કરતા આ આઝાદ ભારતના નાગરિકોએ ખભા ઉછાળીને લાંબું વિચારીને આબાદ તીર તાકતાં જણાવ્યું કે "ધેન રીપબ્લિક ડે સમથિંગ?"

જેમને ૨૬મી જાન્યુઆરી એટલે શું તે ખબર હતી તેઓનું સ્થાન શાળામાં એક માર્કની ખાલી જગ્યામાં એક માર્ક મેળવવા માટેનું એટલું જ સીમિત હતું કે 'પ્રજાસત્તાક દિન'. તમે જરા પ્રશ્નની ભીતરમાં જઈને કંઈક વધુ પ્રકાશ ફેંકવાનું કહો તો મગજની બત્તી ગુલ થાય તેમ અંધકાર પ્રવર્તે.

આવું થાય તેમાં કોઈનો દોષ નથી કેમ કે આપણને પરીક્ષાલક્ષી ઈતિહાસ જ ભણાવાયો છે. બાળપણથી એટલું જ ગોખેલું હતું કે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી રાષ્ટ્રીય અને તેના સિવાયના તમામ ધાર્મિક તહેવારો. આ બંને પ્રકારના તહેવારો અંગેના નિબંધમાં અમુક બાબત આંખ મિંચીને લખી જ નંખાતી કે "આ તહેવારના દિવસે બધા નવાં કપડાં પહેરે, મીઠાઈ ખાય અને ગામને શણગારવામાં આવે. જાહેર રજા હોઈ બધા એકબીજાને શુભેચ્છા આપે અને મેળા જેવું વાતાવરણ હોય."

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ પડતાં જ "બંધારણના ઘડવૈયા" તેવો ગોખેલ શબ્દ આવી જ જાય પણ પ્રજાસત્તાક દિન એટલે તેમના પ્રદાનની નીપજ એવા બંધારણના અમલીકરણનો ખરા અર્થમાં પ્રારંભથી માંડી બંધારણ, પ્રજાસત્તાક એટલે શું, તેમાં સમાવિષ્ટ બાબતો, દૃષ્ટિની જાણકારી રસપૂર્વક એકપણ પેઢીને નથી ભણાવાઈ.

આપણને પાયાના હક્કો આપીને રાજકીય પક્ષો મત માગે છે. જશ લેતા હોય ગૌરવ ગાથા તરીકે રજૂ કરીને મત માંગતા રહ્યા છે. પણ ખરેખર તો બંધારણ અન્વયે આ હક્કો તો નાગરિકને મળવા જ જોઈએ. સરકાર કે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળા, કોલેજો, હોસ્પિટલની ગુણવત્તા પશ્ચિમના દેશોની જેમ તમામ આર્થિક વર્ગના નાગરિકો તેની સેવા લઈ શકે તેવી માનવ ગૌરવને શોભે તેવી છે ખરી? જાહેર સાહસો અને સેવાઓ પણ અમાનવીય રીતે ઈરાદાપૂર્વક ખાડે લઈ જવાઈ છે. જેથી કોર્પોરેટ જાયન્ટસ અને ખાનગી કંપનીઓ તમામ સ્તરે ધંધો કરી શકે. બંધારણ અંતર્ગત આપણી ફરજો પણ છે.

આપણા દેશમાં પશ્ચિમના દેશો જેવી સિસ્ટમ નથી તેનું કારણ જ નાગરિકને આત્મગૌરવ જળવાય તેવા હક્કો કે ફરજોની સભાનતા નથી તે છે. અલબત્ત છેલ્લા વર્ષોમાં જાગૃતિ પ્રબળ બની છે.

પ્રત્યેક ચૂંટણીમાં અપાતાં વચનો અને ઢંઢેરા તો આપણા મૂળભૂત અધિકારો છે. ખેર, હવે એ જાણીએ કે પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરીએ જ કેમ? ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭માં આઝાદ થયા તે પછી પણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ સુધી આપણો દેશ ૧૯૩૫માં ઘડવામાં આવેલા ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ અંતર્ગત ચાલતો રહ્યો. આપણા નવરચિત બંધારણને દેશના પ્રતિનિધિઓએ (વિધાન પરિષદ) ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ મંજૂરી આપી દીધી હતી. સ્વતંત્ર ભારતના નવા બંધારણને આખરી ઑપ અપાઈ રહ્યો હતો ત્યારે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસે એક દૃષ્ટિવાન નિર્ણય લીધો કે પૂર્ણ સ્વરાજનો સંકલ્પ ઠરાવ ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ પસાર થયો હતો. ૨૬ જાન્યુઆરીના દિવસની કાયમી યાદ જળવાઈ રહે તેથી પ્રજાસત્તાક દિનની જાહેરાત પણ આ જ તારીખે કરવી.

બ્રિટિશરોએ ૧૯૩૫ અગાઉ ૧૯૧૯માં સૌપ્રથમ વખત ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ પસાર કર્યો હતો.

ભારતને ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજથી સાર્વભૌમ રાષ્ટ્ર જાહેર કરાયું. બંધારણમાં ન્યાય, સમાનતા અને સ્વાતંત્ર્ય જેવી ત્રણ બાબતોને પાયામાં રાખવામાં આવી છે. ભારત દેશને બંધારણની દૃષ્ટિએ સાર્વભૌમ અને લોકશાહી-ગણતંત્ર તરીકેના દાયરામાં મૂકવામાં આવ્યો હતો પણ ૧૯૭૬ના સુધારા અંતર્ગત તેમાં બિનસાંપ્રદાયિક અને સમાજવાદી જેવી લાક્ષણિકતાઓ પર ધ્યાન અપાશે તે ઉમેરાયું.

ભારતનું બંધારણ વિશ્વનું સૌથી દળદાર, ઊંડાણભર્યું અને વિસ્તૃત છે. બંધારણમાં ૨૨ વિભાગમાં ૩૯૫ આર્ટીકલ્સ અને ૮ શેડ્યુલ્સ હતા. તેમાં સમયાંતરે ઉમેરો કે સુધારો થતો રહ્યો છે. ૮૦,૦૦૦ શબ્દોના બંધારણને ઘડતા બે વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસ લાગ્યા હતા.

ભારત આઝાદ થયું તે પછી પ્રથમ ચૂંટણી થઈ ત્યાં સુધીના સાડા ત્રણ વર્ષ સુધી

*મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહલ વધારવામાં નથી, દુઃખના આંસુ લૂછવામાં છે.*

ઇન્ડિયન કોંગ્રેસે ૩૦ સભ્યોની ટીમ બનાવી. જેઓએ જવાબદારી વહેંચીને દેશનુ શાસન કર્યું અને ભારતના પ્રજાસત્તાક બંધારણ ઘડવા માટેની સમિતિને બહાલી આપી. ભારતની વિધાન પરિષદની યાદી પણ જાણી લો. નહેરુ, ડૉ. આંબેડકર, સરદાર પટેલ, સંજય ફક્કે, રાજગોપાલચારીજી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, કનૈયાલાલ મુન્શી, માવલંકર, સંદીપકુમાર પટેલ (આમની વધુ જાણકારી સંશોધકે મેળવવી જોઈએ), મૌલાના આઝાદ, શ્યામાપ્રસાદ મુખર્જી, નલિની રંજન ઘોષ, બળવંતરાય મહેતા, ક્રિષ્નામૂર્તિ ઐયર, બેનેગલ નારસિંગ જેવા પ્રભાવી નેતાઓ તો હતા જ પણ પ્રત્યેક વર્ગના પ્રતિનિધિને પરિષદમાં સ્થાન આપવામાં આવ્યું હતું. ફ્રેન્ક એન્થોની એંગ્લો ઈન્ડિયન જુથના, એચ પીમોદી પારસીઓના, હરેન્દ્ર કુમાર મુખર્જી લઘુમતી ખ્રિસ્તીના, અરિ બહાદુર ગુરૂંગ ગુરખાઓના પ્રતિનિધિ તરીકે સામેલ થયા. તે વખતે પણ મહિલાઓ પર વિશેષ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. સરોજીની નાયડુ, હંસા મહેતા, દુર્ગાબાઈ દેશમુખ, રાજકુમારી અમ્રિત કૌર અને વિજયાલક્ષ્મી પંડિત જેવી વિદુષીઓ ટીમમાં સામેલ કરાઈ હતી.

આઝાદીના કાઉન્ટ ડાઉનનું વાતાવરણ સર્જાયું તે સાથે જ આ પરિષદની રચના ડિસેમ્બર, ૧૯૪૬ થી આકાર પામતી હતી. મહાત્મા ગાંધીને આઝાદીમાં જ અને ત્યાં સુધીની યોજનામાં જ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાં રસ હતો. આથી જ તેઓ વિધાન પરિષદ (કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી)માં રસ કે સ્થાન નહોતા ધરાવતા.

બે દિવસ માટે આ પરિષદ મળી તે પૂરતા પ્રમુખ તરીકે ડૉ. સચ્ચિદાનંદ સિંહા જાહેર થયા. તે પછીથી ડૉ. રાજેન્દ્રપ્રસાદની નિમણૂક થઈ. આઝાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ પણ તેઓ જ બન્યા.

આઝાદીના આગલા દિવસથી એટલે કે ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ દેશના વહીવટ અને સુશાસન માટે જુદી જુદી કમિટીઓ બનાવવાની કવાયત શરૂ થઈ ગઈ હતી. ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ બંધારણ ઘડવા માટેની કમિટીની રચનાને આખરી સ્વરૂપ અપાયું હતું. તેના ચેરમેન તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર નિયુક્ત કરાયા હતા. તેમની સાથે છ સભ્યો ફાળવવામાં આવ્યા. જેમાં પંડિત ગોવિંદ વલ્લભપંત, કનૈયાલાલ મુન્શી (ભૂતપૂર્વ ગૃહપ્રધાન - બોમ્બે), આલાદી ક્રિષ્નાસ્વામી ઐયાર (ભૂતપૂર્વ ઍડવોકેટ જનરલ - મદ્રાસ), એન. ગોપાલસ્વામી આયંગર (કાશ્મીરના ભૂતપૂર્વ વડાપ્રધાન), બી. એલ. મિત્તર (ભૂતપૂર્વ ઍડવોકેટ જનરલ - બ્રિટિશ શાસિત ભારત), એમ. ડી. સાદુલ્લાહ (આસામના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને મુસ્લીમ લીગના સભ્ય) અને ડી. પી. ખૈતાને (ઉદ્યોગપતિ અને ધારાશાસ્ત્રી) જોરદાર ટીમવર્કની ભાવના બતાવી મેરેથોન, લાજવાબ બંધારણ ઘડી કાઢ્યું. બંધારણની ટીમના સલાહકાર તરીકે સર બેનેગલ નારસિંગ રાઉ હતા. તેઓ ૧૯૫૦ થી ૧૯૫૪ દરમ્યાન ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસના પ્રથમ ભારતીય જજ તરીકે નિયુક્ત થયા હતા. તેના પરથી તેમની દૃષ્ટિનો કેવો લાભ મળ્યો હશે તે સમજી શકાય તેમ છે. મહારાજા ઓફ વડોદરાના કાયદાકીય સલાહકાર માધવરાવ, ટી.ટી. ક્રિષ્નાચારીએ પણ યોગદાન આપ્યું. બે વર્ષ ૧૧ મહિના, ૧૮ દિવસના સમયગાળામાં ૧૬૬ દિવસ દરમ્યાન તેઓ અને વિધાન પરિષદના સભ્યો બંધારણ માટે રોજ મળતા. જુદા જુદા ૨૦૦૦ સુધારા સૂચનો થતા રહ્યા. નાગરિકો પણ તેમની રીતે મંતવ્યો આપી શકતા હતાં.

બંધારણની મુખ્ય નકલ ખૂબ જ મરોડદાર કલાત્મક હાથ વડે લખાયેલા અક્ષરોની બનાવાઈ જે માટે કલકત્તાના શાંતિ નિકેતનથી ખાસ લહિયાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સમગ્ર વિધાન પરિષદનો આઝાદીની પ્રથમ ચૂંટણી સુધીનો વહિવટી તેમજ પગાર વગેરેનો કુલ ખર્ચ રૂ. એક કરોડ થયો હતો. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ થી ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ સુધીમાં બંધારણમાં ૯૮ વખત સુધારા કરવામાં આવ્યા છે. અન્ય ૨૨ દરખાસ્તને બંને ગૃહોની મંજૂરીના મળતાં પરત કરાયા છે.

બ્રિટિશ, અમેરિકન, કેનેડા, આયર્લેન્ડ, જર્મની અને ઑસ્ટ્રેલિયાના બંધારણનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને ભારતનું બંધારણ ઘડાયું છે.

આમ ભારતનું બંધારણ અને ન્યાયિક કલમો તો બુલંદ છે પણ તેના અમલીકરણની દાનત વર્ષોત્તર રાજકારણીઓમાં નથી. નાગરિકો ફરજ કે હક્કો અંગે જાગૃત નથી.

૨૬ જાન્યુઆરી ક્યારેક રવિવારે આવતાં ભારતીયોને એક રજા કપાઈ ગયાનો વસવસો રહે છે. આપણે જેટલું આપણી આઝાદી અને ભાગલા વિશે જાણીએ છીએ તેટલી ૨૬ જાન્યુઆરીની મહત્તા પરત્વે ઉત્સુકતા નથી.

***(સૌજન્ય : ગુજરાત સમાચાર)***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : કેન્ટીન સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી અને શ્રી કચ્છી જૈન વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે છેલ્લાં દસેક વર્ષથી કેન્ટીન કાર્યરત છે. જેમાં દરરોજના ૨૫૦થી ૩૦૦ વ્યક્તિઓ લાભ લે છે. આ કેન્ટીન ચલાવવા માટેનો કોન્ટ્રાક્ટ ૧લી એપ્રિલ, ૨૦૧૫થી રીન્યુ કરવાનો છે. તો ઈચ્છા ધરાવનાર વ્યક્તિએ ચા - દૂધ - કોફી, ઠંડા પીણા, મિનરલ વોટર, સવારના વિવિધ નાસ્તા, બપોરના અને સાંજના ભોજનમાં આપવા માંગતી વાનગીઓનું લિસ્ટ અને તેના ભાવો સાથે વિગતવાર માહિતીની અરજી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મેનેજરશ્રીને સુપરત કરવા નિવેદન છે.

***કન્વીનર : મણિલાલ ગોસર - કેન્ટીન સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

***પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.***

# આઝાદી બાદ ભારતમાં આદિજાતિઓનો ઉત્કર્ષ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ઇ.સ. ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ભારતની વસતી ૧૨૧ કરોડની થવા પામી છે. જેમાં આદિજાતિ વસતી ૮.૪૩ કરોડની છે. જે અંદાજિત ૭ ટકા થાય. જ્યારે ગુજરાતની વસતી ૬.૪ કરોડની થઈ છે, જેમાં આદિજાતિ વસતી ૯૦ લાખની નજીક પહોંચી. તે ૧૫ ટકા જેટલી થઈ છે. ભારતમાં વિવિધ રાજ્યોમાં આદિવાસીઓની વસતીમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા પછી ગુજરાત ચોથા ક્રમે છે. ગુજરાતમાં અંબાજીથી ઉમરગામ સુધીના પહાડો અને રાજ્યની પૂર્વપટ્ટીમાં ૧૨ જિલ્લા તથા ૪૩ તાલુકાઓમાં આદિવાસીઓની વસતી છે.

## • ગુજરાતમાં પ્રજા :

આ આદિજાતિના સઘન વસતી ધરાવતા ૧૨ જિલ્લાઓને ૧૨ પ્રાયોજના વિસ્તારમાં વહેંચવામાં આવ્યા છે : (૧) પાલનપુર - બનાસકાંઠા, (૨) ખેડબ્રહ્મા - સાબરકાંઠા, (૩) દાહોદ - દાહોદ, (૪) ગોધરા - પંચમહાલ, (૫) છોટા ઉદેપુર - વડોદરા, (૬) રાજપીપળા - નર્મદા, (૭) ભરૂચ - ભરૂચ, (૮) માંડવી - સુરત, (૯) સોનગઢ - તાપી, (૧૦) વાંસદા - નવસારી, (૧૧) વલસાડ - વલસાડ, (૧૨) આહ્વા - ડાંગ.

આદિવાસી એટલે આદિવેશ — શરૂઆતના સમયથી વસનારા. ભારતીય આદિવાસી તરીકે જનજાતિ કે આદિજાતિ ઓળખાય છે. અનુસૂચિત જાતિને ''દલિતો'' તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે અનુસૂચિત જનજાતિને આદિવાસી તરીકે સંબોધવામાં આવે છે. બંને સમુદાયો આપણા દેશમાં વંચિત સમાજનો એક ભાગ છે.

## • જનબંધુ યોજના :

ઇ.સ. ૨૦૦૧માં ગુજરાતની નૂતન સરકારે શ્રી નરેન્દ્ર મોદીની રાહબરી હેઠળ સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ વિધાનસભામાં નિયમ-૪૪ હેઠળનું નિવેદન કરીને ''વનબંધુ કલ્યાણ યોજના''ની જાહેરાત કરી. ઇ.સ. ૨૦૦૭-૦૮થી ૨૦૧૧-૧૨ સુધીમાં આ યોજના અંતર્ગત ૧૭ હજાર કરોડનો ખર્ચ થયો છે. ૨૦૧૨-૧૩ના એક વર્ષ માટે રૂા. ૬૬૨૩ કરોડની જોગવાઈ કરી છે.

આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અર્થે ૧૦ મુદ્દાનો કાર્યક્રમ અપાયો. જેમાં પાંચ લાખ પરિવારો માટે રોજગારી, ગુણવત્તાવાળું શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણ પર ભાર, આદિજાતિ વિસ્તારોમાં વેગવંતો વિકાસ, સૌને માટે આરોગ્ય, સૌને માટે ઘર, સૌને માટે પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તાઓ, વીજળીકરણ અને શહેરી વિકાસ સમાવિષ્ટ છે.

## • આદિવાસીઓ માટે શૈક્ષણિક વિકાસ યોજનાઓ :

આદિવાસી બાળકોના ઉત્કર્ષ અર્થે ''વિદ્યા સહાય યોજના'' અસ્તિત્વમાં છે. આદિજાતિના મેધાવી વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ ફૂલ યોજના અંતર્ગત ધોરણ-૬થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં ૧૭૪ જેટલા વિદ્યાર્થીઓનો સંપૂર્ણ ખર્ચ ગુજરાત સરકાર ભોગવે છે. અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ-ઈન એઈડના ધોરણે આવતાં ૬૪૯ છાત્રાલયોમાં ૪૩,૭૮૩ વિદ્યાર્થીઓ લાભ મેળવે છે.

## • આદિવાસી છાત્રો માટે શાળા વ્યવસ્થાપન :

| ક્રમ | શાળાઓની સંખ્યા અને નામ | અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૫૪૯ આશ્રમશાળાઓ | ૭૨,૬૦૬ |
| ૨. | ૪૪ આદર્શ નિવાસી શાળાઓ | ૬,૭૭૯ |
| ૩. | ૧૭ કન્યા નિવાસી શાળાઓ | ૪,૧૬૮ |
| ૪. | ૧૨ મોડેલ ડે સ્કૂલ | ૨,૧૨૫ |
| ૫. | ખેરૈયા સૈનિક શાળા | ૨૫૩ |

ઇ.સ. ૨૦૦૭ પછી ૪૩ આદિવાસી તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની કુલ ૯૫ શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આજે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ ૧૮ છે. વિદેશમાં અભ્યાસ માટે ૧૦.૫૬ કરોડનો ખર્ચ થયેલ છે.

## • આદિવાસી છાત્રોનો વિદેશમાં અભ્યાસ

| ક્રમ | દેશનું નામ | અભ્યાસ કરનારની સંખ્યા |
|---|---|---|
| ૧. | યુ.એસ.એ. | ૭ |
| ૨. | કેનેડા | ૬ |
| ૩. | ઓસ્ટ્રેલિયા | ૧૬ |
| ૪. | યુ.કે. | ૨૪ |
| ૫. | રશિયા - યુક્રેન | ૪૨ |
| ૬. | ચીન | ૧૦ |
| ૭. | પેરીસ | ૧ |
| ૮. | ન્યુઝીલેન્ડ | ૧ |

*સજા આપવાનો અધિકાર માત્ર તેને જ છે, જે પ્રેમ કરે છે.*

**• કન્યા કેળવણી :**

સેલ્ફ ફાઈનાન્સ યોજના હેઠળ જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ ૧૮૯૪ જેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને ૨૦૧૨-૧૩માં રૂા. ૧૧૩૬.૨૪ લાખ ફી શિષ્યવૃત્તિ અપાઈ છે. વનબંધુ યોજના અંતર્ગત વિદ્યા સાધના યોજના હેઠળ આદિવાસી કન્યાઓને મફત સાઈકલ વિતરણ કરાયું છે. ધોરણ-૮ માં ભણતી કન્યાઓને આ સહાય અપાઈ છે.

**• આદિજાતિ કન્યાઓને સાઈકલ વિતરણ**

| ક્રમ | જિલ્લાનું નામ | સાઈકલ વિતરણ ખર્ચ (રૂપીયા લાખમાં) | કન્યા સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સુરત | ૯૧.૭૨ | ૩૮૫૧ |
| ૨. | તાપી | ૧૧૩.૪૩ | ૫૦૯૬ |
| ૩. | સાબરકાંઠા | ૨૮.૦૦ | ૧૧૪૬ |

આદિવાસી યુવાન દીકરા - દીકરીઓ માટે પાઈલોટ બનવા ૧૫ જેટલા યુવાનોને રૂા. ૧૩૫ લાખની લોન અપાઈ છે.

**• આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણ :**

આ વિસ્તારોમાં ખાસ તો "જ્યોતિગ્રામ યોજના" હેઠળ ૨૪ કલાક વીજળી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ૧,૭૧,૧૪૫ ઘરો કુટીરોમાં રૂા. ૫૦.૧૫ કરોડના ખર્ચે વીજળીની સગવડ આદિજાતિ વિસ્તારોને અપાઈ છે. ઈ.સ. ૧૯૯૦થી ૨૦૦૦ સુધી ૨૦,૦૦૦ કૂવાઓ, વર્ષ ૨૦૦૦થી ૨૦૧૨ દરમ્યાન ૯૨,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ થવા પામ્યું છે.

**• આદિજાતિ વિસ્તારોમાં માર્ગ વ્યવસ્થા :**

૨૫૦થી ઓછી વસતી ધરાવનાર ગ્રામ્ય પ્રદેશને પાકા રસ્તાની સુવિધા મળે તેવા પ્રયત્નો સરકારે હાથ ધર્યા છે. વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી બારમાસી રસ્તાઓ માટે રૂા. ૨૬૯૬ કરોડના ખર્ચે ૯,૮૭૧ કિ.મી. રસ્તાનું નિર્માણ થયું. રસ્તાઓની કુલ લંબાઈ રાજ્યમાં ૭૪,૧૧૨ કિ.મી. છે. જ્યારે આદિજાતિ વિસ્તારમાં ૧૬,૬૫૮ કિ.મી.ના રસ્તા થયા છે.

**• પીવાનું પાણી તથા સિંચાઈ :**

ઈ.સ. ૨૦૦૧માં માત્ર ૪૮,૬૦૦ કુટુંબોને ઘર સુધી પીવાનું પાણી મળતું. આજે ૬.૯૩ લાખ આદિવાસી પરિવારો ઘર સુધી પીવાના પાણીનો લાભ લઈ રહ્યા છે. સિંચાઈ નહેર સુધારણા અંતર્ગત ૧ લાખ ૨૬ હજાર ૩૫૭ હેક્ટર જમીનને સિંચાઈની સવલતો આપવામાં આવી છે. આદિજાતિ વિસ્તારોમાં ચેકડૅમો, વોટર શેડ આધારિત જળ સંગ્રહની વ્યવસ્થા સાથે કૂવાઓ પર ઓઈલ એન્જિન, ટપક પધ્ધતિ માટે ધીરાણ ઉપલબ્ધ છે.

**• આદિવાસીઓ માટે આરોગ્ય સુખાકારી :**

પરંપરાગત સમયથી નાની-મોટી માંદગીમાં આદિવાસીઓ મહદ્ અંશે વનસ્પતિઓનો ઉપયોગ કરતાં. જેમાં આજે થોડો ઘટાડો જોવા મળે છે. તાવ આવે ત્યારે લીમડાનો રસ પીવામાં આવે. ડાયેરિયા થાય ત્યારે આંબાની છાલનો ભૂક્કો કરી પીવે. વાગેલા ઘા પર ધાબાજરિયું લગાડે. ચામડીના રોગો પર ગલકીનો રસ લગાવે. હાથ-પગ મચકોડાઈ જાય તો આવળ કે આકડાના પાન બાફીને લગાવે. મોઢામાં ચાંદી પડે તો ચણોઠીના પાન ચાવે. ભૂવા - જાગરિયાઓ પાસે રોગ મટાડવા મંત્ર-તંત્ર જે કંઈ, તે બતાવે, તે ઉપાયો કરે. હાલે સીકલસેલ એનિમિયા આદિજાતિ વિસ્તારોના પાંચ જિલ્લામાં જોવા મળે છે. વર્ષ ૨૦૧૩-૧૪ માટે આ વિસ્તારોના આરોગ્ય અને પરિવારોના કલ્યાણ કાર્યક્રમ માટે રૂા. ૬૬૩.૮૫ કરોડની જોગવાઈ છે.

**• વન અધિકાર નિયમ – ઇ.સ. ૨૦૦૬ :**

અનુસૂચિત જનજાતિ અને પરંપરાગત વનવાસીઓને વન અધિકાર માન્યતા આપવા આ ધારો તા. ૧-૧-૨૦૦૮થી અમલી બન્યો છે. કુલ ૧,૮૨,૮૬૯ વ્યક્તિગત હક્કદાવા મંજૂર કરવામાં આવ્યા છે.

**• કૃષિ વૈવિધ્યકરણ અને ડેરી પ્રોજેક્ટ :**

ગરીબી રેખા નીચે જીવતા લાભાર્થીઓને દૂધાળા પશુઓની ખરીદી માટે રૂા. ૨૦,૦૦૦ સુધીની લોન મંજૂર કરવામાં આવે છે. ચાલુ વર્ષે કુલ ૯,૯૨૫ લાભાર્થીઓને રૂા. ૧૯.૬૨ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે. બે લાખ દસ હજાર ખેડૂતોને અદ્યતન કૃષિ તાલીમ કૃષિ વૈવિધ્યકરણ અર્થે અપાઈ છે. ડેરી પ્રોજેક્ટ અંતર્ગત ૧૭,૪૪૧ લાભાર્થીઓને દૂધાળા પશુઓ ખરીદવા, પશુઓની સારવાર આદિ માટે સાધન સહાય પણ આપવામાં આવે છે.

**• મકાન બાંધકામ અને કાનૂની સહાય :**

હળપતિ ગૃહ નિર્માણ માટે રૂા. ૫૪,૫૦૦ સુધીની લોન અપાય છે. જે જમીન વિહોણા આદિજાતિના ખેતમજૂરોને ઉપયોગી બની રહી છે. રૂા. ૧૨,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા આદિજાતિના લોકોને દીવાની અને ફોજદારી કેસોમાં વકીલની ફી, કોર્ટ ફી અર્થાત્ સ્ટેમ્પ ફી અને કન્ટીજન્સી ખર્ચ માટે સહાય અપાય છે. અનુસૂચિત જનજાતિના કાયદાના સ્નાતકોને સિનિયર વકીલના હાથ નીચે પ્રેક્ટીસ કરવા માટે ૨૦૧૨ સુધીમાં રૂા. ૧.૨૭ કરોડનું સ્ટાઈપેન્ડ ૪૦૦ કાયદા સ્નાતકોને અપાયું. આદિજાતિની કન્યાઓના સમૂહ લગ્નો માટે રૂપિયા દસ હજારનું "શ્રીનિધિ બોન્ડ" યુગલને અપાય છે. "કુંવરબાઈનું મામેરૂં" યોજના અંતર્ગત રૂા. ૧૦,૦૦૦/-ની સહાય અપાય છે.

ગુજરાત સરકારશ્રીની આદિવાસી પ્રજાના સર્વાંગી વિકાસ માટેની અનેક લાભાન્વિત અને ફળદાયી યોજનાઓના સુંદર પરિણામો મળી રહ્યા છે.

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

*ઈશ્વરની કરણીમાં આસ્થા રાખો અને ધીરજ રાખો.*

# ભારતરત્ન ઍવોર્ડ : રસપ્રદ હકીકતો અને માહિતી

• નીલેશ વી. મહેતા - ભુજ •

★ ભારત રત્ન એ ભારત સરકાર તરફથી આપવામાં આવતું સૌથી મોટું સન્માન છે. કોઈપણ એક ક્ષેત્રે ખૂબ જ મોટું પ્રદાન કે ફાળો આપનાર વ્યક્તિ આ સન્માન માટે પસંદ કરવામાં આવે છે.

★ મેડલનો દેખાવ પીપળના પાન જેવો હોય કે જેના પર દેવનગરી ભાષામાં 'ભારત રત્ન' લખાયેલું હોય છે.

★ ૨ જાન્યુઆરી, ૧૯૫૪ના રોજથી ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે આ ઍવોર્ડની શરૂઆત કરેલી. એ સમયે ફક્ત જીવિત વ્યક્તિઓને દેશસેવા માટે આ ઍવોર્ડ એનાયત કરવામાં આવતો.

★ મૃત્યુ પછી ભારત રત્ન મેળવનાર પ્રથમ વ્યક્તિ લાલ બહાદુર શાસ્ત્રી હતા.

★ વલ્લભાઈ પટેલને તેમના મૃત્યુ પછી, ૪૧ વર્ષે એટલે કે ૧૯૯૧માં ભારત રત્ન એનાયત થયેલો.

★ ગુલઝારીલાલ નંદા એ સૌથી મોટી ઉંમરના જીવિત વ્યક્તિ (૯૯ વર્ષ) હતા જેમને ભારત રત્ન આપવામાં આવેલો.

★ આજ દિવસ સુધી કુલ ૪૩ લોકોને 'ભારત રત્ન' ઍવોર્ડ આપાયો છે. જેમાં ૨ ઍવોર્ડ વિદેશી નાગરિકો નેલ્સન મંડેલા (૧૯૯૦) અને ખાન અબ્દુલ ગફાર ખાનને (૧૯૮૭) પણ મળેલા.

★ સુભાષચંદ્ર બોઝને ૧૯૯૨માં ભારત રત્ન આપવામાં આવેલો જેને વિવાદોના (સુભાષચંદ્ર બોઝના મૃત્યુનો કોઈ પુરાવો ન હોવાથી) કારણે પરત ખેંચી લેવાયો હતો. ઈતિહાસની આ એકમાત્ર એવી ઘટના છે કે જેમાં ભારત રત્ન ઍવોર્ડ અપાયા બાદ પરત ખેંચવામાં આવ્યો હતો.

• **અત્યાર સુધી 'ભારતરત્ન' ઍવોર્ડ મેળવનાર મહાનુભાવો :**

| રાષ્ટ્રપતિઓ | |
|---|---|
| ૧૯૫૪ | સર્વપલ્લી રાધાક્રિશ્નન |
| ૧૯૬૨ | રાજેન્દ્ર પ્રસાદ |
| ૧૯૬૩ | ઝાકિર હુસૈન |
| ૧૯૭૫ | વી.વી. ગિરી |
| ૧૯૯૭ | ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ |

| વડાપ્રધાનો | |
|---|---|
| ૧૯૫૫ | જવાહરલાલ નેહરુ |
| ૧૯૬૬ | લાલબહાદુર શાસ્ત્રી |
| ૧૯૭૧ | ઈન્દિરા ગાંધી |
| ૧૯૯૧ | મોરારજી દેસાઈ |
| ૧૯૯૧ | રાજીવ ગાંધી |
| ૧૯૯૭ | ગુલઝારી લાલ નંદા |
| ૨૦૧૪ | અટલ બિહારી બાજપેયી |

| મુખ્યમંત્રીઓ | |
|---|---|
| ૧૯૫૭ | ગોવિંદ વલ્લભ પંત (ઉ.પ્ર.) |
| ૧૯૬૧ | બિધન ચન્દ્ર રોય (પ.બંગાળ) |
| ૧૯૭૬ | કે. કામરાજ (તમિલનાડુ) |
| ૧૯૮૮ | એમ. જી. રામચંદ્રન (તમિલનાડુ) |
| ૧૯૯૯ | ગોપીનાથ બોર્ડોલોઈ (આસામ) |

| વૈજ્ઞાનિકો | |
|---|---|
| ૧૯૫૪ | સી. વી. રામન (ભૌતિકશાસ્ત્રી) |
| ૨૦૧૪ | સી. એન. રાવ |

| આઝાદીના લડવૈયાઓ | |
|---|---|
| ૧૯૫૪ | સી. રાજગોપાલાચારી |
| ૧૯૫૫ | ભગવાનદાસ |
| ૧૯૬૧ | પુરુષોત્તમદાસ ટંડન |
| ૧૯૮૩ | વિનાબા ભાવે |
| ૧૯૯૧ | સરદાર વલ્લભભાઈ પટેલ |
| ૧૯૯૨ | અબ્દુલ કલામ આઝાદ |
| ૧૯૯૭ | અરુણા અસફ અલી |
| ૧૯૯૮ | ચિદમ્બરમ સુબ્રમણિયમ |
| ૧૯૯૮ | જય પ્રકાશ નારાયણ |
| ૨૦૧૪ | ડૉ. મદનમોહન માલવિયા |

## 'ભારત રત્ન'નું સ્વરૂપ

★ ભારતનું સર્વાધિક સન્માન 'ભારતરત્ન'નો આકાર પીપળાના પાનને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.

★ સંસ્કૃત અને સંસ્કૃતિના દેશ તરીકે ભારતરત્ન લખવા માટે દેવનગરી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

★ શરૂઆતના પદકનો આકાર સૂર્ય જેવો હતો અને અંદાજે તે ૩૫ મીમી વ્યાસનું હતું. હાલના પદકની લંબાઈ ૫.૮ સેમી. અને પહોળાઈ ૪.૭ સેમી. જેવી છે.

★ આગળના ભાગમાં પીપળાના પાનના આકાર પર સૂર્ય જેવો તેજસ્વી ગોળાકાર બનાવવામાં આવ્યો છે જ્યારે પાછળના ભાગમાં રાષ્ટ્રીય ચિહ્ન ઉપરાંત 'સત્યમેવ જયતે'નું સુત્ર લખવામાં આવ્યું છે.

★ ભારતરત્ન વિજેતાને પહેરાવવા માટે તૈયાર કરવામાં આવતી પટ્ટી બે ઇંચની પહોળાઈ ધરાવે છે.

*ઉતાવળે ગુસ્સામાં કરેલું કામ નાશ નોતરે છે.*

**આધુનિક ભારતના ઘડવૈયા**

| | |
|---|---|
| ૧૯૫૫ | મોક્ષાગુંડમ વિશ્વેશ્વરાય |

**શિક્ષણશાસ્ત્રી / સમાજ સુધારક**

| | |
|---|---|
| ૧૯૫૮ | ધોંડો કેશવ કર્વે |

**ધર્મશાસ્ત્રી**

| | |
|---|---|
| ૧૯૬૩ | પાંડુરંગ વામન કાલે |

**વિદેશી નાગરિકો**

| | |
|---|---|
| ૧૯૮૦ | મધર ટેરેસા |
| ૧૯૮૭ | ખાન અબ્દુલ ગફાર ખાન |
| ૧૯૯૦ | નેલ્સન મંડેલા |

**ગાયકો**

| | |
|---|---|
| ૧૯૯૮ | એમ. એસ. સુબ્બુલક્ષ્મી |
| ૨૦૦૧ | લતા મંગેશકર |
| ૨૦૦૯ | ભીમસેન જોશી |

**અર્થશાસ્ત્રીઓ**

| | |
|---|---|
| ૧૯૯૦ | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| ૧૯૯૯ | અમાર્ત્ય સેન |

**વાદ્યશાસ્ત્રી**

| | |
|---|---|
| ૧૯૯૯ | રવિશંકર (સિતાર) |
| ૨૦૦૧ | બિસમિલ્લાહ ખાન (શેહનાઈ) |

**ઉદ્યોગપતિ**

| | |
|---|---|
| ૧૯૯૨ | જે.આર.ડી. ટાટા |

**સ્પોર્ટસ**

| | |
|---|---|
| ૨૦૧૪ | સચિન તેંડુલકર (ક્રિકેટ) |

**અન્ય**

| | |
|---|---|
| ૧૯૯૨ | સત્યજિત રે |

- **'ભારત રત્ન' મેળવનાર વ્યક્તિને મળતા વિશિષ્ટ લાભ:**

★ ભારતભરમાં વિમાનમાં ફરવા માટેની ફ્રી ફર્સ્ટ ક્લાસ ફ્લાઈટ

★ ફ્રી ફર્સ્ટ ક્લાસ ટ્રેનનો પ્રવાસ.

★ ભારતના વડાપ્રધાનના પગારની ૫૦% કે તેના બરાબર જેટલી રકમનું પેન્શન.

★ સંસદની બેઠક અને કાર્યવાહી દરમિયાન હાજર રહી શકે.

★ કેબિનેટ કક્ષાનો ક્રમાંક આપવામાં આવે

★ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યના ગવર્નર, પૂર્વ રાષ્ટ્રપતિઓ અને ઉપવડાપ્રધાનો, લોકસભા સ્પીકર અને ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા પછી દેશના 'સાતમા ક્રમાંક' ના અતિ મહત્ત્વના વ્યક્તિ તરીકે 'ભારત રત્ન' મેળવનારની ગણતરી કરવામાં આવે છે.

★ જરૂર પડે તો 'Z' કેટેગરીની સુરક્ષા મેળવી શકે.

★ પ્રજાસત્તાક દિન અને સ્વતંત્ર દિને ખાસ મહેમાન બની શકે.

★ VVIP ના બરાબર દરજ્જો મળે.

★ 'ભારત રત્ન' મેળવનાર વ્યક્તિના સગા-સંબંધીમાંથી કોઈપણ વ્યક્તિને સરકારી નોકરી મળી શકે. ■

☺ *માણસને પોતાની પાસે રહેલી આ ચાર વસ્તુઓથી ક્યારેય સંતોષ નથી થતો : (૧) મોબાઈલ, (૨) ઓટોમોબાઈલ, (૩) ટી.વી., (૪) વાઈફ. કારણકે એનાથી સારા મોડેલ પાડોશી પાસે હોય છે.* ☺

## "મંગલ મંદિર" નિયમિતપણે પોસ્ટ દ્વારા ન મળવા બાબત

'મંગલ મંદિર' નિયમિતપણે દર મહિનાની ૫ તારીખે તેના બધા જ ગ્રાહકોને અચૂકપણે પોસ્ટ કરવામાં આવે છે. વર્ષોથી આ પ્રથા કોઈપણ જાતની શરતચૂક વગર અપનાવવામાં આવેલ છે. પોસ્ટ ખાતા દ્વારા રજિસ્ટ્રેશન મેળવી પોસ્ટ ખાતા દ્વારા જ મેગેઝિન મોકલવાનું કારણ એ હોય છે કે કુરિયરના ચાર્જિસ કરતાં તેના દરો ખૂબ જ ઓછા હોય છે. કુરિયરના ચાર્જિસ મેગેઝિન પ્રકાશન કરતી કોઈપણ સંસ્થાને અથવા તો તેના ગ્રાહકને પરવડી શકે નહીં અને તેથી કોઈપણ મેગેઝિન પોસ્ટ કરવાની આ જ પધ્ધતિ અપનાવવામાં આવે છે.

ઉપરોક્ત હકીકત રજૂ કર્યા બાદ જણાવવાનું કે અનેક ગ્રાહકોને "મંગલ મંદિર" પોસ્ટ કર્યા બાદ ૨૦-૨૫ દિવસે અથવા તો તેનાથી પણ મોડા મળે છે અથવા તો મળતા જ નથી. આ પ્રકારની ફરિયાદ અમને દર મહિને અનેક ગ્રાહકો તરફથી મળતી રહે છે. ઉપરોક્ત ફરિયાદના અનુસંધાનમાં જણાવવાનું કે જે ગ્રાહકોને જે માસનો અંક ના મળે, તેઓ ત્યાંની પોસ્ટ ઓફિસમાં લેખિત સ્વરૂપે રજૂઆત કરે અને તેની એક નકલ અમારા પર મોકલી આપે. જેથી એ ફરિયાદ અત્રે સ્થાનિકે જે પોસ્ટ ઓફિસમાંથી "મંગલ મંદિર"ના અંકો પોસ્ટ કરીએ છીએ ત્યાં લેખિત સ્વરૂપે રજૂ કરી શકીએ.

સામાન્યપણે અહીંની પોસ્ટ ઓફિસવાળા એ જવાબ આપે છે કે અમે બધા અંક જે તે સ્થળે મોકલી આપેલ છે અને સામા છેડાની પોસ્ટ ઓફિસ સીધો જવાબ આપે છે કે અમારી પાસે જે ટપાલ આવે છે તેની અમે ડિલીવરી કરી જ દઈએ છીએ. આ જવાબોની વચ્ચે, તકલીફ ગ્રાહકોને થાય છે.

આથી દરેક ગ્રાહકને સૂચના આપવામાં આવે છે કે તેઓને ન મળતા અંકોની ફરિયાદ પોતાની પોસ્ટ ઓફિસમાં કરી તેની એક નકલ અમારા પર મોકલી આપે. જેથી અમે અહીંની પોસ્ટ ઓફિસમાં આગળની કાર્યવાહી કરી શકીએ.

આ બાબતે મહેરબાની કરીને કોઈ પણ ગ્રાહકે અમને ફોન પર ફરિયાદ કરવી નહીં કેમકે ફોન પર ફરિયાદ કરવાથી અમે પણ પ્રશ્નના ઉકેલ માટેના પ્રયાસ કરી શકીશું નહીં.

***મુખ્યતંત્રી – 'મંગલ મંદિર', શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# તમારું પ્રિય પુસ્તક કયું? તમારી પ્રિય ફિલ્મ કઈ?

• ડૉ. યાસીન દલાલ •

અંગ્રેજીમાં એક કહેવત છે, 'માણસને પારખવો હોય તો એ કેવા મિત્રો રાખે છે, એ પારખી લો.' એક બીજી ઉક્તિ છે, 'માણસ કેવાં પુસ્તકો વાંચે છે, એના પરથી એના વ્યક્તિત્વનો ખ્યાલ આવી શકે છે.' જ્યોતિષીઓ માણસ કેવા હશે, એ જાણવા માટે એના ગ્રહો, એની કુંડળી, એના શરીર પરનાં નિશાનની ચર્ચા કરે છે અને મનોવિજ્ઞાનીઓ કહે છે કે, માણસના હસ્તાક્ષર પરથી એના સ્વભાવનો, એના સમગ્ર ચરિત્રનો નકશો મળી શકે છે.

આ પ્રક્રિયા આગળ વધારી શકાય. માણસ શું વાંચે છે, કેવાં પુસ્તકો વાંચે છે, એની જેમ જ માણસ કેવી ફિલ્મો જુએ છે, કેવાં ગીતો પસંદ કરે છે, એની પસંદના અભિનેતા-અભિનેત્રી કોણ છે? એની વિગતો જાણીને પણ એના વ્યક્તિત્વનો અંદાજ લગાવી શકાય. સાહિત્ય, કળા, સંગીતની બાબતમાં માણસની રૂચિ જેમ જેમ ઊંચી, તેમ એના વ્યક્તિત્વની કક્ષા પણ ચોક્કસ ઊંચાઈને આંબી શકે છે.

સાહિત્ય અને કળાઓ પસંદગીની બાબતમાં એકમેકના ક્ષેત્રમાં દાખલ કરે છે અને એમાંથી ક્યારેક ભારે રસપ્રદ પરિણામો સર્જાય છે. કોઈ ઊંચા ગજાના લેખકની મનગમતી ફિલ્મોની કક્ષા પણ ઊંચી જ હોવી જોઈએ, પણ એવું હંમેશાં બનતું નથી. કોઈ ઊંચા સંગીતકારનો પ્રિય લેખક પણ ઊંચો હોવો જોઈએ, પણ એવું ઘણીવાર બનતું નથી. પરિણામે, એમ. એફ. હુસેનને 'મેરા પિયા ઘર આયા' બોલતાં બોલતાં કમરેથી બેવડી વળી જતી માધુરી દીક્ષિતમાં મધુબાલાના દર્શન થાય છે! વાસ્તવમાં, મધુબાલાની સરખામણી માધુરી સાથે કરવી, એમાં માત્ર સૌંદર્યનું જ નહીં, પણ અભિનયનું પણ અપમાન છે. હુસેન સાહેબની બુદ્ધિ સાઠને બદલે એંસી વર્ષે નાઠી કે શું, એવો પ્રશ્ન કોઈને પણ થઈ જાય. અમદાવાદમાં હુસેનસાહેબ અને બાલકૃષ્ણ દોશીના સન્માનનો સમારંભ હતો. શ્રોતાઓ હુસેનસાહેબના દિદાર માટે આતુર હતા, પણ સન્માનપત્રક લેવા માટે હુસેન ડોકાયા જ નહીં. એમના વતી એમના દીકરાએ સન્માનપત્ર સ્વીકાર્યું. હુસેનસાહેબ કુટુંબ સાથે અમદાવાદ તો પધાર્યા જ હતા. તો પછી, સમારંભમાં કેમ નહીં આવ્યા? એમના દીકરાએ ખુલાસો કર્યો, એ શહેરના એક સિનેમા હોલમાં 'હમ આપકે હૈ કૌન' જોવા ગયા હતા અને આ ફિલ્મ આ અગાઉ એમણે બાવીસ વખત જોઈ હતી, આજે ત્રેવીસમી વાર એ ફિલ્મ જોઈ રહ્યા હતા.

ઉસ્તાદ અમજદઅલી ખાન આપણા ખ્યાતનામ સરોદવાદક છે. અમજદ સાહેબ આજની ફિલ્મો વિષે કહે છે, "ફિલ્મવાળાઓએ પ્રેક્ષકોની રૂચિ ઘડી છે. પણ આજની ફિલ્મોએ રૂચિને બગાડી નાખી છે. આજે 'નયા દૌર,' 'મધર ઈન્ડિયા,' 'દેવદાસ' કે 'મુગલે આઝમ' જેવી ફિલ્મો ક્યાં બને છે? આજે તો ગીતકારને કહેવામાં આવે છે કે એ દ્વિઅર્થી ગીતો જ લખે. એક જમાનામાં ગીતો હૃદયને સ્પર્શી જતા, આજનાં ગીતો શરીરને સ્પર્શે છે."

અમજદઅલી ખાનની પ્રિય ધૂનો કઈ? સૌથી ટોચે છે ફિલ્મ 'સીમા' નું 'કહાં જા રહા હૈ, તૂ ઐ જાને વાલે' (આ ગીતની સિચ્યુએશન ફિલ્મમાં બહુ સુંદર છે અને એ બલરાજ સાહની તથા નૂતન જેવા ટોચના કલાકારો પર ચિત્રિત થયું છે.) બીજું ગીત છે, 'ફંટુશ'નું 'દુઃખી મન મેરે, સુન મેરા કહના' એ પછી આવે છે, 'મુગલે આઝમ' નું 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો હૈ...' એ પછી 'પરખ' નું 'આ સજના,' 'ગંગા જમના' નું 'ઢૂંઢો ઢૂંઢો રે સાજના,' 'મેરી સૂરત તેરી આંખે' નું 'પૂછો ન કૈસે મૈને રૈન બિતાઈ,' 'ચિત્રલેખા' નું 'મન રે, તૂ કાહે ન ધીર ધરે,' 'જહાંઆરા' નું 'ફિર વહી શામ,' ફિર વહી ગમ...' અને આવા સંજીદા, ગંભીર ગીતોની સાથે 'કાશ્મીર કી કલી' નું 'દીવાના હુઆ બાદલ' કે 'રંગીલા' નું 'પ્યાર મેં જાને કૈસા' પણ એમને ગમે છે. અમજદઅલી ખાન કહે છે, 'આજે દિલીપકુમાર જેવા પ્રસિદ્ધ અભિનેતા ક્યાં છે?' એણે 'કોહીનૂર' ના ગીત 'મધુબન મેં રાધિકા નાચે' માટે મહિનાઓ સુધી સિતાર વગાડવાની તાલીમ લીધેલી.

પોતાની બિન્ધાસ્ત કલમને લઈને ખ્યાતનામ બનેલી અંગ્રેજી લખતી કવયિત્રી કમલા દાસ પણ એક જમાનામાં ગુરુદત્તની ફિલ્મો પાછળ ગાંડી હતી. એ લખે છે, 'ગુરુદત્તની પ્રચંડ પ્રતિભા શબ્દોમાં વ્યક્ત થઈ શકે એમ જ નથી, એની ફિલ્મનું એક-એક દશ્ય જાણે, ચાંદનીના શીતળ પ્રકાશ અને આંસુઓમાં ઝબોળેલું હતું. ગુરુદત્તે જે રીતે વહીદા રહેમાનને રૂપેરી પડદે અંકિત કરી, એ દશ્યોને કોણ ભૂલી શકે? લોકો ભલે રાજ નરગીસની જોડીને સિનેમાની અમર જોડી ગણે, પણ કમલાદાસ ગુરુદત્ત-વહીદાની જોડીને અમર જોડી ગણે છે. એ કહે છે, 'ગુરુદત્ત ગીતાને પરણ્યા હતા, એ વાત જ

સર્વે જીવો પ્રત્યે કરુણા અને પ્રેમ હંમેશાં રાખો
શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા

અમે તો ભૂલી ગયેલા. અમારે માટે તો ગુરુ અને વહીદા જ સાચા પ્રેમી હતા. બંનેની પ્રતિભા જાણે એકમેકમાં ઓગળી જતી હતી. 'પ્યાસા' અને 'કાગઝ કે ફૂલ' માં આ બંનેએ પ્રેમની કરુણાંતિકાને જીવંત કરી દીધી હતી. અમે ધરાઈ ધરાઈને આ ફિલ્મો જોઈ હતી.

મહાન ફિલ્મ સર્જકોની પણ પ્રિય ફિલ્મો અને પ્રિય કલાકારો હોય છે. વાસ્તવમાં પોતાની અગાઉના મહાન નિર્માતાઓની ફિલ્મો જોઈને જ એમણે પ્રેરણા મેળવી હોય છે. સત્યજીત રાયે જ્યાં રેનવાની ફિલ્મો વારંવાર જોઈને સિનેમાની કળા આપમેળે જ શીખી લીધી હતી. 'અંકુર' અને 'નિશાંત' જેવી ફિલ્મો બનાવનાર શ્યામ બેનેગલ ગુરુદત્તના નિકટના સ્વજન છે અને એમની ફિલ્મકળા ઉપર ગુરુદત્તની અમીટ છાપ છે. પણ એ સિવાય એમણે હોલીવુડની સંખ્યાબંધ ક્લાસિક ફિલ્મો વારંવાર જોઈ હતી. એમના એક કાકાએ એમને ફિલ્મોની પસંદગી બાબતમાં બહુ સાવધ રહેવાનું શીખવ્યું હતું. બેનેગલ હૈદ્રાબાદમાં રહેતા હતા અને નિઝામના ખજાનામાં સંખ્યાબંધ સરસ ફિલ્મો બંધ પડેલી હતી. નિઝામનું શાસન સમાપ્ત થયું ત્યારે એ ફિલ્મો બહાર આવી અને બેનેગલ જેવાને મજા પડી ગઈ. એમને 'હાવ ગ્રીન વોઝ માય વેલી' 'હેમલેટ' 'હેમરી-૫' અને 'રેડ શુઝ' ફિલ્મ એટલી બધી ગમી ગઈ કે એમણે પચીસ વખત જોઈ. પણ સત્યજીતની 'પાથેર પાંચાલી' એમણે ૨૮ વખત જોઈ હતી! ચાર્લ્સ ડિકન્સની નવલકથાઓ પર બનેલી ફિલ્મો એમને પ્રિય હતી. 'ઓલિવર ટ્વીસ્ટ' અને 'ટેલ ઓફ ટુ સિટીઝ' એમણે વારંવાર જોઈ અને એની શૈલીનો અભ્યાસ કર્યો. ભારતીય ફિલ્મોમાં બેનેગલને મહેબૂબની ફિલ્મો બહુ પસંદ છે અને એમાં પણ 'ઔરત' (જેના પરથી 'મધર ઈન્ડિયા' બની) ખાસ ગમે છે. રાજ કપૂરની 'આવારા' પણ એમની પ્રિય ફિલ્મમાં આવે. ઉપરાંત, પ્રભાત ન્યુ થિયેટર્સ અને બોમ્બે ટોકિઝની ફિલ્મો પણ એમને સ્પર્શી જતી. ગુરુદત્તની પહેલી જ ફિલ્મ 'બાઝી' જોઈને એ મુગ્ધ બની ગયેલા. પછી, 'પ્યાસા' આવી અને ફરીવાર એ 'પાથેર પાંચાલી' ની જેમ જ વારંવાર એ ફિલ્મ જોતા જ રહ્યા પણ પ્યાસ ક્યારેક બૂઝી નહીં.

આદિલ જુસ્સાવાલા મશહૂર ચિત્રકાર છે. પણ એમનો ચિત્રકામ સિવાયનો રસ સારી ફિલ્મો જોવામાં છે. બાળપણથી એ સારી ફિલ્મો જોતા રહ્યા છે. એ કહે છે કે, 'કોઈ સુંદર ફિલ્મ જોતા હોઈએ એની અસર એટલી તીવ્ર હોય છે કે એ આંખમાં આંસુ લાવી દે છે, ભય પમાડી દે. માણસ જાણે બધી સુધબુધ ખોઈને એક બાળક બની જાય છે, એટલે હું સારી ફિલ્મો કોઈની સાથે બેસીને જોવા કરતાં એકાંતમાં જોવાનું પસંદ કરુ છું.' એમને 'બરસાત', 'બૈજુ બાવરા,' 'અનારકલી' જેવી ફિલ્મો ખૂબ ગમતી.

થોડા સમય પહેલાં કમલ હસને 'વિશ્વરૂપમ' ફિલ્મ બનાવીને હલચલ મચાવી છે. આ અભિનેતાએ જાતજાતની ભૂમિકાઓ ભજવીને અને નવા નવા પ્રયોગો કરીને નામના મેળવી છે. પણ, કમલ હાસનની પોતાની પ્રિય ફિલ્મો અને કલાકારો કોણ છે? એ 'મુગલે આઝમ'ને અત્યાર સુધીની શ્રેષ્ઠ ભારતીય ફિલ્મ ગણે છે. એ પછીનું 'પાથેર પાંચાલી' નું અને પછી 'કાગઝ કે ફૂલ' નું છે અને એમના પ્રિય અભિનેતામાં પ્રથમ સ્થાન શિવાજી ગણેશનનું છે. એ પછી, એમને મોતીલાલ અને દિલીપકુમાર ખૂબ ગમે છે અને દિલીપકુમારની 'ગંગા જમના' જોઈને એ એટલા ખુશ થઈ ગયેલ કે તુરત દિલીપકુમારને અભિનંદન આપવા દોડી ગયેલા. અભિનેત્રીઓમાં સાવિત્રી, લક્ષ્મી અને મીનાકુમારી એમને પ્રિય છે. વિદેશી કલાકારોમાં માર્લીન બ્રાન્ડો, પોલ મુનિ અને વેનેસા રડગ્રેવ તથા લીઝા મીનોલી એમને ગમે છે.

હાલના એક લોકપ્રિય અભિનેતા આમિરખાન ભલે આજની પેઢીની જેમ ઉછળકૂદ કરીને જોડકણાં જેવા ગીતો ગાતા હોય, પણ એમની પસંદ અત્યંત ઊંચી છે. એમની પ્રિય ફિલ્મ છે 'પ્યાસા,' પ્રિય અભિનેતા છે દિલીપકુમાર અને પ્રિય અભિનેત્રી મધુબાલા. અને મધુબાલા આજની મોટાભાગની કચરા જેવી હિરોઈનોની પ્રિય અભિનેત્રી છે! હજી આ એક સારી બાબત છે કે નિરર્થક ફિલ્મોમાં નિરર્થક અભિનય આપતા લોકો પોતે જાણે છે અને સ્વીકારે છે કે સારી ફિલ્મો તો ભૂતકાળમાં જ બનતી અને સારા કલાકારો પણ ત્યારે જ આવતા.

પણ, બધા અભિનેતા ઉદાર અને તટસ્થ હોતા નથી. પોતાના જ ક્ષેત્રના મહાન પ્રતિસ્પર્ધીઓની વાત નીકળે ત્યારે ભલભલા સર્જકો ક્યારેક વામણા બની જાય છે. હમણાં આપણા એક લેખકે દેવ આનંદની મુલાકાત લીધી અને એને રાજ કપૂર વિષે પ્રશ્ન પૂછ્યો ત્યારે દેવસાહેબ પ્રશ્ન ટાળવા લાગ્યા. લેખકે વારંવાર એ જ પ્રશ્ન કાઢ્યો ત્યારે કંટાળીને દેવસાહેબ બોલ્યા, 'હા, એ પણ સારું કામ કરતો હતો.' એ તો ઠીક, જેની સાથે પૂનામાં મુશ્કેલીના દિવસો એક જ રૂમમાં ગાળેલા અને નવકેતનની પ્રથમ જ ફિલ્મ 'બાઝી' નું જેણે નિર્દેશન કરેલું, એ ગુરુદત્ત વિષે પણ દેવઆનંદ ભાગ્યે જ બે શબ્દો સારા બોલતા હતા. ક્યારેક આત્મરતિ માણસની દુશ્મન બની જતી હોય છે.

સાહિત્ય, કળા, સંગીતની બાબતમાં માણસની રૂચિ જેમ જેમ ઊંચી, તેમ એના વ્યક્તિત્વની કક્ષા પણ ચોક્કસ ઊંચાઈને આંબી શકે છે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# સમય

• મુરજી ગડા •

આજના માણસની જિંદગીમાં સમય, જીવનનું એક અંગ બની ગયો છે. આ સમય શું છે તે સમજવાની કોશિશ કરીએ તે પહેલાં આપણી હાલની સમય ગણવાની પદ્ધતિનો ઈતિહાસ અને વિકાસ જાણવો જરૂરી છે. એની શરૂઆત આપણે સમય વિશેના આદિમાનવના દૃષ્ટિકોણથી કરીને આગળ વધીએ.

પ્રાણીઓને સમયની સમજ નથી. એમનું ખાવું, પીવું, સૂવું, મૈથુન વગેરે કુદરતી ક્રિયાઓ શરીરમાંથી મળતા સંકેતો પ્રમાણે થતી હોય છે. એમને સમયના એકમાત્ર એકમ, દિવસ-રાત્રિનો ફરક વરતાય છે. આ ઉપરાંતની અન્ય બધી સમય ગણનાઓ માણસે બનાવી છે, જે માત્ર એને જ લાગુ પડે છે. માણસે મેળવેલું કુદરત વિશેનું બધું જ્ઞાન અવલોકન અને એના આધારે કરેલાં તારણો પરથી મેળવેલું છે. આપણી સમય ગણના એનું એક દૃષ્ટાંત છે.

પૃથ્વીવાસીઓ માટે સમયના માત્ર ત્રણ કુદરતી ચક્ર છે. એમને ધ્યાનમાં રાખીને, એમની સાથે તાલ મિલાવીને બાકીની બધી સમય ગણના માણસે પોતાની જરૂરિયાત પ્રમાણે બનાવી છે.

- **દિવસ અને રાત :**

જાણવા અને સમજવા માટે સૌથી પહેલું અને સહેલું ચક્ર છે દિવસ અને રાતનું. આદિમાનવ પ્રાણીઓથી એક ડગલું આગળ વધીને આકાશમાં સૂર્યનું સ્થાન તેમજ પડછાયાની વધતી ઘટતી લંબાઈ પ્રમાણે દિવસના સમયનું અનુમાન કરતો થયો. રાત્રિના સમયનું અનુમાન, એ તારાઓના સ્થાન પરથી લગાવતો હશે. ચંદ્રોદયના સમયની અનિશ્ચિતતાને લીધે એ રાત્રિ સમય નક્કી કરવામાં ખાસ ઉપયોગી નહોતો થતો. પૃથ્વી પોતાની ધરી પર ફરતી હોવાથી દિવસ અને રાત થાય છે, એની સમજ માણસને બહુ મોડી આવી છે. માત્ર ૪૦૦ વર્ષ પહેલાં જ.

- **ચંદ્રની કળા :**

સમયનું બીજું કુદરતી ચક્ર છે, ચંદ્રની કળાનું વધવું અને ઘટવું. ચંદ્રને પોતાનો પ્રકાશ નથી. ચંદ્રની સપાટી પરથી પરાવર્તિત થયેલા સૂર્યના પ્રકાશને લીધે એ આપણને પ્રકાશતો દેખાય છે. પૃથ્વીની જેમ જ ચંદ્રનો પણ સૂર્ય તરફનો અડધો ભાગ જ પ્રકાશિત હોય છે. ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરતો હોવાથી અવકાશમાં એનું સ્થાન બદલાતું રહે છે. પરિણામે આપણને એની વધતી / ઘટતી કળા દેખાય છે. ચંદ્રની આ બદલાતી કળાઓના એક ચક્રને માણસે મહિનાનું નામ આપ્યું. દુનિયાની બધી સંસ્કૃતિઓએ બનાવેલાં શરૂઆતનાં બધા કેલેન્ડર ચંદ્ર આધારિત હતા, જેને ચાંદ્ર પંચાંગ (Lunar Calendar) કહે છે. એમાં રહેલી ઘણી ખામીઓનો ખ્યાલ માણસને પાછળથી આવ્યો.

- **સૂર્યને ફરતે પૃથ્વી અને ચંદ્રની જોડીની પ્રદક્ષિણા :**

આ ત્રીજા ચક્રને ઓળખવું અને માપવું પ્રમાણમાં અઘરું હતું. એનો પહેલો ખ્યાલ આવે છે, બદલાતી ઋતુઓ દ્વારા અને વસ્તુઓના પડછાયાની બદલાતી દિશા દ્વારા. સ્થાયી થઈને ખેતી અને પશુપાલન કરતા માણસ માટે ઋતુઓની ચોક્કસ જાણકારી અગત્યની હતી. આ એક પૂર્ણ ચક્રને એક વર્ષનું નામ અપાયું અને એના પરથી સમયાંતરે સૂર્ય આધારિત કેલેન્ડર બન્યું. જેને આપણે સૌર વર્ષ (Solar Calendar) કહીએ છીએ.

આજે આપણી પાસે તૈયાર કેલેન્ડર હોવાથી કુદરતના આવા સૂક્ષ્મ અને ધીમી ગતિએ થતાં ફેરફારો જોવાની અને સમજવાની જરૂર નથી રહી. સંસ્કૃતિની શરૂઆતમાં માણસોએ કેટલી ધીરજથી બધાં અવલોકનો કરીને સમયની ગણના કરી, એનો ખ્યાલ ત્યારે જ આવે, અથવા, એમની મહેનતની કદર ત્યારે જ થાય, જ્યારે આપણને ઘડિયાળ અને કેલેન્ડર વિના લાંબો સમય જંગલમાં કે મધદરિયે વિતાવવો પડે. આટલે પહોંચતાં આપણા પૂર્વજોને વર્ષો કે દાયકાઓ નહીં પણ સદીઓ લાગી હતી. એની પાછળ હજારો બુદ્ધિશાળી અને મહેનતુ ખગોળશાસ્ત્રીઓ / વૈજ્ઞાનિકોનું યોગદાન રહેલું છે.

આ ત્રણ કુદરતી ચક્રો એકબીજા સાથે બંધબેસતાં નથી કારણકે અવકાશીપિંડોનો ભ્રમણ સમય કુદરતના નિયમને આધીન છે, આપણી સગવડ માટે નથી. ચંદ્રનો મહિનો ૨૯$^{૧}/_{૩}$ દિવસનો થાય છે. આમ ચંદ્રનું વર્ષ ૩૫૪ દિવસ (૧૨ મહિના)નું છે, જ્યારે સૂર્યનું વર્ષ ૩૬૫$^{૧}/_{૪}$ દિવસનું થાય છે. તે ઉપરાંત સૂર્યના એક વર્ષમાં ચંદ્રનાં ૧૨$^{૧}/_{૩}$ ચક્ર પૂરાં થાય છે. આમ ચંદ્રનું વર્ષ ૧૧ દિવસ વહેલું પૂરું થાય છે.

આ બધા વચ્ચે મેળ બેસાડવો જરૂરી હોવાથી માણસે એ પણ કર્યું. સૂર્યના કેલેન્ડરનું મહત્ત્વ સ્વીકારીને ચંદ્રના કેલેન્ડરને એની સાથે મેળવવા માટે જરૂરી ફેરફાર કરાયા. પરિણામે દર ત્રણ વર્ષે ચાંદ્ર વર્ષમાં (આપણા દેશી વર્ષમાં) એક અધિક માસ ઉમેરવામાં આવે છે. ઉપરાંત, દર વર્ષે સૌર વર્ષમાં ૬ કલાક બચે છે, એટલે દર ચાર વર્ષે ૨૪ કલાક (એક દિવસ) ઉમેરી દેવાય છે. એટલે એ વર્ષ ૩૬૬ દિવસનું બને છે. આને લીપ વર્ષ (Leap Year) કહે છે.

*વાત્સલ્ય દોષોને ગળી જાય છે. સખ્ય દોષોને સહન કરે છે, જ્યારે પ્રેમ તો દોષોને જોતો જ નથી.*

પરંતુ આટલું પૂરતું નથી.

હમણાં સુધી આપણે જે વાત કરી તે તો જાણીતી છે. એક ઓછી જાણીતી વાત એ છે કે પૃથ્વી પોતાની ધરી ફરતે એક ચક્ર ૨૪ કલાકમાં નહીં, પરંતુ ૨૩ કલાક અને ૫૬ મિનિટમાં પૂરું કરે છે. એક વર્તુળ ૩૬૦ ડિગ્રીનું બને. પણ પૃથ્વી ૨૪ કલાકમાં ૩૬૦ ડિગ્રીથી આગળ વધીને ૩૬૧ ડિગ્રીનું અંતર કાપે છે! આથી એક દિવસ ૩૬૧ ડિગ્રીનો બને છે. આ કરવા પાછળનું એક કારણ તારા - ઉદયના સમયના ભોગે સૂર્યોદયના સમયને સાચવવાનો છે. એટલે આપણને દરરોજ તારા ૪ મિનિટ મોડા ઊગતા દેખાય છે, જે અવકાશમાં એક ડિગ્રીનું અંતર છે.

શરૂઆતમાં દરેક પ્રદેશનાં પોતાના આગવા કેલેન્ડર હતા, જે મુખ્યત્વે સમયનાં આ ત્રણ ચક્રોના આધારે બનાવેલાં હતાં. યુરોપમાં ૩૫૫ દિવસનાં રોમન કેલેન્ડરો ચાલતા હતા. ઈ.સ. પૂર્વે ૪૬માં જુલીયસ સીઝરે ૩૬૫ દિવસનું સૌર વર્ષ લાગુ કર્યું. એમાં સાત દિવસનાં તો નામ હતાં, પરંતુ સપ્તાહનો ખ્યાલ હજી નહોતો વિકસ્યો. રોમનો દિવસની ગણતરી A થી H સુધીના આઠ દિવસથી કરતા. આમાં H આઠમો દિવસ 'બજારનો દિવસ' મનાતો. જુલિયન કેલેન્ડરમાં લીપ વર્ષની બાબતમાં ગૂંચવણ હતી. સોળમી સદીમાં પોપ ગ્રેગરીના હસ્તક્ષેપથી દર ચાર વર્ષે એક દિવસ ઉમેરવાનું શરૂ થયું. જે આજે પણ અમલમાં છે. આ સાથે જ યુરોપીય સંસ્થાનવાદ પણ ફેલાવા લાગ્યો. એને કારણે બધા દેશોએ કાળક્રમે યુરોપમાં પ્રચલિત ગ્રેગરિયન કેલેન્ડર અપનાવવાનું શરૂ કર્યું. જેમાં સાત દિવસનું એક નવું એકમ પણ ઉમેરાયું હતું. ભારતમાં સપ્તાહ (આહ = દિવસ)નો ખ્યાલ જૂનો છે. આમ છતાં ગુજરાતીમાં સપ્તાહ માટે 'અઠવાડિયું' (આઠ વારનું) શબ્દ વપરાય છે! આઠ દિવસના સમૂહનો ખ્યાલ તો રોમનોનો છે. ગુજરાતમાં આ શબ્દ કેમ વપરાય છે તેનો ખુલાસો ઇતિહાસકારો અને ભાષાશાસ્ત્રીઓ જ આપી શકે.

સત્તરમી સદીમાં ઘડિયાળની શોધ થયા પછી દિવસના ૨૪ કલાક, કલાકની ૬૦ મિનિટ, મિનિટની ૬૦ સેકંડ — એવા સમયની ગણતરીનાં માપ બનાવાયાં. હવે તો માણસ સેકંડ ઉપરાંત મિલિ, માઈક્રો અને નૅનો સેકંડની પણ ગણતરી કરવા લાગ્યો છે. આ બધા માપ આપણી જરૂરિયાત માટે છે, કુદરતના કોઈ ચક્ર પર આધારિત નથી.

આખી દુનિયાએ સ્વીકારેલાં અને હાલમાં વપરાતાં આ કેલેન્ડરમાં ઘણી ક્ષતિઓ છે. મહિનાના દિવસ ૩૦ કે ૩૧ હોય, તેમ છતાં ફેબ્રુઆરીમાં ૨૮ દિવસ જ હોય એની પાછળ વાજબી કારણ નથી. આપણા પૂર્વજોએ કુદરતી ચક્ર સાથે તાદાત્મ્ય સાધવા કેલેન્ડરમાં ખૂબ સમજણથી જરૂરી ફેરફાર કર્યા હતા, જે ખગોળશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકોને આભારી છે. પ્રગતિશીલ ગણાતા આધુનિક માનવે આટલું ક્ષતિપૂર્ણ કેલેન્ડર એના મૂળ સ્વરૂપે અપનાવી લીધું એ શરમની વાત છે કારણકે હવે એ વાત વૈજ્ઞાનિકોના હાથમાં નથી રહી બલકે સત્તાધારીઓના હાથમાં આવી છે.


હાલમાં કેલેન્ડરને 'યુઝર ફ્રેન્ડલી' બનાવવાનાં કેટલાંક સૂચનો કરાયા છે. એક સૂચન એવું છે કે દરેક મહિનો ચાર સપ્તાહનો, એટલે કે ૨૮ દિવસનો રાખવો. જેથી ચોક્કસ તારીખે ચોક્કસ વાર આવે. આને લીધે વરસના ૧૨ ને બદલે ૧૩ મહિના અને વરસના ૩૬૪ દિવસ થાય. વરસના છેલ્લા એક કે બે દિવસને કોઈ વિશિષ્ટ નામ આપી શકાય. વર્ષની શરૂઆત પણ ૧ જાન્યુઆરીને બદલે ૨૧મી માર્ચ અથવા ૨૧મી સપ્ટેમ્બરથી કરાય, કારણકે ફક્ત આ બે દિવસોએ જ આખી દુનિયામાં દિવસ અને રાત સરખાં, બંને ૧૨ કલાકનાં હોય છે.

આ એક વિશફુલ થીન્કિંગ માત્ર છે. આવા ફેરફારો કરવાનું રાષ્ટ્રસંઘ માટે અશક્ય નથી. તેમ છતાં આવું થવાની શક્યતા લાગતી નથી.

કોઈના મનમાં એવો પ્રશ્ન જાગ્યો હશે કે વિજ્ઞાનના વિભાગમાં શાળામાં ભણાવવામાં આવતી સમયની આવી સામાન્ય માહિતીનું સ્થાન ખરું? આ વાતનો ખુલાસો કરવો જરૂરી છે. સમય હોય કે બીજું જે પણ કુદરત સાથે સંકળાયેલું હોય, એ બધાંની સમજ, શરૂઆતમાં લખ્યું છે તેમ, માણસે અવલોકન, તારણો, પ્રયોગો વગેરે દ્વારા મેળવી છે. આ જ તો વિજ્ઞાનની વ્યાખ્યા છે. આંખો બંધ કરીને, ઝાડ નીચે બેસીને ધ્યાન ધરવાથી કુદરતના નિયમ વિસ્તારથી સમજી ન શકાય. હા, સમાજને લગતા નિયમો (કાયદા કાનૂન) સત્તાધારી માણસ બેઠાબેઠા વિચારી કે ઘડી શકે છે. આપણે એને સમાજશાસ્ત્ર કહીએ છીએ, એ વિજ્ઞાન નથી. કુદરતના નિયમ સમજવા માટે કેટલી મહેનત કરવી પડે છે, તે સમજાવવાનો આ પ્રયાસ છે. તે ઉપરાંત આટલી મહેનત કરીને આપણા જીવનને સગવડભર્યું બનાવનાર હજારો વિજ્ઞાનીઓને અંજલિ પણ છે.

આ બધી સમય ગણના માત્ર પૃથ્વીવાસીઓને લાગુ પડે છે. કોઈ ગ્રહ કે ઉપગ્રહ માટેની સમય ગણના આપણાથી તદ્દન ભિન્ન હશે. તારાવિશ્વ માટેની તો વાત કરવી એ પણ આપણા માટે વ્યર્થ છે. આમ છતાં સમગ્ર બ્રહ્માંડને લાગુ પડે એવી વિશિષ્ટ સમય ગણના પણ છે, જેની વાત આગળ આવે છે.

સજીવનું મૃત્યુ એટલે એનો સદંતર નાશ નહીં પણ એનું સજીવમાંથી નિર્જીવમાં

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 2242 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

રૂપાંતર માત્ર છે. હવે નિર્જીવ પદાર્થના સંદર્ભમાં સમયને સમજાવવાની કોશિશ કરીએ. સજીવોની જેમ નિર્જીવોનો પણ ક્ષય થાય છે. ક્ષય થવાની ઝડપને આધારે નિર્જીવોને ત્રણ મુખ્ય ભાગોમાં વહેંચી શકાય : (૧) ઑર્ગેનિક (Organic), (૨) રેડિયો એક્ટિવ (Radio Active), (૩) બાકીના બીજા બધા.

ઑર્ગેનિક એટલે કે સેન્દ્રિય દ્રવ્યવાળા પદાર્થનો ક્ષય બહુ ઝડપી હોય છે. એમનું વિઘટન (DECAY) થઈને પાછું મૂળ તત્ત્વોમાં રૂપાંતર થાય છે. માનવોની અંતિમ ક્રિયા તેમજ મૃત પ્રાણીને દાટવાની કે બાળવાની ક્રિયા પાછળનો મુખ્ય હેતુ એમના કુદરતી વિઘટનથી થતા રોગચાળાને અટકાવવાનો છે.

રેડિયો એક્ટીવ પદાર્થનો ક્ષય એક કુદરતી નિયમ પ્રમાણે થાય છે. દરેક રેડિયો એક્ટીવ તત્ત્વ ચોક્કસ અવધિમાં એમાં રહેલાં પરમાણુંના અડધા ઘટક ગુમાવે છે. આ અવધિને એની 'હાફ-લાઈફ' (HALF LIFE ટૂંકમાં HL) કહેવાય છે. HLને થોડા ઊંડાણમાં સમજવું જરૂરી છે.

મૃત પ્રાણીઓ અને વનસ્પતિના અશ્મિઓનો અભ્યાસ કરતાં વૈજ્ઞાનિકો પેલિઓન્ટોલોજિસ્ટ (Paleontologist) તરીકે ઓળખાય છે. તેઓ અશ્મિઓનો જીવનકાળ જાણવા માટે 'ડેટિંગ સિસ્ટમ' (DATING SYSTEM) તરીકે ઓળખાતી જુદી જુદી કાળગણનાની રીતે વાપરતા હોય છે. એમાંની એક રીત કાર્બન-૧૪ ડેટિંગ સિસ્ટમ વધુ જાણીતી છે.

સામાન્ય કાર્બન, C-12 ના નામે ઓળખાય છે. કાર્બનનું એક રેડિયો એક્ટીવ સ્વરૂપ (ISOTOP) છે, જેને C-14 કહેવાય છે. રેડિયો એક્ટીવ પદાર્થ અસ્થિર હોય છે. બધાં પ્રાણીઓ અને વનસ્પતિમાં ચોક્કસ પ્રમાણમાં C-14 હોય છે. સજીવના મૃત્યુ પછી એમના શરીરમાં રહેલાં C-14 નું નાઈટ્રોજન (N-14)માં વિઘટન થાય છે. પ્રયોગો / અનુભવ પરથી એ શોધી કઢાયું છે કે આશરે ૫૭૧૫ વરસમાં અડધા C-14 પરમાણુંઓનું N-14 માં રૂપાંતર થઈ જાય છે. એને C-14 ની હાફ-લાઈફ કહે છે.

હાફ-લાઈફની ગણતરી થોડી અટપટી છે. HL નો અર્થ એવો નથી કે ૫૭૧૫ x ૨ વર્ષમાં બધા C-14 નું રૂપાંતર N-14 માં થઈ જાય. અત્રે HL ની વ્યાખ્યા એવી કરવામાં આવી છે કે દર ૫૭૧૫ વર્ષની અવધિમાં બાકી રહેલા પરમાણુંમાંથી માત્ર અડધા પરમાણુંઓનું જ રૂપાંતર થાય છે. આ રીતે, ઘણા લાંબા સમય સુધી અશ્મિઓમાં C-14 ના થોડાઘણા પરમાણું જોવા મળે છે. જોકે, આ રીત માત્ર ૫૦,૦૦૦ વર્ષ પુરાણા અશ્મિઓ માટે વપરાય છે. ત્યાર પછી એની વિશ્વસનીયતા સારી નથી રહેતી. એનાથી પુરાણા અશ્મિઓ માટે બીજી રીતો છે. અબજ વર્ષથી વધુ પુરાણા ખડકો માટે વળી અલગ પ્રકારની રીતો છે. દાખલા તરીકે પોટેશિયમના આઈસોટોપ (K40)નું આર્ગોન ગેસ (Ar 40)માં વિઘટન થાય છે. એની હાફ-લાઈફ અંદાજે ૧.૩૧ અબજ વર્ષ છે.

રેડિયો એક્ટીવ ન હોય એવા પદાર્થોનો ક્ષય થતાં ખૂબ જ લાંબો સમય લાગે છે. એના વિશેની વધુ માહિતી ઉપલબ્ધ નથી. ટૂંકમાં, સમય સાથે બધા જ પદાર્થોનો ક્ષય થાય છે. એનો દર એમની હાફ-લાઈફ પર આધાર રાખે છે. સમયનું આ જ એક એવું માપ છે જે સમસ્ત બ્રહ્માંડના પદાર્થોને લાગુ પડે છે. આ નિયમની ખાસિયત એ છે કે દરેક મૂળ તત્ત્વની હાફ-લાઈફ અલગ અલગ છે.

સમયની આટલી ચર્ચા પછી પણ 'સમય' પોતે શું છે, એ પ્રશ્ન અનુત્તર જ રહ્યો છે. એની ચર્ચા પછી ક્યારેક.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

## મૃત્યુને એલ.આઈ.સી.ના દીવડા જેવું...

**(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

ક્ષણો માણી લેવાની પેરવી કરે છે. એવી ખંધાઈ પર તે સામાજિક રિવાજનું વરખ ચીપકાવે છે. સંસદસભ્યોના ભાડા ભથ્થાં વધારવાનો ખરડો વિના અવરોધે પસાર થઈ જાય તેમ સમાજે સામૂહિક રીતે સ્વીકારી લીધેલો આ એક ઈજાફો છે.

ખરેખર તો મૃત્યુ સમી ગંભીર અને અનિવાર્ય ઘટના સાથે આવા સામાજિક ચેડાં થાય તે સમાજને ન પરવડવું જોઈએ. કોઈ પણ માનવસર્જિત ઘટના કરતાં મૃત્યુને ટોપ પ્રાયોરિટી મળવી જોઈએ. એક ચિંતકે મૃત્યુને સંપૂર્ણ ઐશ્વર્યયુક્ત ગણાવ્યું છે. વાત ખોટી નથી. ખભે શાલ નાખી લગ્નમાં મહાલવાને બદલે ખભે ટુવાલ નાખી મૈયતમાં હાજરી આપવાનું કામ વિશેષ માનવતાપૂર્ણ લેખાવું જોઈએ. વિજ્ઞાનના સેંકડો સંશોધનો પછી પણ માણસ મૃત્યુ સામે લાચાર છે. માણસની એ લાચારીની લાજ રાખવાનું કામ માણસ સિવાય કોણ કરશે? હર કોઈના આતમદીપને ક્યારેક તો કાળની ઝાપટ લાગ્યા વિના રહેતી નથી. મૃત્યુને એલ.આઈ.સી.ની જાહેરાતમાં બે હથેળી વડે રક્ષાતા દીવડા જેવી સરભરા મળવી જોઈએ. મૃત્યુને અવગણવાનો માણસનો આ પલાયનવાદ અક્ષમ્ય છે. લગ્ન, જનોઈ કે વાસ્તુપૂજા જેવા મંગળ અવસરો ભલે જીવનમાં કરવા જેવાં કામો હોય પણ છેવટે તો રામ નામ જ સત્ય હોય છે. એથી મૃત્યુવિષયક કુરિવાજો અંગે સમાજે ફેરવિચારણા કરવી જોઈએ.

એક પ્રશ્ન પર સમાજે આત્મચિંતન કરવું જોઈએ. લગ્ન થઈ રહ્યા હોય તે ટાંકણે જ ઘરમાં કોઈ વૃદ્ધનું અવસાન થાય એવું ઘણીવાર બને છે. શું એવી ઘટનાને કારણે થયેલા લગ્ન ફોક ગણાય છે? અથવા એ અશુભ બનેલા માહોલને કારણે દંપતીના લગ્નજીવન પર માઠી અસર થાય છે? આ બન્ને પ્રશ્નોનો જવાબ 'હા' માં હોય તો મૃત્યુને અશુભ ગણી લેવાની છૂટ છે.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી - ૩૯૬ ૪૪૫. મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*દરેક માણસમાં અજ્ઞાન હોય છે, પણ દરેકનું અજ્ઞાન જુદી જુદી જાતનું હોય છે.*

# મૃત્યુને એલ.આઈ.સી.ના દીવડાં જેવું રક્ષા કવચ પૂરું પાડીએ

• દિનેશ પાંચાલ •

એક મિત્રની દીકરીને તેના સાસરિયાએ વાંકડાના પ્રશ્ને સળગાવી મૂકી. દીકરીના વૃદ્ધ પિતા આઘાત ન જીરવી શક્યા. એમનું હૃદય બંધ પડી ગયું. માણસના હૃદયને એક નોખી પાચન વ્યવસ્થા હોય છે. એમાં આનંદ નામનો આહાર જલદી પચી જાય છે પરંતુ આઘાત નામનો કઠોર આહાર ઝટ પચતો નથી. દાતાવાળા ચક્રોમાં લોખંડનો સળિયો ખોસી દો તો ચક્રો બંધ થઈ જાય, તે રીતે હૃદયના એન્જિનમાં કોઈ લોખંડી આઘાત પેસી જતાં તે બંધ પડી જાય છે. એ ઘટનાને આપણામાં હાર્ટઍટેક કહેવાનો રિવાજ છે. આપણે ત્યાં આતંકવાદમાં કેટલા મર્યા તેના આંકડા ઉપલબ્ધ હોય છે, પણ વાંકડાવાદમાં કેટલા પિતાઓનો જીવ ગયો તેની માહિતી નથી. દીકરી તરફથી પ્રાપ્ત થતા ૫૦ પૈસાના પોસ્ટકાર્ડમાં બે વાક્યો ચિંતાજનક હોય છે. આ રહ્યા એ બે શબ્દબોમ્બ : 'મારી ચિંતા કરશો નહીં. હું અહીં ખૂબ સુખી છું!' દીકરીના માવતરની ડિક્શનરીમાં આ 'સુખી' શબ્દનો અર્થ વિપરીત થાય છે. પત્રના શબ્દો અશ્રુઓથી છેદાયા હોય ત્યારે તેમાંથી દીકરીના બરડે ઉઠેલા સોળની ગંધ આવે છે. આવા પોસ્ટકાર્ડ દ્વારા માવતરના હૃદયમાં હૃદયરોગનું ખાતમુહૂર્ત થાય છે. એ વિષચક્ર અંતે પિતાના પિંડદાન સાથે ખતમ થાય છે. ભીખુદાન ગઢવી કહે છે - 'દીકરીયું હૃદિયામાં જડાયેલી હોય છે, એથી તેની જિંદગી રોળાઈ જાય ત્યારે પહેલી અસર માવતરના હૃદિયાને થાય છે!'

જંગલમાં કેટલા વાઘસિંહ બચ્યાં છે તેનું સરકાર દ્વારા સર્વેક્ષણ થાય છે. સમાજના જંગલમાં વાંકડાનું લોહી ચાખી ગયેલા ખુંખાર ચિત્તાઓ ખુલ્લેઆમ ઘુમી રહ્યાં છે. સર્વેક્ષણ તેનું થવું જોઈએ. ૨૦૧૩માં સમાજના એ વાંકડાખાઉ વાઘોએ કેટલી વહુઓને ફાડી ખાધી અને ચાલુ વર્ષના અંત સુધીમાં કેટલી વહુઓનો ભોગ લેવાશે તેના આંકડાઓ સરકારે મેળવવા જોઈએ. નારી સંગઠનોએ પણ એ વાતનો સર્વે હાથ ધરવો જોઈએ કે હજી કેટલી વહુઓ સમાજના હીટલિસ્ટ પર નિકાલ થવાની બાકી છે? અક્ષમ્ય વિલંબ થઈ રહ્યો છે. ક્યાંકથી કોઈએ શરૂઆત કરવી પડશે. અબળા માટે અભયારણ્ય સ્થાપવું પડશે. (નહિંતર યે આગ કબ બુઝેગી....?)

રિવાજોનું ગણિત સીધું છે. જિંદગીની નક્કર સચ્ચાઈનો માનવીને વારંવાર અનુભવ થાય અને સમાજ તેને અપનાવીને તેનું અમલીકરણ કરે તેને રિવાજ કહેવાય. એમ કહો કે મૃત્યુલોકની સંસદમાં માણસના જાતઅનુભવોના ખરડાના વાંચન પછી તેના પર સમાજ નામનો રાષ્ટ્રપતિ સહી કરે ત્યારે તે ખરડો રિવાજ બને છે. પણ રિવાજ અને કુરિવાજની પરિભાષા શી? (બચુભાઈને વિચારવાયુ થાય ત્યારે ચિંતનના નામે ઘણા વૈચારિક પ્રદૂષણનો આખી મિત્ર મંડળીએ સામનો કરવો પડે છે. સમાજના સારા નરસા રિવાજોની વાત નીકળતા બચુભાઈ બોલ્યા - 'મૃત્યુલોકમાં જીવતા માણસોમાં શ્વાસ લેવાનો રિવાજ હોય છે. એ હિસાબે ઊંઘ રિવાજ ગણાય અને નસકોરાં બોલાવવા એને કુરિવાજ કહેવાય. સ્ત્રી પુરુષ પ્રેમ કરે તે રિવાજ કહેવાય. પણ લગ્ન કરે તે ટાળવા જેવો કુરિવાજ ગણાય.')

પ્રારંભે જેનો ઉલ્લેખ કર્યો એ વ્યક્તિની સ્મશાનયાત્રામાં જવાનું બન્યું. ત્યાં જાણવા મળ્યું કે એ વ્યક્તિના એક નજીકના સ્નેહીએ એમ કહી મૈયતમાં આવવાનું ટાળ્યું કે એમને ત્યાં લગ્ન લેવાયા છે એથી તેઓ હાજર રહી શકશે નહીં. લગ્ન અને મૃત્યુ એ બન્ને માનવ જીવનની મહત્ત્વની ઘટના છે. મૃત્યુ અશુભ પ્રસંગ ગણાય અને લગ્નને શુભ પ્રસંગ ગણવામાં આવે છે. (એ જુદી વાત છે કે બચુભાઈ જેવા દાંપત્યના દુઃખી માણસ લગ્નને જ અશુભ ઘટના ગણે છે) પરંતુ એ હળવી તુલના પ્રતિ લક્ષ આપ્યા વિના વિચારીએ તો સમજાશે કે માનવ જીવનની નક્કર વાસ્તવિકતા લગ્ન કરતાં મૃત્યુમાં વિશેષ છુપાયેલી છે. લગ્ન, વિવાહ, જનોઈ કે વાસ્તુપૂજા જેવા પ્રસંગો માનવરચિત હોય છે. મૃત્યુ માનવ કાબુ બહારની કુદરતી ઘટના છે. એનું મૂલ્ય કોઈ પણ માનવસર્જિત ઘટનાની તુલનામાં રતિભાર ઓછું નથી. એ દુઃખદ ઘટનામાં હાજર રહેવાનું ટાળી લગ્નની મોજ માણતો માણસ એવો લાગે છે જાણે કોઈ દીકરો છેલ્લા શ્વાસ ભરતી માતાને છોડી ડિસ્કો દાંડિયા રમવા નીકળી પડ્યો હોય. ઈચ્છે તો માણસ થોડા સમય પૂરતો મૃત્યુ પ્રસંગે હાજર થઈ પછી લગ્નમાં જઈ શકે. એ રીતે મોતનો મલાજો જળવાય અને લગ્ન પ્રસંગ પણ સાચવી લેવાય. વિચિત્રતા તો જુઓ, જે ઘરમાં મૃત્યુ થયું હોય તે ઘરના માહોલને અશુભ ગણી લેતો માણસ બીજી તરફ માનવશબ (લાશને) પવિત્ર ગણે છે. સારા કામે નીકળેલા માણસને સામે કોઈ સ્મશાનયાત્રા મળે તો તેને શુકન ગણે છે. અત્રે વિચારણીય પ્રશ્ન એ છે કે જે મડદું ઘરની બહાર નીકળે તેને ત્રાહિત માણસ શુકન ગણતો હોય તો મરનારના જ સંબંધીઓને માટે તે અશુભ શી રીતે ગણાય?

સમાજે જીભનો ચટાકો તૃપ્ત કરવા મૃત્યુ પછી ન્યાત જમાડવાનો રિવાજ ઘડી કાઢ્યો. તેવો જ આ પણ એક સગવડિયો રિવાજ છે. મૃત્યુ જીવનની ગંભીર ઘટના છે પણ માણસને તે પ્રિય નથી હોતી. ખાસ કરીને લગ્ન, જનોઈ જેવા આનંદપૂર્ણ અવસરોની તુલનામાં મૃત્યુ દુઃખદાયક ઘટના હોય છે. માણસનું પ્રાકૃતિક પોત હંમેશાં આનંદ ઉલ્લાસનું રહ્યું છે. એથી શુભ-અશુભની ખંધી યુક્તિ અજમાવી તે ચાલાકીપૂર્વક દુઃખમય ક્ષણોમાંથી બાકાત રહીને આનંદમય

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૧ ઉપર)**

*અવિદ્યા વિઘ્નરૂપ છે. તે દૂર થાય તો સર્વ જગત બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થાય.*

### નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૧

# લગ્નસંસ્થામાં કેટલાક સુધારા જરૂરી છે

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

ભારતની લગ્નસંસ્થાને કેટલાક સુધારા કરવાની જરૂર છે. પ્રથમ તો જ્યોતિષને સંપૂર્ણ બાકાત કરી દેવું જોઈએ. વરકન્યાની કુંડળી મેળવવાની પ્રથા અંધશ્રદ્ધા છે. કેટલાંક પરિવારો એટલાં બધાં કુંડળીપ્રેમી હોય છે કે સૌથી સર્વોચ્ચ મહત્ત્વ તેઓ કુંડળીને જ આપતાં હોય છે. ઘણી વાર વર-કન્યામાં જરાય સામ્ય ન હોય પણ કુંડળી મળતી હોય તો લગ્ન કરી નાખે છે. આવી જ રીતે ઘણી વાર વર-કન્યા પૂરેપૂરાં મળતાં હોય પણ કુંડળી ન મળતી હોય તો લગ્ન નથી કરતાં. આ દોષોથી બચવું જોઈએ. કુંડળી એક તુક્કો માત્ર છે. તેના ચક્કરથી બચવું જોઈએ.

તેમ છતાં વર-કન્યાનાં લગ્ન પહેલાં આટલી તપાસ તો જરૂર કરવી જોઈએ : (૧) તેને કોઈ ચેપી રોગ તો નથી ને, (૨) બન્નેમાં પૂરેપૂરું પૌરુષ તો છે ને અને (૩) થેલેસેમિયા કે એઈડ્ઝ જેવા ગુપ્તરોગો તો નથી ને? ડોક્ટરી તપાસ કરાવીને સ્પષ્ટ કરી લેવું જોઈએ કે વર - કન્યા શારીરિક રીતે પૂરેપૂરાં યોગ્ય છે ને? પશ્ચિમમાં આવી તપાસ અનિવાર્ય છે. આવાં પ્રમાણપત્ર મળ્યા પછી જ લગ્ન કરી શકાય છે. દુર્ભાગ્યવશ ભારતમાં આમાંની એકે તપાસ થતી નથી. પરિણામે પાછળથી ઘણી ઉપાધિઓ શરૂ થાય છે. ઘણાંના જીવન ધૂળધાણી થઈ જાય છે. એટલે કુંડળી નહિ પણ શરીરની પૂરી ચકાસણી કરવી-કરાવવી જોઈએ.

જે સમાજમાં પુનર્લગ્ન ન થતાં હોય ત્યાં પુનર્લગ્નની શરૂઆત કરાવવી જોઈએ. મોટા ભાગે બધા સમાજોમાં પુરુષોનાં તો પુનર્લગ્ન થતાં જ હોય છે પણ સ્ત્રીઓનાં નથી થતાં હોતાં. આ પક્ષપાત છે. કેટલાક શાસ્ત્રીઓ સંસ્કૃતિના નામે સ્ત્રીઓને આજીવન વિધવા રહેવાનાં વિધાન કરે છે, જે અમાનવીય અને અન્યાયકર્તા છે. તેનાથી સંસ્કૃતિના નામે વિકૃતિ જ વધવાની છે. આવા રૂઢિવાદી વિચારકોથી બચવું જોઈએ. ખરેખર તો પુરુષ કરતાં પણ સ્ત્રીને પ્રેમભૂખ અને વાસનાભૂખ બંને વધારે હોય છે. તેને સતત હૂંફ અને ઓથની પણ જરૂર રહે છે. જે સમાજોમાં પુનર્લગ્ન (વિધવા-ત્યકતાંનાં) નથી થતાં હોતાં તેને સામાજિક રીતે પછાત ગણવો જોઈએ. અને જે સમાજોમાં પુનર્લગ્ન થતાં હોય છે, તેને પ્રગતિશીલ સમાજ ગણવો જોઈએ. મારી દૃષ્ટિએ તો જે સમાજમાં દિયરવટાં થાય છે તેને વધુ પ્રગતિશીલ માનવો જોઈએ. કારણ કે ઘરની કન્યા ઘરમાં જ રહે છે, બાળકો પણ ઘરમાં જ રહે છે અને સંપત્તિ વગેરે પણ ઘરમાં જ રહે છે. આને ઉત્તમ પદ્ધતિ ગણવી જોઈએ. સંસ્કૃત ભાષામાં દેવર (દિયર) ની વ્યુત્પત્તિ જ આવી રીતે કરી છે. "દેવરઃ કસ્માત્ દ્વિતીયોવર ઉચ્યતે ઈતિ દેવરઃ" અર્થાત્ દેવર શબ્દ કેમ બન્યો છે તો કહે કે તે બીજો વર છે એટલે દેવર કહેવાયો છે.

આમાં થોડા અપવાદો કરવા જરૂરી છે. પતિના મૃત્યુ પછી જ વિધવા સ્ત્રી દિયરવટું કરે છે. પતિના જીવતાંજીવત નહિ. બીજું કેટલાક સમાજોમાં બાળક જેવો દિયર હોય તો પણ વિધવા ભાભી તેની સાથે દિયરવટું કરે છે, તે યોગ્ય નથી. દિયર કુંવારો અને પુખ્ત ઉંમરનો હોવો જોઈએ.

અમારા આશ્રમમાં ઘટેલ એક ઘટના લખવી યોગ્ય લેખાશે. સૌરાષ્ટ્રના એક મોટા માણસ જે ધારાસભ્ય પણ હતા, તે પોતાની વિધવા થયેલી દીકરીને લઈને મારા આશ્રમમાં આશ્વાસન માટે આવ્યા. બન્યું એવું હતું કે કાર-અકસ્માતમાં થોડા જ દિવસો ઉપર છોકરીનો પતિ મરી ગયેલો. છોકરી સાથે જ હતી પણ તે બચી ગયેલી. છોકરીને સાસરાના ઘર, ઘરનાં માણસો અને પોતાના પતિ પ્રત્યે અનહદ પ્રેમ હતો. તે ઘર છોડીને પિયરમાં આવવાની ઈચ્છા રાખતી ન હતી. યોગાનુયોગ તેનો દિયર પણ સાથે આવેલો. એક કુશળ માણસ દ્વારા ધીરેધીરે બંનેના વિચારો જાણવા - વાળવા પ્રયત્ન કર્યો. બંને સમજી ગયાં. છોકરી સગર્ભા હતી, તેના દિયરને સમજાવ્યો કે તારા ભાઈનું સંતાન તારા ઘરમાં જ રહેશે. તું આ છોકરીને સ્વીકારી લે. છોકરીને પણ સમજાવી કે હજુ તું માંડ વીસ વર્ષની થઈ છે. જિંદગી કાઢવી મુશ્કેલ થઈ જશે, માટે આ તારા દિયરને સ્વીકારી લે. નથી ઘર છોડવું કે નથી માણસો છોડવાં, બધું અહીં ને અહીં જ છે. અંતે છોકરી પણ સમજી ગઈ. બંનેનાં લગ્ન કરાવી દીધાં. સમય થતાં તેને દીકરો જન્મ્યો. આજે બધાં લીલાલહેર કરે છે. આવાં લગ્નોને પ્રોત્સાહિત કરવાં જોઈએ.

માનો કે છોકરી, શોકના ઊભરામાં જીવનભર વિધવા રહી હોત તો શું થાત? સમય જતાં શોકનો ઊભરો શાંત થઈ જાત, પછી કુદરતી આવેગોના પ્રવાહમાં કદાચ કોઈ માણસ સાથે સંબંધ બાંધી બેઠી હોત. કદાચ પેલા દિયરની સાથે જ આવો સંબંધ

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

બાંધી દીધો હોત, કારણ કે બંને એક જ ઘરમાં રહેતાં હતાં, કદાચ ત્યાં સુધીમાં દિયર પરણી ચૂક્યો હોત, તો તેના દાંપત્યમાં પણ આગ લાગી જાત. એમ કહી શકાય કે ત્રણેનું જીવન બરબાદ અને કલંકિત થઈ જાત. તેના કરતાં પ્રારંભથી જ બંનેએ લગ્ન કરી લીધાં એટલે ઘણા અનર્થોથી બચી ગયાં. સમાજે આવાં લગ્નોને સ્વીકારવાં જોઈએ.

પતિ-પત્નીના સંબંધોમાં એક બીજી મહત્ત્વની બાબતનો વિચાર કરવો જોઈએ. ભારતમાં - ખાસ કરીને ઉચ્ચ વર્ણના હિંદુઓમાં (બ્રાહ્મણોમાં) સગોત્ર વિવાહનો પ્રતિબંધ છે. સગોત્ર એટલે કે વર કન્યા બંનેનું એક જ ગોત્ર હોય તેને સગોત્ર કહેવાય છે. એક એવી માન્યતા છે કે, જે જે ઋષિઓનાં જે જે સંતાનો થયાં તે, તે તે ઋષિના ગોત્રવાળાં થયાં. માનો કે કોઈનું ભારદ્વાજ ગોત્ર છે. તે ભારદ્વાજ ગોત્રમાં લગ્ન કરી શકે નહિ, સગોત્ર વિવાહના નિષેધથી. તેના પક્ષધરોનું માનવું છે કે ભિન્ન ગોત્રીય લગ્નોથી સારાં સંતાન ઉત્પન્ન થાય છે. મને આ વાત બરાબર લાગતી નથી. જો આ રીતે સારાં સંતાન ઉત્પન્ન થતાં હોય તો આપણી પ્રજા સારી થવી જોઈતી હતી. પણ મોરલમાં, શૌર્યમાં, બીજા અનેક નૈતિક ગુણોમાં આપણે કેવા છીએ તે જગજાહેર છે. બીજું કે ગોત્રસાંકર્યથી વર્ણસાંકર્યનો દોષ પણ લાગે. જો દરેક માણસ પોતાના જ વર્ણમાં લગ્ન કરીને સાચું લગ્નજીવન જીવી શકે તો, અને એ બીજા વર્ણમાં લગ્ન કરીને વર્ણસંકર થાય તો પછી આ જ નિયમ ગોત્ર માટે પણ કેમ લાગુ ન કરાય? પણ મને લાગે છે કે કાંઈક બફાઈ ગયું છે. વળી સૌથી મોટી મુશ્કેલી ગોત્ર વિનાની પ્રજા માટે છે. માનો કે ક્ષત્રિયો, વૈશ્યો, શુદ્રો, અતિશૂદ્રો વગેરેને ગોત્રની કશી ખબર જ નથી હોતી. બહુ બહુ તો આવા ગોત્રવિહીન લોકો માટે પુરોહિતોએ સૌના માટે કાશ્યપગોત્ર નક્કી કર્યું છે. બધાનાં કાશ્યપગોત્ર હોવાથી તેઓ તો બધા સગોત્ર લગ્ન જ કરતા થયા છે. શું તેમનાં સંતાનો સારાં નથી હોતાં? પ્રાચીન કાળમાં મામા-ફોઈનાં સંતાનોનાં લગ્ન થયાના દાખલાઓ છે. મુસ્લિમોમાં તો સગાં ભાઈ-બહેનો સિવાય ગમે તે વરકન્યા થઈ શકે છે. આ પ્રથાથી તેમને કેટલું નુકસાન થયું છે તે તો જાણી શકાયું નથી, પણ ફાયદા અનેક થયા છે. મામા પક્ષની કે કાકા પક્ષની કન્યાઓ અને વરો સહજ રીતે પરસ્પરમાં લગ્ન કરીને જીવન જીવી શકે છે. આના કારણે વર કન્યાનાં કુળો જાણીતાં હોય છે. વર-કન્યાની અછત નથી રહેતી અને પરસ્પરના સંબંધોથી વંશવૃદ્ધિ થઈ શકે છે. મને લાગે છે કે આ સગોત્ર વિવાહનિષેધ ઉપર ફરીથી વિચાર કરવો જોઈએ. મુસ્લિમો જેટલી વ્યાપકતા કદાચ ન રાખી શકાય તો પણ સાત સાત પેઢીઓ સુધીનાં સગપણ ખોળીને જે અવરોધ પેદા કરાય છે તે ન કરવો જોઈએ. કાંઈક એવી છૂટછાટ રાખવી જોઈએ કે જેથી વર-કન્યાઓની અછતનો પ્રશ્ન ઉકેલી શકાય.

હિન્દુ સિવાયની વિશ્વભરની બધી પ્રજાને ગોત્ર નથી અથવા તેમને ખબર નથી. તો પણ તે લોકો લગ્નો કરે છે. વળી અત્યારે જે ગોત્રો પ્રચલિત છે, ખરેખર તેમાંથી જ બધી પ્રજા ઉત્પન્ન થઈ છે તેની ખાતરી નથી. મને લાગે છે કે એવા નિયમો ન રાખવા જોઈએ કે જેથી લગ્નમાં અનાવશ્યક અવરોધો ઉત્પન્ન થાય. ઉદારતાથી એકબીજાનો સ્વીકાર કરવો જોઈએ. કેટલાંક ગામોમાં, ગામમાં ને ગામમાં જ લગ્ન થાય છે, તો કેટલાંક ગામોમાં આ પ્રથાને ધૃણાથી જોવાય છે. ગામમાં જ લગ્ન કરનારાનાં છોકરાં કાંઈ હીન નથી હોતાં અને દૂરનાં કાંઈ ઉત્તમ નથી હોતા.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

## તું અને હું – આ દાસ્તાન સનાતન

*(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)*

રોજેરોજ સવારમાં તારી છબી સામે મેં ધૂપસળીઓ લઈને નતમસ્તકે હું ઊભો રહું. અઠવાડિયે એકાદવાર એકત્ર કરેલ એ ધૂપસળીઓની ભસ્મ સ્નાનપૂર્વે ધારણ કરું છું. ક્યારેક મારું કોઈ પ્રિય ગીત પ્લેયર પર કે રેડિયો પર સાંભળતાં તારી છબી સામે ત્રણ મિનિટ એ ગીતના તાલે હળવું નૃત્ય પણ કરું છું. મારે મન આ બધું હવે એક સાધના જ છે – તારી સાક્ષીએ.

આખરે તો હું હાડમાંસનો એક સરેરાશ મનુષ્ય જ છું. ફરીફરીને હું તને કહેતો રહીશ કે હવે મને તારી પાસેથી કે આ સંસાર પાસેથી કશું જ ખપતું નથી. આમ છતાં ક્યારેક લાગણીના પ્રવાહમાં હું કંઈક માગું તો તું એને રદબાત્તલ સમજી લેજે.

અનેકવાર આપણે સાંભળેલ ગીત 'રાખનાં રમકડાં'ન ગૂઢાર્થ હવે બરાબર સમજાઈ ગયો છે. આપણા પુત્ર જયેશને પણ હવે મેં સ્પષ્ટ કહ્યું છે કે - 'મારા અંતિમ સંસ્કાર પ્રસંગે શું કરવું - શું ન કરવું એવી કેટલીક સૂચનાઓ દક્ષાની હાજરીમાં આપેલ હતી, એ બધું જ હવે રદબાત્તલ સમજવું.'

"તું અને હું"ની આ દાસ્તાન ભલે સનાતન છે, આમ છતાં મને થાય છે કે "તારી અને મારી" કથાના આ નવમા પડાવે સમાપન કરીએ – કરીએ જ છીએ. વીસેક વર્ષ પહેલાં એક અનુભૂત સૂત્ર મને જડ્યું હતું : "અધૂરૂં સો મધુરું."

*(અપૂર્ણ છતાં સંપૂર્ણ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

**નોંધ :**

- ★ *ગાંધીધામ સ્થિત જાણીતા લેખક શ્રી માવજી કે. સાવલાની ઉપરોક્ત રસપ્રદ લેખમાળા અહીં સમાપ્ત થાય છે. કેટલાક સુજ્ઞ વાચકવર્ગે તેમની આ લેખમાળાની એક અલગ ફાઈલ બનાવીને પોતાની લાઈબ્રેરીમાં રાખેલ છે, જે તેની લોકપ્રિયતાના દૃષ્ટાંતરૂપ છે.*
- ★ *અત્રેના ખાસ આગ્રહથી, તેમની નવી લેખમાળા "દિલનું દર્પણ - રોજનીશીની સાંખે" મંગલ મંદિરમાં ટૂંક સમયમાં શરૂ થશે. આરંભથી વાંચવાનું ચૂકશો નહિ.*

*– તંત્રીમંડળ*

*નિરાશાવાદી માણસ બીજાના સદ્‌ગુણો જોતો નથી, પણ બીજાના દુર્ગુણ જોવાનું એ ચૂકતો નથી.*

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૯)

• માવજી કે. સાવલા •

*"હમ તુમ, યુગયુગ સે,*
*મિલતે રહે હૈં....*
*મિલતે હિ રહેંગે...."*

આમ તો આ અને આવા ઘણાબધા ગીતો સાંભળતો રહું છું, એ તો તું જાણે જ છે. એવું ક્યારેક મેં જોયું છે કે કેટલીકવાર એના એ શબ્દોના મર્મ સુધી - ઊંડે સુધી પળભરમાં પહોંચી જવાય છે. તારી ચીર વિદાયને આજે (તા. ૩-૧૨-૨૦૧૪) પોણા ચૌદ મહિના થવા આવ્યા, એટલે કે આશરે ૪૧૩ દિવસ. આ સમય ખંડમાં જ તારી છબી સામે નજર માંડતાં જે કેટલાક શબ્દો ઊંડા અર્થ સાથે એવી રીતે મારી સન્મુખ પ્રકાશિત થયા. મારા મનમાં જે થોડી ઝાઝી દ્વિધાઓ કે મૂંઝવણો હોય એ આવી પળોમાં જાણે કે હવામાં ઓગળી જાય છે. આજે આવી કેટલીક વાતો જાણે કે મારો નૂતન માર્ગ પ્રકાશિત કરતી રહી છે. માર્ગ એટલે ઈંટ - પથ્થરનો - ડામરનો રોડ નહિં, અને એવી ક્ષણો આવતી જાય છે કે માર્ગ પોતે જ પ્રકાશિત થઈને મને દોરતો રહે છે.

હજી તો ગયે અઠવાડિયે (શનિવાર, તા. ૨૨-૧૧-૨૦૧૪) પરોઢે ત્રણ વાગે હું જાગ્યો - પથારી પર બેઠો અને મને ચક્કર આવવા લાગ્યા. માંડ માંડ લથડતે પગલે ચાલીને હું સ્વીચબોર્ડ સુધી પહોંચી, ઘંટીનું બટન દબાવ્યું. પુત્ર જયેશ અને પુત્રવધૂ ભારતી તત્ક્ષણ આવી પહોંચ્યા. પુત્રી દક્ષાને બોલાવી લેવા મેં જ સૂચવ્યું અને એ પણ આવી પહોંચી. સાવ સ્વાભાવિક છે એ ૮૫ની ઉંમરે જાણે કે તારા જ માર્ગે, તારા સુધી પહોંચવાનો મંગળ અવસર આવી પહોંચ્યો! કોઈ ડૉક્ટરને ન જ બોલાવવાની સ્પષ્ટ સૂચના તો મેં આપી જ દીધી. જયેશે ૨-૩ ડોઝ દવાના મને એની સૂઝ મુજબ (હોમિયોપેથીના) આપ્યા. પુત્રવધૂ ભારતીને મને 'લોગસ્સ' સૂત્ર સંભળાવવા કહ્યું અને એક ચિત્તે એ શબ્દે શબ્દ સાંભળતો રહ્યો. એ ત્રણેયને મેં ભાવપૂર્વક 'મિચ્છામિ દુક્કડં' પણ કર્યા. પ્રતિભાવમાં પુત્રી દક્ષાએ મને કહ્યું – 'અગાઉ પણ કેટલાય જન્મોમાં કોઈન કોઈ સંબંધે આપણે સંકળાયા હોઈશું જ, એટલે હજી બીજા થોડાક જન્મો સુધી આવા ઋણાનુબંધો ભલે ચાલતા રહે, 'મિચ્છામિ દુક્કડં' કહીને મારે હિસાબ પૂરા નથી જ કરવા!'

અન્ય નજીકમાં જ રહેતા નિકટના કુટુંબીજનોને ન જ બોલાવવા મેં આદેશ આપી દીધો. આ નાટક મારું બે કલાક ચાલ્યું, અને મારો ઈચ્છિત પડદો ન જ પડ્યો. આમ ફરી એકવાર તારા સુધી પહોંચવાનો આવેલ એક મંગળ અવસર હું ચૂકી જ ગયો. બે કલાક પછી તો જાણે કશું જ ન થયું હોય એવો સ્વસ્થ - સ્ફૂર્તિથી સભર થઈ ગયો હતો!

સાતેક દાયકા પૂર્વે (મારી ૧૫-૧૭ વર્ષની ઉંમરે) મેં વાંચેલ એક દળદાર જૈન ગ્રંથ સંક્ષેપમાં વાત કરવાનો સમય પણ આવા યોગાનુયોગે જ બરાબર આવી પહોંચ્યો છે. એ ગ્રંથનું નામ છે : "પૃથ્વીચંદ્ર ગુણસાગર - ૨૧ ભવનો સ્નેહસંબંધ"

એ મારી કાચી ઉંમરે એ ગ્રંથનો મર્મ તો મને ક્યાંથી સમજાયો હોય? પણ તે વખતે પણ એના કથારસમાં હું વહેતો રહ્યો હતો. હવે આજે જન્મ જન્માંતરના સંબંધો અને ઋણાનુબંધ સ્પષ્ટ સમજાય છે. પૃથ્વીચંદ્ર અને ગુણસાગર એવા બે જીવાત્માઓના ઋણાનુબંધે સતત ૨૧ ભવ સુધી ચાલેલા સ્નેહ સંબંધની કથાનો આ અદ્‌ભુત ગ્રંથ છે. ક્યારેક કથાના એ બંને પાત્રો મિત્રો તરીકે ભેગા થાય છે, તો ક્યારેક વળી પતિ-પત્ની તરીકે, માતા-પુત્ર તરીકે, પિતા-પુત્ર તરીકે, ભાંડુઓ તરીકે, શેઠ નોકર તરીકે યા વેપારમાં ભાગીદાર તરીકે. આમ કથારસનો પ્રવાહ એકધારો વહેતો રહે છે.

ભલે ગયે અઠવાડિયે પરોઢે સ્વાસ્થ્યના વિક્ષેપરૂપે આવેલ તારા સુધી પહોંચવાનો એ મંગળ અવસર હું ચૂકી ગયો, તું જાણે જ છે કે પીડાઓ સહન કરવાની તારા જેવી સ્વસ્થતા - સહનશીલતા મારી નથી જ. પણ એટલું તો ચોક્કસ કહું છું કે બચી રહેવાનું - ટકી રહેવાનું આયુષ્ય હજી લંબાવવાનું રતિભર પણ મારા મનમાં નથી થતું. આવી સ્પષ્ટ સમજણથી જ ગાંધીધામના જે ઉત્તમ અને નિષ્ઠાવાન ડૉક્ટરની સલાહ હેઠળ હું વીસેક વર્ષથી છું, એ ડૉક્ટરને તા. ૧-૧૨-૨૦૧૦ના મેં આપેલ વિધિવત્ પત્ર અહીં યથાવત મૂકવાનું હું ઉચિત સમજું છું :

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

**mavji k. savla**

Applied Philosophy Study Centre, N-45, Gandhidham, Kutch-370 201.

Tel.: (02836) 221526, 220877

*બુધવાર, તા. ૧-૧૨-૨૦૧૦*

***પ્રતિ, ડૉ. વી.એલ. મોરખિયા,***
***એમ.ડી. કાર્ડિયોલોજિસ્ટ,***
***ગાંધીધામ.***

*પ્રિય ડૉક્ટર,*

*તમારા માટે અમારા આખા પરિવારમાં જે આદરભર્યું સ્થાન છે તે હું કંઈ શબ્દમાં લખી શકું નહિ. મારા પિતાશ્રીને પણ તમે મૃત્યુના દ્વારેથી અમારી વચ્ચે પાછા પહોંચાડ્યા. એટલું જ નહિ, એ પછી પણ એમણે છેવટ સુધી સ્વસ્થતાપૂર્વક લાંબું આયુષ્ય ભોગવ્યું. મારા પ્રથમ હાર્ટએટેક (૧૯૯૬) વખતે હોસ્પિટલના રૂમ સુધી પહોંચતા પહેલા જ હું બેહોશ થઈને પડી ગયેલ. ત્યારે ખરેખર તો તમે મને કબરમાંથી ઊભો કર્યો છે અને ત્યાર પછી આજની તારીખ સુધી પંદર વર્ષથી તમારા પ્રિસ્ક્રિપ્શનને ચુસ્તપણે અનુસરીને આજે એક્યાસી વર્ષની ઉંમરે પણ ઉત્તમ સ્વાસ્થ્ય મને મળ્યું છે. છતાં સ્વાભાવિક રીતે જ હવે તો હું અંતિમ અવસર માટે હરપળે તૈયાર છું. ટકી રહેવાની - બચી જવાની કશી જ કામના નથી. એટલે એવી કોઈ અંતિમ માંદગી પ્રસંગે મારા પરિવારજનો કદાચ મારી બેભાન અવસ્થામાં તમારી સારવાર માટે તેડી આવે તો આ અંગે મારા હિતચિંતક અને પારિવારિક કન્સલ્ટિંગ ફિઝીશિયન તરીકે મારી સારવાર અંગે નીચે મુજબની મારી અંતિમ ઈચ્છાઓ - લાગણીઓને તમારી સમક્ષ વિનંતીરૂપે મૂકું છું.*

*૧.* *મને બચાવી લેવા* drip medication *સિવાયની કશી જ સારવાર કે ટકાવી રાખવા કૃત્રિમ શ્વાસોચ્છવાસ સહિતના યંત્રો હરગીઝ ન મૂકવા.*

*૨.* *મને ટકાવી રાખવા કે બચાવી લેવા કરતાં શાંતિથી મારા કુટુંબીજનો વચ્ચેથી વિદાય લઉં એ મારી પસંદગીની ગમતી વાત અને અંતિમ ઈચ્છા છે. હું લાંબા કે ટૂંકા કોમામાં ન સરી પડું તે માટે માત્ર* drip medication *જેવી સાદી સારવારના તમે બધા જ પ્રયત્નો કરો તેમ હું ઈચ્છું.*

*૩.* *હું જાણું છું - સમજું છું કે તબીબી વ્યવસાય સાથે સંબંધિત કાનૂનો - નિયમો કે પ્રણાલિકા અનુસાર તમને આવું કંઈ કરતાં મૂંઝવણ કે સંકોચ થાય, પરંતુ મારા વિનંતીપત્રને કાનૂની ભાષામાં એક ડેક્લેરેશન અને સાથોસાથ* Indemnity Bond *તરીકે સ્વીકારું છું - માન્ય કરું છું અને મારા તમામ કુટુંબીજનો - વારસદારોને મારું આ ડેક્લેરેશન અને* Indemnity Bond *સમાન આ વિનંતીપત્ર બંધનકારક રહેશે.*

*આ પત્ર આજ તા. ૧-૧૨-૨૦૧૦ના લખ્યો છે અને સંપૂર્ણ સ્વસ્થ શારીરિક અને માનસિક અવસ્થામાં મારા પરિવારજનોની હાજરીમાં અહીં મેં સહી કરેલ છે અને એ સહીની સાક્ષીમાં અરસ-પરસ હાજરીમાં મારા પુત્ર જયેશ સાવલા અને પુત્રી દક્ષા સંઘવીએ અહીં સાક્ષી તરીકે સહી કરેલ છે.*

C.C. To : *સંજોગવશાત્ આવા અવસરે ડૉ. મોરખિયા જો બહારગામ હોય કે ઉપસ્થિત રહી શક્યા ન હોય તો એવા સમયે જે કોઈ ડૉક્ટરની સારવાર નીચે હું હોઉં એ સૌ ડૉક્ટરોને.*

Sd/-
**જયેશ સાવલા**

Sd/-
**માવજી કે. સાવલા**

Sd/-
**દક્ષા સંઘવી**

***(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)***

***કાયદા માત્ર ઘડવાથી જવાબદારીમાંથી છટકી શકાતું નથી, એનો અમલ થાય એ જરૂરી છે.***

# ઘોષ - પ્રતિઘોષ

● ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી ●

'અનુષ્ઠાન આજકાલ કેટલો બેચેન રહે છે! કેટકેટલા પ્રયત્નો મેં કરી જોયા, એના ઉદાસ ચહેરા પર પ્રસન્નતાનાં પૂર રેલાવવા માટે, પણ મારા તમામ પ્રયત્નો એની ઉદાસીમાં ઓટ આણવાને બદલે ભરતીનાં ભયાનક મોજાં ઉત્પન્ન કરે છે.' તિથિ બારીમાં બેઠી બેઠી વિચારી રહી છે... ઘટાટોપ અંધકાર અને આકાશમાંથી ઝડપભેર પસાર થતી વાદળોની વણઝાર. કેટલાં ઠગારાં છે આ વાદળો! નથી એ મન મૂકીને વરસતાં કે નથી વેગથી વિખરાતાં...દરેક મોસમની પોતાની આગવી વિશેષતા હોય છે...પણ આ વાત અનુષ્ઠાનને ગળે નથી ઊતરતી. જવાનીનાં ભરબપોરે એ પોતાના જીવનમાં શિશિરની ઠંડીને અકારણ જ આવકારી રહ્યો છે. અનુષ્ઠાન, હું તને કેમ સમજાવું કે ગૂંચવાયેલું કોકડું ખેંચતાણથી નહીં પણ ધૈર્યથી જ ઉકલે છે.'

તમે કહેશો : 'તિથિ, તું તો નારી છે. એક પુરુષની મનોવેદનાને તું માપી પણ કેવી રીતે શકે? અનુષ્ઠાનની લાચારી એ એક એવા યુવાનની લાચારી છે, જેણે ઊડવું તો છે, પણ ઊડવા માટે આકાશમાં યોગ્ય ખાલી જગા દેખાતી નથી.'

કદાચ આ વાતમાં તથ્ય હોય પણ કૌટુંબિક પ્રશ્નોમાં અહં, જીદ અને દુરાગ્રહને મહત્ત્વ હું નથી આપતી. અનુષ્ઠાનના પિતા એટલે કે મારા સસરા ધીકતી કમાણીવાળો ધંધો કરનાર કુશળ બિઝનેસમેન છે. તેઓ ઇચ્છતા હતા કે તેમનો પુત્ર અનુષ્ઠાન પણ સુખ, સગવડો અને સાહ્યબીથી ધબકતા રંગીન જીવન વચ્ચે ઊછરે. પણ અનુષ્ઠાને હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યા બાદ કહ્યું : 'પપ્પા, તમે તમારો વટ પાડવા ખાતર મારે માટે ટ્યુશન રાખી મને પાંગળો બનાવો એ મને મંજૂર નથી. હું જાતે જ મહેનત કરીશ. તમારી ઓફિસમાં પાર્ટટાઈમ કામ કરીને, મારા ભણવા તથા કપડાં વગેરે પૂરતો ખર્ચ પણ હું જાતે જ ઊભો કરીશ.'

અને બીજે જ દિવસે તેના પપ્પા ઓફિસેથી પાછા ફર્યા ત્યારે પોતાની સાથે ફેમિલી ડોક્ટરને લઈને આવ્યા હતા. અનુષ્ઠાનના મગજ પર કશીક અસર થઈ ગઈ છે, એની દવા કરાવવાનું નક્કી કરવા માટે.

ડોક્ટરે અનુષ્ઠાનની પૂછપરછ કરી અને પ્રશ્નોની ઝડીઓ વરસાવી તેને મૂંઝવી નાખ્યો એટલે તે ઉશ્કેરાઈ ગયો, એટલે ડોક્ટરને ખાતરી થઈ ગઈ કે અનુષ્ઠાનના દિમાગમાં કશીક ખામી છે. હકીકતમાં, અનુષ્ઠાનને પોતાના પપ્પાનું દંભી વર્તન લેશમાત્ર પસંદ નહોતું. પોતાની માંદી પુત્રીની સારવાર માટે ઉછીના પૈસા લેવા માટે આવેલા પોતાના માળીને પચ્ચીસ રૂપિયા નહીં આપનાર પપ્પા, ઝૂકી ઝૂકીને સલામ કરી મંદિરમાં પ્રવેશવાનો સ્પેશિયલ પરવાનો આપનાર પૂજારીને એકસો એક રૂપિયા દક્ષિણા આપવામાં જરા પણ વિલંબ કરતા નહોતાં. મુનીમજીને મોતિયો ઊતરાવવા માટે લૉન આપવાની અરજી તેઓ છણકા સાથે નામંજૂર કરી શકતા હતા પણ પોતાને જ્ઞાતિમાં 'ચીફ ગેસ્ટ' બનાવનારના હાથમાં પંદર હજારનો ચેક પંદર જ મિનિટમાં મૂકી શકતા હતા.

અનુષ્ઠાનને ભણાવીને બરાબર તૈયાર કરવામાં તેમને જેટલો રસ હતો તેનાથી વિશેષ રસ મારે ઘેર 'માસ્તર' ભણાવવા આવે છે, એક નહિ, ચાર એમ કહેવામાં હતો. પણ અનુષ્ઠાન તો જુદી જ માટીનો છોકરો હતો 'બાપ બળે ભણે તે કપૂત' એવું તે દૃઢપણે માનતો હતો.

પરિણામે પોતાના પપ્પા સાથે વારંવાર ઝઘડો થતાં તેણે ઘર છોડી હોસ્ટેલમાં રહેવાનું નક્કી કર્યું... અનુષ્ઠાનના પપ્પાએ તેને પાઠ ભણાવવા માટે તમામ સગાં-વહાલાંને જાણ કરી દીધી કે તેને કોઈએ એક રૂપિયો પણ ધીરવો નહીં.

મારા પપ્પા હોસ્ટેલના રેક્ટર હતા. અનુષ્ઠાન એક દિવસ મારા ક્વાર્ટર પર આવ્યો અને કહેવા લાગ્યો : 'વડીલ, મારી મમ્મીએ મારી વર્ષગાંઠને દિવસે મને હીરા-જડિત વીંટી ભેટ આપી હતી. પૈસાની તકલીફ હોવા છતાં હું તેને વેચવા નથી ઇચ્છતો. આપ વીંટી ગીરો રાખી મને પૈસા આપશો? પાર્ટટાઈમ નોકરી મળે, પૈસા પાછા આપીને વીંટી છોડાવી લઈશ.'

અનુષ્ઠાનની ખુમારી જોઈ પપ્પા ખૂબ જ પ્રભાવિત થયા. અનુષ્ઠાન એક અમીર પિતાનો પુત્ર છે એની પપ્પાને ખબર હતી. પરંતુ પોતાના પપ્પા પાસે અનુષ્ઠાન હાથ લાંબો કરવા નહોતો માગતો, એ જાણીને તેની તરફ માન થયું. મમ્મીના મૃત્યુ બાદ હું અને પપ્પા છ રૂમના ક્વાર્ટરમાં રહેતાં હતાં. પપ્પાએ અનુષ્ઠાનને અમારી સાથે રહેવા વિનંતી કરી, પણ તે ન માન્યો.

અને પાંચ વર્ષ વીતી ગયાં, તેની ખબર જ ન પડી. અભ્યાસ પૂરો કર્યા બાદ પણ અનુષ્ઠાન હોસ્ટેલમાં જ રહ્યો. હવે એ અમારા ઘરના સભ્ય જેવો જ બની ગયો હતો. અનુષ્ઠાને ગ્રેજ્યુએટ થયા બાદ એક સરકારી નોકરી સ્વીકારી લીધી હતી.

અને એક મેઘલી રાત્રે પપ્પાને હાર્ટએટેક આવ્યો. હું અનુષ્ઠાન પાસે દોડી ગઈ. તેને તેડીને પાછી આવું તે પહેલાં જ મને અનુષ્ઠાન અને નસીબને સહારે છોડીને

*લાભની અપેક્ષા વિનાનું જ દાન સાચી શાંતિ આપે.*

પપ્પાએ પરલોકનો પ્રવાસ આદરી દીધો હતો.

પપ્પાના અવસાન બાદ ક્વાર્ટર ખાલી કરવું પડ્યું. અનુષ્ઠાન મને પોતાના કુટુંબમાં રાખી શકે તેમ નહોતો. અને પોતે એકલો હોવાથી સાથે પણ રાખી શકે તેમ નહોતો. એટલે એણે મારી સાથે લગ્ન કરી લીધાં અને અમે સ્વતંત્ર જીવન શરૂ કર્યું.

અનુષ્ઠાનને સરકારી નોકરી તો સરસ મળી હતી પણ તેના સિદ્ધાંતવાદી સ્વભાવને કારણે તે લાંબો સમય ત્યાં રહી શક્યો નહીં. તે સરકારી નોકરી છોડી બીજે પ્રાઈવેટમાં જોડાયો. પણ તેનો પ્રામાણિક અને આદર્શવાદી સ્વભાવ ત્યાં પણ તેને નડ્યો. ક્યાંય લાંબો સમય તે નોકરી કરી શકતો નહોતો. એટલે મેં પણ નોકરી શરૂ કરી. થોડાક જ સમયમાં હું નોકરીમાં સ્થિર પણ થઈ ગઈ.

એ વાતને માંડ એકાદ વર્ષ વીત્યું હશે. ત્યાં કોઈક અપશુકનિયાળ પળે ફરી અનુષ્ઠાનની નોકરી છૂટી ગઈ. એણે ખૂબ પ્રયત્ન કર્યો, પણ તે ઈચ્છતો હતો તેવી નોકરી તેને ન મળી. બેકારીનાં બે વર્ષે અનુષ્ઠાનને હચમચાવી મૂક્યો. અંદરથી તેને લઘુતાનો અનુભવ થવા માંડ્યો. હું તેની પૂરેપૂરી દરકાર રાખતી. તેને કોઈ રીતે ઓછું ન આવે તેનો ખ્યાલ રાખતી. છતાંય નાની નાની વાતમાં તેને માઠું લાગી જતું.

અને એક રાત્રે, એ ઝેરની શીશી ગટગટાવી જવાની તૈયારી કરતો હતો, ત્યાં જ હું બેબાકળી બની જાગી ગઈ. તેના હાથમાંથી શીશી છીનવીને બારી બહાર ફેંકી દીધી. 'અનુ, આ તું શું કરવા જઈ રહ્યો હતો? તને હું વારંવાર સમજાવી રહી છું કે પતિ-પત્નીનો સંબંધ એ રૂપિયાના રણકાર પર પ્રસ્થાપિત સંબંધ નથી. કમાવાની ક્ષમતા એ દાંપત્ય જીવનના સુખનું બૅરોમીટર નથી. જો નહિ કમાતી પત્નીનું, પતિ આનંદપૂર્વક ભરણપોષણ કરી શકતો હોય અને પત્ની એમાં નાનમ ન અનુભવતી હોય તો બેરોજગાર પતિનું ભરણ-પોષણ પત્ની કરે એમાં પતિએ શા માટે નાનમ અનુભવવી જોઈએ? અનુષ્ઠાન, તું તિથિને ઓળખે છે, તિથિના હૃદયને નહીં. પત્ની તરીકે નહિ તો છેવટે એક માતા-પિતા વંચિત પુત્રી પર તેં કરેલા ઉપકારનું ઋણ તો મને ચૂકવવા દે. લાગણીના સંબંધોમાં ઉપકારનું સ્મરણ અને સરવાળાનું મહત્ત્વ વધે ત્યારે એ વ્યવહાર બની જાય છે, સંબંધ નહિ. અનુષ્ઠાન, આટલું સમજીને તો તારી બેચેની દૂર કર...

...અનુષ્ઠાન આ ઘર તારું છે. તિથિ તારી ઋણી છે, અમીર પિતાની મદદ ન લેનાર સ્વમાની પતિની સેવાનું વ્રત મેં લીધું છે. એમાં મારે તારો સહકાર જોઈએ છે, અનુષ્ઠાન.

'ઊઠ, ઊભો થા. મોં ધોઈને ફ્રેશ થઈ જા.' અનુષ્ઠાન હળવોફૂલ બની ગયો હતો. એણે બારી બહાર નજર કરી. વાદળો વિખેરાઈ ગયાં હતાં. ચંદ્રનાં અમૃતમય કિરણો એક લાગણીભીના દાંપત્યના અજવાળાં સમક્ષ ઝાંખપ અનુભવી રહ્યાં હતાં. ■


M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.



M/s. J. D. Roadlines
M/s. J. D. Logistics
M/s. J. D. Transport Co.



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

E-mail : jdtcompany@gmail.com

# અનિદ્રા (Insomnia)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

અનિદ્રા કે ઊંઘ ન આવવી એ એક સામાન્ય ફરીયાદ છે. ફેમિલી ડૉક્ટર પાસે આવનારા દર્દીઓમાં દર દસ દર્દીમાં બે દર્દીઓની મુખ્ય ફરિયાદ "ઊંઘ નથી આવતી" એ હોય છે.

અનિદ્રા એટલે ઊંઘ આવવામાં તકલીફ થાય, ઊંઘ મોડેથી આવે કે શરૂઆતમાં ઊંઘ આવી જાય પણ પછી વચ્ચે ઊંઘ ઊડી જાય અને / અથવા સંતોષજનક ઊંઘ ન આવે.

ઊંઘ ન આવવાને લીધે / ઓછી આવવાને લીધે (૧) યાદશક્તિ પર નકારાત્ક અસર થાય, (૨) હતાશા રહે, (૩) ગ્રહણશક્તિ ધીમી પડી જાય, (૪) પ્રતિક્રિયા (reaction time to stimulus) મંદ થઈ જાય, (૫) સ્વભાવ ચીડિયો થઈ જાય, (૬) ડાયાબિટીસ થવાની શક્યતા તેમજ હાર્ટ ઍટેક આવવાની શક્યતા વધી જાય, (૭) વાહન ચલાવતી વખતે અકસ્માત વધી જાય, (૮) રોગ પ્રતિકાર શક્તિ (Immunity) ઓછી થઈ જાય.

## • વ્યાખ્યા :

અમેરિકન સાઈકિયાટ્રીક એસોસિએશને તાજેતરમાં મનના રોગો વિષેનું બહાર પાડેલ પુસ્તક ડી.એસ.એમ.-૫ (D.S.M.-5)માં અનિદ્રા વિષે નીચે પ્રમાણે મુદ્દાઓ આપ્યા છે :

ઊંઘનું પ્રમાણ (કેટલા કલાક ઊંઘ આવી - Quantity) અને / અથવા કેવી ઊંઘ આવી (ઊંઘની ગુણવત્તા - Quality) વિષે મન બેચેન રહે, મનમાં અસંતોષ રહે તથા નીચે વર્ણવેલા મુદ્દાઓમાંથી એક કે વધારે મુદ્દાઓ હોય :

૧. શરૂઆતમાં ઊંઘ આવવામાં તકલીફ થાય, ઊંઘ મોડેથી આવે (early night insomnia)
૨. શરૂઆતમાં ઊંઘ આવે પણ વચ્ચે ઊંઘ ઊડી જાય, વચ્ચે જાગી જવાય અને પછી ઊંઘ ન આવે અથવા પછી મોડેથી ઊંઘ આવે (middle insomnia)
૩. પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જાય અને પછી ઊંઘ ન આવે (Early monrning insomnia)

ઊંઘ આવવા માટેની બધી સગવડો હોય છતાં અઠવાડિયામાં ત્રણ રાત્રે ઉપરોક્ત તકલીફ થાય અને આ તકલીફ ઓછામાં ઓછી ત્રણ મહિના રહે તો અનિદ્રાની તકલીફ કહેવાય.

## • અનિદ્રા બીમારીનું લક્ષણ છે :

તાવ આવવો એ બીમારીનું એક લક્ષણ છે, બીમારીનું નિદાન નથી. બીમારીના નિદાન માટે અન્ય લક્ષણો, વૈદ્યકીય તપાસ તથા જરૂરત પ્રમાણે લેબોરેટરી તથા અન્ય તપાસ જરૂરી છે. બીમારીનું યોગ્ય નિદાન કરવું અગત્યનું છે જેથી યોગ્ય સારવાર કરી શકાય અને દર્દીને રોગમુક્ત કરી શકાય. મેલેરિયાના તાવમાં, ટી.બી.ના તાવમાં, ન્યુમોનિયાના તાવમાં, પેશાબમાં રસી થઈ હોય એ તાવમાં સારવાર અલગ અલગ થાય છે. તાવ ઉપરોક્ત બધી બીમારીમાં એક લક્ષણ હોય છે. દવાઓ અલગ અલગ અપાય છે.

તેવી જ રીતે અનિદ્રા પણ બીમારીનું એક લક્ષણ છે, બીમારીનું નિદાન નથી. બીમારીના યોગ્ય નિદાન માટે અનિંદ્રા જોડેના અન્ય લક્ષણોની જાણકારી મેળવવી જરૂરી છે. શારીરિક તપાસ (Physical Examination) સાથે મનની તપાસ (Mental Status Examination) અગત્યની છે. જરૂરત પ્રમાણે લેબોરેટરી તપાસ તથા સાઈકોલોજિકલ તપાસ પણ જરૂરી છે. આથી યોગ્ય નિદાન થઈ શકે તથા યોગ્ય સારવાર કરી શકાય. અહીં વર્ણવેલ કેસ સ્ટડી પરથી ઉપરોક્ત મુદ્દો સારી રીતે સમજી શકાશે.

## • કેસ સ્ટડી :

૪૬ વર્ષના નીતિન (નામ બદલ્યું છે)ને છેલ્લા દોઢેક વર્ષથી ઊંઘ બરોબર આવતી ન હતી. તપાસ દરમ્યાન નીતિને જણાવ્યું કે ડૉક્ટર સાહેબ, ફક્ત ઊંઘનો જ પ્રોબ્લેમ છે. ઊંઘ નથી આવતી એટલે રાતના વિચારો આવે છે. ઊંઘ બરોબર આવી જશે તો હું બરોબર થઈ જઈશ. ફક્ત ઊંઘ માટે તમે કાંઈક કરો.

દોઢેક વર્ષથી નીતિન રાત્રે સૂતી વખતે ઊંઘની ગોળી લે છે. શરૂઆતમાં ઊંઘની ગોળીથી નીતિનને રાત્રે ઊંઘ આવી જતી હતી. ગોળી ન લે તો ઊંઘ ન આવે. થોડાક સમય પછી ઊંઘની ગોળીથી પણ ઊંઘ ઓછી થઈ ગઈ. નીતિને ગોળીનું પ્રમાણ વધારીને ડબલ કરી દીધું. ત્યારબાદ પણ રાત્રે બે-ત્રણ કલાક ઊંઘ આવતી. સવારે ઉઠવાનું મન ન થતું.

શારીરિક વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ નોર્મલ હતી પરંતુ ડાયાબિટીસની અસર હતી (બ્લડ સુગર વધારે

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

હતી). ડાયાબિટીસને કાબૂમાં લેવા ગોળીઓ ચાલુ કરેલ.

ઊંઘ ન આવવાની તકલીફ ચાલુ જ રહી. ઊંઘની ગોળીથી બહુ ફરક ન પડ્યો. ડાયાબિટીસનું પ્રમાણ પણ વધી ગયું હતું.

એક હિતેચ્છુની સલાહથી નીતિન લેખક - મનોચિકિત્સકનો અભિપ્રાય લેવા આવ્યા. ઊંડાણમાં તપાસ કરતાં નીચેની મહત્ત્વની માહિતી મળી જેથી યોગ્ય નિદાન થઈ શક્યું.

નીતિનને રાત્રે ઊંઘ આવતી ન હતી. પરોઢિયે ઊંઘ આવતી હતી. સવારના મોડું ઉઠાતું હતું. રાત્રે વિચારો વધારે આવતા હતા. નકારાત્મક વિચારો આવતા હતા. અપરાધભાવના (guilt feeling) વિચારો આવતા હતા. "મારે લીધે ધંધામાં નુકસાન થયેલ છે. હું અપરાધી છું." સવારના સ્ફૂર્તિ રહેતી ન હતી, મુંઝારો થતો હતો, બેચેની રહેતી હતી. સવારમાં તૈયાર થઈ ધંધા પર જવાનું મન થતું ન હતું. બપોર પછી ધંધા પર જતો હતો. (નોર્મલ હતો ત્યારે સવારના જ ધંધા પર પહોંચી જતો હતો.) સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. નાની નજીવી બાબતોમાં ગુસ્સો આવી જતો હતો. ગુસ્સે થઈ ગયા પછી પસ્તાવો કરતો હતો. ધંધામાં ભૂલો થતી હતી. એકાગ્રતા ઓછી થઈ ગયેલ. પ્રતિક્રિયા મંદ થઈ ગઈ હતી (slow reaction time). કોઈક વખત મરવાના વિચારો પણ આવતા હતા.

ખાવાપીવામાં, હરવા-ફરવામાં, પીક્ચર - નાટક જોવામાં રસ ઓછો થઈ ગયો હતો. ભૂખ ઓછી થઈ ગઈ હતી. નબળાઈ લાગતી હતી. વજન બે કિલો ઓછું થઈ ગયું હતું. વારંવાર માથાનો દુઃખાવો થતો હતો.

**• નીતિનના કેસમાં બીમારી તરફ લઈ જનારા પરિબળો :**

નીતિન એક સફળ વ્યાપારી હતો. અત્યાર સુધી નીતિને લીધેલા નિર્ણયોથી કંપનીને ફાયદો થયો હતો. તાજેતરમાં લીધેલા એક નિર્ણયથી કંપનીને થોડું નુકસાન થયેલ. ભાગીદારનો નિર્ણય અલગ હતો.

લાગણીશીલ નીતિનના મન પર ઊંડો આઘાત લાગ્યો. મનમાં અપરાધભાવ આવ્યો કે મારે લીધે કંપનીને નુકસાન થયું. ભાગીદારે સમજાવ્યું કે ધંધામાં ફાયદો - નુકસાન થવાના છે. નુકસાન થોડુંક જ થયું છે. આ પ્રસંગ ભૂલી જઈને પહેલાની જેમ ધંધો કરીએ. નીતિનનું મન આ માનવા તૈયાર ન હતું.

આ પ્રસંગના બે મહિના બાદ ઉપરોક્ત લક્ષણો (ઊંઘ ન આવવાના તથા અન્ય લક્ષણો) શરૂ થયા હતા.

**• નિદાન :**

નીતિનનો કેસ "હતાશાની બીમારી"નો છે. શારીરિક બીમારીઓની જેમ મનની બીમારીઓનું નિદાન લક્ષણો તથા વૈદ્યકીય અને લેબોરેટરી તપાસ પરથી થાય છે.

નીતિનના કિસ્સામાં લક્ષણો - હતાશા, મોજશોખની વસ્તુઓમાં રસ ઊડી જવો, વિચારો વધારે આવવા, નકારાત્મક વિચારો આવવા, અપરાધભાવ, મરવાના વિચારો, ઊંઘ ન આવવી, ભૂખ ન લાગવી, વજન ઓછું થવું વગેરે હતા તેમજ વૈદ્યકીય તપાસ નોર્મલ હતી.

**• સારવાર :**

હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medication) શરૂ કરી. હતાશા પ્રતિરોધક દવાઓ ઊંઘની દવાઓ નથી. ઊંઘની દવાઓ બંધ કરી. ધીમે ધીમે નીતિનને ફાયદો થવા માંડ્યો. ત્રણ અઠવાડિયાની સારવારમાં નોંધપાત્ર ફરક પડ્યો. ત્રણ મહિનાની સારવારમાં લક્ષણો કાબૂમાં આવ્યા. પ્રતિક્રિયા તથા દૃષ્ટિકોણ અને જીવનશૈલી બદલવા કાઉન્સેલિંગ શરૂ કર્યું.

ઊંઘ પહેલાની જેમ નોર્મલ થઈ. ભૂખ વ્યવસ્થિત લાગવા માંડી. સવારના મોર્નિંગ વૉક કરવા લાગ્યો. ધંધા પર સમયસર જવા લાગ્યો. પત્ની તથા બાળકો જોડે થિયેટરમાં પિક્ચર જોઈ હોટેલમાં ડીનર લઈ આવ્યા. ચીડિયાપણું ગાયબ થયું. ડાયાબિટીસની ગોળીઓનું પ્રમાણ ઓછું કરી શકાયું.

**• મનોવિશ્લેષણ :**

અનિદ્રા એ બીમારીનું લક્ષણ છે, બીમારીનું નિદાન નથી. બીમારીનું યોગ્ય નિદાન કરવું અગત્યનું છે જેથી યોગ્ય સારવાર કરી શકાય. નીતિનના કિસ્સામાં હતાશાની બીમારી હતી જેનું એક લક્ષણ અનિદ્રા હતું.

મેલેરિયા કે ન્યુમોનિયાથી પીડાતા દર્દીને તાવ આવે છે. આ દર્દીને મેલેરિયા કે ન્યુમોનિયાને કાબૂમાં રાખવાની દવા અપાય છે, નહીં કે ફક્ત તાવને કાબૂમાં રાખવાની દવા.

અનિદ્રાથી પીડાતા દર્દીમાં મૂળ બીમારી કઈ છે એનું નિદાન કરી ઊંઘની દવાને બદલે મૂળ બીમારીની સારવાર કરવી જરૂરી છે.

હવે પછીના લેખમાં અનિદ્રાના કારણો તથા સારવાર વિષે જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ*
*રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૫

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

★ **'મંગલ મંદિર' – માસ જાન્યુઆરી-૨૦૦૯નો અંક 'દક્ષિણ ગુજરાત વિશેષાંક' તરીકે પ્રકાશિત થયેલ અને તા. ૧૮-૧-૨૦૦૯ના રોજ સુરત મુકામે તેનો વિમોચન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.**

★ **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્રનું નવીનીકરણ થયા બાદ તા. ૨૨-૨-૨૦૦૯ના રોજ ફરી ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયેલ.**

'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૦૯નો અંક "દક્ષિણ ગુજરાત વિશેષાંક" તરીકે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો અને તેના વિમોચનનો કાર્યક્રમ શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાલ જૈન સમાજના ૧૦મા વાર્ષિક મિલન સમારંભમાં તા. ૧૮-૧-૨૦૦૯નાં રોજ સુરત ખાતે ખૂબ જ દબદબાપૂર્વક કરવામાં આવ્યો હતો.

આ સમારંભમાં સૌપ્રથમ શ્રી દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજના અધ્યક્ષ શ્રી મનુભાઈ છેડાએ સ્વાગત પ્રવચન કરેલ હતું અને માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ ગાલાએ સંસ્થાનો ગત વર્ષનો અહેવાલ રજૂ કરેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમ બાદ ઉપસ્થિત મહેમાનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

મંગલ મંદિર "દક્ષિણ ગુજરાત વિશેષાંક"ના વિમોચન અગાઉ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં પ્રમુખ તથા મે.ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ અને 'મંગલ મંદિર'ના કાર્યક્ષેત્રની વિગતોની રજૂઆત કરેલ હતી. તેઓએ આ વિશેષાંક વિશેની માહિતી વિસ્તારપૂર્વક સમજાવેલ હતી અને જણાવ્યું હતું કે આ બધી માહિતીઓ એક બુક સ્વરૂપે ગ્રંથસ્થ કરવી જરૂરી છે કારણકે આ અંકનો એક દસ્તાવેજ તરીકે હંમેશાં ઉપયોગ થઈ શકે તેવો છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ અંક ભારતભરનાં કચ્છીઓને ખૂબ જ ઉપયોગી થશે.

ત્યારબાદ ડૉ. રમેશભાઈ દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી મનસુખભાઈ છેડા દ્વારા રીમોટ કંટ્રોલની સ્વીચ દબાવીને ઉઘડતા કમળમાંથી વિશેષાંકના બંને ભાગ કાઢી તેનું વિમોચન જાહેર કરવામાં આવેલ હતું.

કાર્યક્રમ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી આ વિશેષાંક તૈયાર કરવામાં સતત ૬ મહિના સુધી અથાગ મહેનત કરનાર શ્રી જગદીશ રવિલાલ શાહનું સમાજના આદ્યસ્થાપક શ્રી હીરજી પાસુભાઈ શાહ અને શ્રી દિનેશ જગજીવન શાહના હસ્તે મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવેલ હતું. સાથે સાથે સહ કાર્યકરો કે જેઓએ ઉપરોક્ત ૬ મહિના દરમ્યાન સતતપણે જરૂરી મહેનત કરેલ તથા આ અંકના ખર્ચને પહોંચી વળવા માટે સારા પ્રમાણમાં જાહેરાતો એકત્રિત કરી આપેલ તેવા વાપીના શ્રી ચંપકલાલ ધનજી હરિયા તથા સુરતનાં શ્રી જયેશ વીસરિયા, શ્રી ચેતનભાઈ ઠક્કર તથા શ્રી શરદ દંડનું પણ મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

એ જ રીતે આ કાર્યક્રમ દરમ્યાન સુરતનાં અન્ય કાર્યકરો તથા નવસારી, ભરૂચ, વલસાડ, વાપી, દહાણું અને અંકલેશ્વરનાં જે કાર્યકરોએ આ અંક તૈયાર કરવામાં પોતાનો પૂરેપૂરો સાથ અને સહકાર આપેલ તેમનો પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતીથી ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

લંચ સમયના કાર્યક્રમ બાદ વિવિધ શહેરોના કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરેલ હતી. સાંજના ભોજન બાદ આ કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આવેલ શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાળા) સાંસ્કૃતિક કેન્દ્રનું ઉદ્‌ઘાટન બાર વર્ષ અગાઉ એટલે કે તા. ૨૬-૧-૧૯૯૭નાં રોજ કરવામાં આવેલ હતું. આ બાર વર્ષના સમયગાળા બાદ તેનું નવીનીકરણ કરવાની જરૂરિયાત ઊભી થતાં રૂા. ૫૦.૦૦ લાખના ખર્ચે આ સાંસ્કૃતિક કેન્દ્રનું વાતાનુકૂલિત સગવડતા સાથે નૂતનીકરણ કરવામાં આવેલ. ૩-૪ મહિનાની અથાગ મહેનત બાદ તેના ફરીથી ઉદ્‌ઘાટન કરવા માટેની તારીખ ૨૨-૨-૨૦૦૯ નક્કી કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પરંપરા અનુસાર ઉદ્‌ઘાટનની તડામાર તૈયારીઓ આદરી દેવામાં આવી હતી. ઉદ્‌ઘાટનના કાર્યક્રમ માટે અતિથિ વિશેષો નક્કી કરવામાં આવ્યા હતા અને તે પ્રમાણે આમંત્રણ પત્રિકાઓ ભારતભરમાં મોકલવામાં આવી હતી.

*પ્રસન્નતાની ભાવનાની સરખામણી ખળખળ વહેતા જળ સાથે કરી શકાય છે.*

અંતે ઉદ્‌ઘાટનનો દિવસ આવી પહોંચ્યો. બરાબર ૧૦ વાગ્યાનાં ટકોરે સાંસ્કૃતિક હોલના દાતા સ્વ. શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડાનાં લઘુબંધુ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કાયમી ટ્રસ્ટી શ્રી જગશી જેઠાભાઈ છેડાનાં વરદ્ હસ્તે નવીનીકરણ પામેલ સાંસ્કૃતિક હોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહારગામથી પધારેલ મહેમાનો સહિત અમદાવાદ સમાજનાં સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા. ઉપસ્થિત માનવ સમુદાયનાં ઉત્સાહજનક વાતાવરણ વચ્ચે ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન કરી હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થયા બાદ ઉપસ્થિત અતિથિ વિશેષશ્રીઓ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકરશ્રીઓ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદનાં અગ્રણીઓ તેમજ અમદાવાદ સ્થિત કચ્છી જૈન મહાનુભાવોએ સાંસ્કૃતિક કેન્દ્રમાં પોતાનું સ્થાન ગ્રહણ કરેલ હતું. પધારેલા સૌ મહાનુભાવો નવીનીકરણ સાંસ્કૃતિક કેન્દ્રની ભવ્યતા નિહાળી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, સમગ્ર સમાજ માટે આપેલ આ નજરાણાથી આનંદવિભોર થયેલ હતા.

બરાબર ૧૦.૩૦ વાગે નૂતન નવીનીકરણ પામેલ હોલમાં ઉદ્‌ઘાટન સમારંભ શરૂ કરવામાં આવેલ હતો. પ્રાર્થના બાદ સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ઉપસ્થિત સહુને આવકાર્યા હતા. કાર્યક્રમનાં મહેમાનશ્રીઓ, સમારંભના પ્રમુખ શ્રી મૂલચંદ કરમશી શાહ, ઉદ્‌ઘાટન શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા, દીપ પ્રાગટ્યનો લાભ આપનાર શ્રી છોટુભાઈ રામજીભાઈ ગાલા, હાઈકોર્ટનાં જજ શ્રી કાંતિભાઈ પૂજ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદનાં પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ, ગણેશ ચિક્કી પરિવારનાં શ્રી જયંતિભાઈ નિસર વગેરેનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન તથા અતિથિઓનાં સન્માન બાદ શ્રી છોટુભાઈ ગાલાએ દીપ પ્રગટાવી સમારંભની શુભ શરૂઆત કરાવેલ હતી. સંસ્થાનાં પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજના ત્રણે અતિથિ ગૃહો, પાલડી સ્થિત મેડિકલ સેન્ટર વગેરેની માહિતી ઉપરાંત અમદાવાદમાં સમાજના જરૂરિયાતવાળા કુટુંબો માટે આવાસ યોજના અંતર્ગત બંધાઈ રહેલાં ૪૦ ફ્લેટોની વિગતવાર માહિતી આપેલ હતી. તે ઉપરાંત સમાજ દ્વારા અમદાવાદ સ્થિત સમાજનાં સભ્યો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપેલ. શ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા થતી પ્રવૃત્તિઓની પણ માહિતી આપવામાં આવી હતી. સંસ્થાની માહિતી બાદ સાંસ્કૃતિક કેન્દ્રનાં નૂતનીકરણના આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠનું બહુમાન, સમારંભના પ્રમુખ શ્રી મૂલચંદભાઈ શેઠનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. સંસ્થા વતી જેમણે આ કામકાજ સંભાળી સમયસર પ્રોજેક્ટ પૂરો કરાવી આપનાર સાંસ્કૃતિક કેન્દ્ર રિનોવેશન સમિતિનાં કન્વીનર શ્રી પ્રતાપભાઈ દંડનું બહુમાન, ઉદ્‌ઘાટન શ્રી જગશીભાઈ છેડાનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. સાંસ્કૃતિક કેન્દ્ર રિનોવેશન સમિતિના અન્ય સભ્યો શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી કે.આર. શાહે આપેલ સેવાઓને બિરદાવવામાં આવેલ હતી.

દરેક અતિથિ વિશેષશ્રીઓએ પોતાના વક્તવ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાઓને બિરદાવી હતી. આ પ્રસંગે આજનાં સાંસ્કૃતિક હોલનાં ઉદ્‌ઘાટન શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાએ રૂા. ૧૧.૦૦ લાખના દાનની જાહેરાત કરી હતી. શ્રી જયંતિભાઈ નિસર તરફથી આવાસ યોજનાનાં એક ફ્લેટનાં દત્તક દાતા તરીકે રૂા. ૨.૫૦ લાખનાં દાનની જાહેરાત થઈ હતી. શ્રી જગશીભાઈ છેડાએ જણાવેલ હતું કે હું હંમેશાં જણાવું છું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કાર્યકરોમાં એવું સામર્થ્ય છે કે તેઓ રેતીમાં પણ નાવ ચલાવી શકે છે. તેઓશ્રીએ સમાજનાં કાર્યોને બિરદાવેલ હતા.

મહેમાનશ્રીઓના વક્તવ્યો બાદ સાંસ્કૃતિક કેન્દ્રનાં નૂતનીકરણનાં છેલ્લા દિવસોમાં નિઃશુલ્ક સેવા આપનાર શ્રી જીગેશ શાહ તથા નવીનીકરણ કાર્ય કરનારા વિવિધ કોન્ટ્રાક્ટરોનું પણ આજના કાર્યક્રમ દરમ્યાન બહુમાન કરવામાં આવ્યું હતું.

તે દિવસે સમારંભના ડેકોરેશનની નિઃશુલ્ક સગવડતા ઉપલબ્ધ કરાવવા બદલ તેમજ તે દિવસનાં ભોજન સમારંભની પણ નિઃશુલ્ક વ્યવસ્થા કરી આપનાર શણગાર ડેકોરેટર્સના શ્રી સમીરભાઈ શાહનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

સમારંભના અંતે સમારંભ પ્રમુખ શ્રી મૂલચંદભાઈ શેઠે પોતાનાં પ્રવચનમાં સંસ્થાની સેવાઓને બિરદાવેલ હતી. સંસ્થાનાં સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ કર્યા બાદ સૌએ સામૂહિક ભોજનનો લાભ લીધેલ હતો. તે દિવસનાં સમગ્ર કાર્યક્રમ દરમ્યાન 'સંકલ્પ'ના કાર્યકરોની વ્યવસ્થા શક્તિને બિરદાવવામાં આવેલ હતી.

આ હોલનાં ઉદ્‌ઘાટન નિમિત્તે રાત્રે ૮.૩૦ વાગે સાંસ્કૃતિક હોલમાં એક "વીસરાયેલા તારલાઓના સૂર" — સંગીત સંધ્યાના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ તારલાઓ આજથી ૨૦ વર્ષ અગાઉ 'સંકલ્પ'ના કાર્યકરો તરીકે ખૂબ જ સક્રિય હતા તથા કેટલાક તો વળી કલાકારો પણ હતા. આ વીસરાયેલા તારલાઓને ફરીથી રંગમંચ પર લાવવાનું આયોજન થયેલ હતું. આ તારલાઓમાં શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ, શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા, શ્રીમતી પ્રિયા ભરત ખોના વગેરે ખાસ હતા. તેઓએ એક પછી એક જૂના ગીતોની સૂરાવલિ, વાદ્ય ગ્રુપનાં સહારે રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિતા દંડ દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સૌજન્ય શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ તરફથી પ્રાપ્ત થયેલ હતું. રાત્રે ૧૧.૦૦ વાગે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

*(ક્રમશઃ)*

*આશા એટલે ખરાબમાં ખરાબ સંજોગોમાં પણ આનંદિત રહેવાની શક્તિ.*

# સાબરમતી રીવરફ્રન્ટ : અમદાવાદનું અનોખું નજરાણું

• અતુલ સોની •



થોડા સમય અગાઉ ચીનના રાષ્ટ્રપ્રમુખ શ્રી જીંગપીંગની ભારત મુલાકાતનો પ્રારંભ અમદાવાદથી થયેલ. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ચીનના વડા અને તેમના ધર્મપત્ની એ જ્યારે અમદાવાદના સાબરમતી નદી કિનારે નવનિર્મિત 'રિવરફ્રન્ટ ગાર્ડન'ની મુલાકાત લીધી ત્યારે દેશ અને દુનિયાભરના પ્રસાર માધ્યમના જીવંત પ્રસારણ દ્વારા સાબરમતી 'રિવરફ્રન્ટ'ની સુંદરતા અને ભવ્યતાના દર્શન સમગ્ર દેશવાસીઓને થયા. સાબરમતી નદીના વિકાસની ગાથા સમગ્ર દેશ સમક્ષ રજુ થઈ. દેશભરની આ પ્રથમ 'રિવરફ્રન્ટ' યોજનાથી અમદાવાદ તેમજ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધ્યું. અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી માત્ર થોડા વર્ષો અગાઉ જાણે મોટી સાઈઝની ખુલ્લી ગટર સમાન હતી. મહ્દ અંશે સૂકી રહેતી નદીમાં શહેરભરનું ગંદુ પાણી ઠલવાતું હતું. આસપાસ વસ્તી ઝૂંપડપટ્ટીઓમાં ગંદકીનું સામ્રાજ્ય હતું. આજે એજ સાબરમતી નદી બંને કાંઠે નિરંતર વહે છે. સમગ્ર વર્ષ દરમ્યાન તેમાં પાણી વહેતું રહે છે. નદીના બંને કાંઠાઓ પર સુંદર બાગ બગીચા, વોક વે સહિત અનેક આકર્ષણો આવી રહ્યા છે. નદી વિકાસની આ યોજના એટલે 'સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ'

સાબરમતી નદીમાં નર્મદા નદીનું પાણી આવવાથી નદીમાં બારેમાસ પાણી રહે છે અને તેનાથી શહેરની સુંદરતામાં વધારો થયેલ છે. તેટલું જ નહી અમદાવાદમાં ભૂગર્ભ જળનું સ્તર ઊંચું આવ્યું છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટના મોડેલના આધારે દેશના અન્ય શહેરી વિસ્તારમાં આવેલ નદીઓના વિકાસની યોજનાઓ બની રહી છે.

આ સમગ્ર યોજનાની વિગતો જાણવી રસપ્રદ રહેશે.

ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપનાના સમયથી સાબરમતી નદી શહેરનું અવિભાજ્ય અંગ રહી છે. પાણીનો મહત્વનો સ્રોત હોવા ઉપરાંત, તેણે સાંસ્કૃતિક અને આનંદ પ્રમોદની પ્રવૃત્તિઓમાં રંગમંચ તરીકે ભાગ ભજવ્યો છે. પાણી ન હોય ત્યારે નદીના પટમાં ખેતી પણ થતી હતી. સમયની સાથે નદીના પટમાં અનૌપચારિક રીતે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ અને રહેણાંક વસાહતોનો વિકાસ થયો હતો. છતાં સમય જતાં અતિ વપરાશને કારણે નદી પર તેની અસર થવા લાગી. ગંદા પાણીના નાળાઓ દ્વારા પ્રદૂષિત પાણી નદીમાં છોડવાને કારણે અને ઔદ્યોગિક કચરાનો નિકાલ કરવાને પરિણામે મોટા પ્રમાણમાં આરોગ્ય અને પર્યાવરણ સામે જોખમ ઊભું થયું હતું. નદીના પટમાં રહેલી ઝૂંપડપટ્ટીઓ પર સતત પૂરનું જોખમ તોળતું રહેતું હતું અને તેમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો. રિવરફ્રન્ટની આસપાસ ગેરકાયદેસર વિકાસ થઈ રહ્યો હતો. આવી પરિસ્થિતિઓને કારણે નદીનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું હતું અને તે માત્ર શહેરને બે ભાગમાં વહેંચતી એક રેખા બનીને રહી ગઈ હતી. ધીમે ધીમે, શહેર નદી તરફથી પીઠ ફેરવી રહ્યું હતું.

ઘણા સમયથી એવી સમજણ પ્રવર્તતી હતી કે રિવરફ્રન્ટને તેના અનિચ્છનીય સ્વરૂપમાંથી મહત્વની શહેરી અસ્કયામતમાં પરિવર્તિત કરી શકાય છે. આ માટેની દરખાસ્તો ૧૯૬૦ના દશકથી કરવામાં આવી હતી. અંતે ૧૯૯૮ના વર્ષમાં આ વિવિધલક્ષી પ્રોજેક્ટનું સ્વપ્ન સેવવામાં આવ્યું અને શહેર દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

● **સ્થાનિક ઈતિહાસ :**

સાબરમતી એ ભારતની પશ્ચિમ ક્ષેત્રની એક મોટી નદી છે. તે વર્ષા આધારિત નદી

*જિંદગી એટલે મોટાભાગના લોકો માટે આદર્શ અને શક્ય વચ્ચે સમાધાન.*



છે જે રાજસ્થાનની અરવલ્લીની ગિરિમાળાઓમાંથી ઉદ્‌ભવે છે અને રાજસ્થાન તથા ગુજરાતમાં તેનો તટપ્રદેશ આવેલો છે. ૪૦૦ કિ.મી. નો પ્રવાસ ખેડયા બાદ નદી ખંભાતના અખાતને મળે છે. આરંભિક ૯.૫ કિમી. સિવાય તે મહદ્ અંશે ગુજરાત રાજ્યમાંથી જ વહે છે. વિવિધ ઉપનદીઓ, જેમાં મુખ્યત્વે હમાવ, ગુહાઈ, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ, વાત્રક, મોહર અને શેઢી નદીઓ મુખ્ય નદીને મળે છે. ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર અને અમદાવાદ આ નદીને કાંઠે વસ્યા છે. સાબરમતી અને તેની ઉપનદીઓ પર કેટલાક બંધ જેવા કે ધરોઈ ડેમ, હાથમતી ડેમ, હર્ણાવ ડેમ, ગુહાઈ ડેમ, મેશ્વો જળાશય, મેશ્વો બંધ, માઝમ ડેમ અને વાત્રક ડેમ આવેલા છે. પહેલી ચાર યોજનાઓ અમદાવાદ ખાતે આવેલી મુખ્ય નદીને મળનારી ઉપનદીઓ પર આવેલી છે. ધરોઈ ડેમ મુખ્ય નદી પર આવેલો છે.

અમદાવાદ ખાતે નદી કુલ ૨૭,૮૨૦ ચોરસ કિમી.ના તટપ્રદેશમાંથી ૧૦,૩૭૦ ચોરસ કિમી.ના કેચમેન્ટ એરિયામાં પથરાયેલી છે. પ્રોજેક્ટ પહેલા, નદીની પહોળાઈ ૩૦૦ મીટરથી ૪૨૫ મીટર સુધીની હતી. ૧૯૭૬માં ધરોઈ ડેમ બાંધવામાં આવ્યો. (અમદાવાદથી લગભગ ૨૦૦ કિમી. પહેલા) ત્યાં સુધી સાબરમતીમાં અવાર-નવાર ગંભીર પૂર આવતું હતું.

**● પ્રોજેક્ટનો આરંભ :**

એ વાત ઘણા સમયથી જાણીતી છે કે અમદાવાદના રિવરફ્રન્ટનો યોગ્ય વિકાસ કરવાથી અને પૂરતા પ્રમાણમાં બુનિયાદી સુવિધાઓનું નિર્માણ કરવાથી સાબરમતી નદી શહેરની એક મહત્વપૂર્ણ અસ્કયામતમાં પરિવર્તિત થઈ શકે છે. અને શહેરના તમામ વર્ગના નાગરિકોના જીવનધોરણમાં મહત્વપૂર્ણ સુધારો થઈ શકે છે. સાબરમતી રિવરફ્રન્ટમાં શહેરની અનોખી ઓળખ ઊભી કરવાનું, લોકોને પાણીની નજીક લાવવાનું, શહેરના કેન્દ્ર વિસ્તાર પર પુનઃ ધ્યાન કેન્દ્રિત કરવાનું અને શહેરી સ્તરે સામાજિક માળખું અને આનંદ પ્રમોદની સુવિધાઓનું નિર્માણ કરવાનું સામર્થ્ય છે. આ ઉદ્દેશ્ય સાથે નીચેના પગલાઓ લેવામાં આવ્યા હતા.

૧૯૯૭માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) યોજનાના નિર્માણ અને વિકાસના પ્રબંધન માટે ખાસ હેતુ તરીકે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ કંપની (SRFDCL)નું નિર્માણ કર્યું. ત્યારબાદ ૧૯૯૭માં ડૉ. બિમલ પટેલ (EPC)ની આગેવાની હેઠળ યોજનાની ફિસીબીલીટી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને ત્યારબાદ SRFDCL એ યોજનાના સ્થાપત્ય, નિર્માણ અને શહેરી ડિઝાઈન વગેરે પાસાઓના નેતૃત્વ માટે HCP ડિઝાઈન અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રા. લિ.ની નિમણુંક કરી.

તમામ સંભાવનાઓ અને પ્રાથમિક ઉદ્દેશ્યોને આવરી લઈને સાબરમતી નદીના બંને કાંઠે આશરે ૧૧ કિલોમીટરની લંબાઈના વ્યાપક વિકાસ માટે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની કલ્પના કરવામાં આવી છે. યોજનાનો અભિગમ સમગ્રપણે રિવરફ્રન્ટની આસપાસ પર્યાવરણની સ્થિતિમાં સુધાર, સામાજિક ઉન્નતિ અને સશક્ત વિકાસ લાવવાનો છે.

**● પ્રોજેક્ટના હેતુઓ :**

આ પ્રોજેક્ટ સાબરમતી નદીના કાંઠે નદી કિનારાનું અર્થપૂર્ણ વાતાવરણ પૂરું પાડવાનો અને નદીની ફરતે અમદાવાદની ઓળખ પુનઃવ્યાખ્યાયિત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ પ્રોજેક્ટનો ધ્યેય શહેરને નદી સાથે પુનઃ જોડવાનો અને રિવરફ્રન્ટના અવગણના કરાયેલા પાસાઓમાં સકારાત્મકરૂપે પરિવર્તન આણવાની નેમ ધરાવે છે.

આ વિવિધલક્ષી પ્રોજેક્ટના ઉદ્દેશ્યોને ત્રણ મુદ્દાઓ હેઠળ વર્ગીકૃત કરી શકાય છે.

પર્યાવરણને લગતા સુધારા જમીનના ધોવાણમાં ઘટાડો અને પૂર સામે શહેરને સુરક્ષા આપવા માટે, નદીને સ્વચ્છ કરવા માટે નાળાઓને બીજી દિશામાં વાળવા, પાણીનો સંગ્રહ અને રિચાર્જ.

**● સામાજિક માળખું :**

નદીના પટમાં રહેલા વસાહતીઓ અને પ્રવૃત્તિઓનું પુનરુત્થાન અને પુનઃસ્થાપન, શહેર માટે સામાજિક-સાંસ્કૃતિક, સુખ-સુવિધાઓની તજવીજ.

**● જોવાલાયક સ્થળો :**

રિવર પ્રોમનાડ, ઘાટ, બોટિંગ સ્ટેશન, રિવરફ્રન્ટ પાર્ક : સુભાષબ્રિજ, રિવરફ્રન્ટ પાર્ક : ઉસ્માનપુરા, રિવરફ્રન્ટ માર્કેટ, એક્ઝિબિશન સેન્ટર.

**● રિવર પ્રોમનાડ :**

આ પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ છે નદીના દરેક કાંઠે પાણીની નજીક આવેલ દ્વિ-સ્તરીય, અવિરત વોક વે. લોઅર લેવલ પ્રોમનાડનો વોક વે પાણીની બિલકુલ નજીક જ બનાવેલ છે. જેથી માત્ર રાહદારીઓ અને સાઈકલ સવારોને જ લાભ મળી શકે અને પાણી સુધી પહોંચવાની સુવિધા પણ મળી શકે. અપર પ્રોમનાડના વોક વે પર શહેરી

*ઊંચા નારા લગાવવાથી માણસ ઊંચો આવતો નથી.*

સ્તરે વિવિધ સાર્વજનિક આકર્ષણોનું આયોજન થઈ શકે છે. સાથે મળીને આ વોક વે અમદાવાદને શહેરની મધ્યમમાં અવિરત ૧૧.૩ કિમી. લાંબો, રાહદારીઓ માટેનો ચાલવાનો માર્ગ પૂરો પાડે છે.

**● બોટિંગ સ્ટેશન :**

નદી પાસે પ્રોમનાડ (વોક વે) પર લોઅર લેવલ એ નદીમાં સહેલગાહ માટે બોટિંગ (નૌકાવિહાર) તેમજ ભવિષ્યમાં પાણી આધારિત જાહેર પરિવહનના માધ્યમ તરીકે બોટિંગ સ્ટેશનની સુવિધા ઊભી કરવામાં આવી છે. અત્યાર સુધી ત્રણ બોટિંગ સ્ટેશન કાર્યરત થઈ ચૂક્યા છે. પ્રથમ સ્ટેશન સુભાષ બ્રિજ પાસે પૂર્વ કાંઠે આવેલું છે. અન્ય બે સ્ટેશન ડાઉન સ્ટ્રીમમાં પશ્ચિમ કાંઠે, અનુક્રમે નહેરુ બ્રિજ અને સરદાર બ્રિજ પાસે આવેલા છે.

**● ઘાટ :**

નદીના લોઅર લેવલ વોક વે પર નિયમિત અંતરે પાણીની નજીક રહેવાની સુવિધા મળી શકે તે માટે ઘાટ બનાવવામાં આવેલ છે. પાણી સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને શક્ય બનાવવા માટે આવશ્યક સ્થળોએ આ ઘાટ તૈયાર કરવામાં આવ્યા છે.

**● ઉદ્યાન અને પ્લાઝા :**

આ પ્રોજેક્ટ હેઠળ આશરે સિત્તેર હેક્ટર, એટલે કે પુનઃપ્રાપ્ત કરેલ જમીનમાંથી લગભગ ચોથા ભાગ (૨૯%) ની જમીનનો ઉપયોગ શહેરની મધ્યમાં સાર્વજનિક જગ્યાના સર્જન માટે કરવામાં આવેલ છે. આ ખુલ્લી જગ્યાઓમાં જાહેર ઉદ્યાનો અને બગીચાઓથી લઈને આચ્છાદિત પ્લાઝા અને શહેરી જંગલોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગ આસપાસના વિસ્તારની જીવનશૈલીમાં સુધારો કરશે અને શહેરને ખાસ જરૂરી એવી હરિયાળી અને ગીચ બંધિયાર વાતાવરણમાંથી રાહત આપશે. બીજી બાજુ પ્લાઝા, સામાજિક મેળાવડા અને અનૌપચારિક પ્રવૃત્તિઓ માટે સાર્વજનિક જગ્યા પૂરી પાડશે.

**● રિવરફ્રન્ટ પાર્ક : સુભાષબ્રિજ:**

આ ઉદ્યાન, ગાંધીજીના સાબરમતી આશ્રમનું નદીની પાસે વિસ્તરણની કલ્પનાના ફળ સ્વરૂપે છે, જે આશ્રમને શાંત અને નિર્મળ પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે અને અંતરદષ્ટિમાં વધારો કરે છે. સાથે સાથે, તે શાહીબાગ-દૂધેશ્વરની આસપાસના વિસ્તારોની પાર્કની જરૂરિયાત પણ પૂર્ણ કરશે. આ પાર્કને વિવિધ વર્ગના લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ડિઝાઈન



કરવામાં આવ્યો છે.

તેનું કાર્ય તાજેતરમાં જ પૂર્ણ થયું છે અને ઓક્ટોબર, ૨૦૧૩થી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે.

**● રિવરફ્રન્ટ પાર્ક : ઉસ્માનપુરા:**

આ પ્રોજેક્ટમાં રિવરફ્રન્ટ પર બનાવવામાં આવેલ અનેક પાર્ક પૈકીનો આ એક પાર્ક છે. તે આસપાસના વિસ્તારો માટે પાર્કની જરૂરીયાત પૂર્ણ કરશે અને શહેરના પશ્ચિમ વિસ્તારમાં હરિયાળીનું નેટવર્ક મજબૂત કરશે. આ ઉદ્યાન ૧૯ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર નોદીના વરદ હસ્તે સત્તાવાર રીતે લોકાપર્ણ બાદ જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે. ચાઈનીઝ વડા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ આ રિવરફ્રન્ટ ગાર્ડનની મુલાકાત લીધેલ..

**● અમ્યુઝમેન્ટ પાર્ક :**

આ પાર્ક માહિતીપ્રદ અને આનંદ પ્રમોદયુક્ત વાતાવરણ સહિત થીમ આધારિત ક્ષેત્રોના કેન્દ્ર સમાન હશે. આ સ્થળે ઐતિહાસિક સજીવ પ્રાણીઓ, ઐતિહાસિક કથાઓ અને પરંપરાગત સ્થાપત્યનું પુનઃનિર્માણ કરવા માટે ઈન્ટરએક્ટિવ એક્સિબિશન્સ (પ્રદર્શનો), હોલોગ્રાફિક ડિસ્પલે અને એનિમેટ્રોનિક્સની સુવિધા પૂરી પાડવામાં આવશે. તેનો મુખ્ય ઉદ્દેશ મુલાકાતીઓને ભારતીય ઉપખંડની ઝાંખીના દર્શન કરાવવાનો છે.

**● પ્લાઝા - વલ્લભસદન :**

નદીના પ્રોમનાડ પર પશ્ચિમ દિશામાં નહેરુબ્રિજ અને ગાંધીબ્રીજ વચ્ચે આ પ્લાઝાની હારબંધ કમાનો હેઠળ આચ્છાદિત વોક વે તરીકે કલ્પના કરવામાં આવી છે. શારીરિક રીતે અક્ષમ લોકો માટે લિફ્ટની સુવિધા તથા નિયમિત અંતરે સીડીઓ પ્લાઝાને લોઅર લેવલ પ્રોમનાડ (વોક વે) અને નદી સાથે સાંકળે છે.

**● અર્બન ફોરેસ્ટ - પાલડી :**

નદીના ડાઉન સ્ટ્રીમમાં પ્રાયોજિત આ જંગલની કલ્પના શહેરના મહત્વપૂર્ણ સ્રોત તરીકે કરવામાં આવી છે. આ સ્થળ ૧૦ હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં પાલડીથી વાસણા બેરેજના વિસ્તાર સુધી ફેલાયેલું છે. આંબેડકર બ્રિજ આ સ્થળને બે હિસ્સામાં વહેંચે છે. આ સ્થળનો ઉત્તર વિભાગ પાલડીના ગીચ રહેવાસી વિસ્તારોમાં રહેતા લોકો માટે નજીકમાં બગીચાની જરૂરિયાત પૂર્ણ કરશે, જયારે દક્ષિણ વિભાગને બોટેનિકલ ગાર્ડન સહિત, શહેર સ્તરના વૃક્ષાચ્છાદિત શહેરી જંગલ તરીકે

*પ્રાર્થના માણસને દુષ્ટતાથી દૂર રાખે છે.*

વિકસાવવામાં આવશે. શહેરી જંગલની વિશિષ્ટતા જાળવી રાખવા માટે આ જગ્યામાં ઓછામાં ઓછું બાંધકામ કરવામાં આવશે.

● **રમતની સુવિધાઓ** :

ઘણા જાહેર સ્થળો અને સુવિધાઓ સાથે, આ પ્રોજેક્ટમાં રમતગમત માટેના ત્રણ મુખ્ય સ્થાનોની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. શહેરમાં તેના સ્થાન અને આસપાસના વિસ્તારના સંદર્ભમાં આ સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં શાહપુર ખાતે સ્થાનિક સ્તરની સુવિધાથી લઈને પાલડી ખાતે શહેરી સ્તરના સ્પોર્ટ્સ હબ તેમજ અનૌપચારિક રમતગમત પ્રવૃતિઓ માટે પીરાણા પાસે નાનાં મેદાનોનો સમાવેશ થાય છે.

● **સુવિધાઓ** :

પુનઃ પ્રાપ્ત કરેલ જમીન પર ખાસ જરૂરિયાતવાળા વર્ગો માટે ઘણી નવી જાહેર સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે.

જૂના સ્થળોની પાસે એક કાયમી જગ્યામાં પરંપરાગત રવિવારી બજાર માટે રિવરફ્રન્ટ માર્કેટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બજારમાં ખાસ ડિઝાઈન કરેલ સ્ટોલ્સ અને વ્યાવસાયિક લેવડ દેવડ માટે ૧,૬૪૧ પ્લેટફોર્મ, બેઠક વ્યવસ્થા, ચાલવા માટે ખાસ બનાવેલ ફરસબંધી માર્ગો, ફૂડ કોર્ટ્સ, પરિવહન માટેની જગ્યા, યોગ્ય પાર્કિંગ અને ચાર જાહેર શૌચાલયોની સુવિધા ઊભી કરવામાં આવેલ છે. ૮૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર જાહેર વિસ્તારમાં કરવામાં આવેલ છે. આ ઓપન એર માર્કેટનો આખા અઠવાડિયા માટે ઉપયોગ કરી શકાય તે રીતે તેને તૈયાર કરવાનું આયોજન છે, જે શહેરના વેપારીઓ માટે વધુ તકો પૂરી પાડશે.

રિવરફ્રન્ટ પર એક્ઝીબિશન સેન્ટર ખાતે વ્યાપાર-વેચાણને લગતી વૈશ્વિક કક્ષાની સુવિધાઓ સાથે આયોજન કરવામાં આવેલ છે. ઈવેન્ટ્સ ગ્રાઉન્ડ સ્થાનિક અને રાષ્ટ્રિય મહત્વના કાર્યક્રમોના આયોજન માટે સ્થળ પૂરું પાડશે.

ધોબીઘાટ (લોન્ડ્રી કેમ્પસ) નદીકાંઠાનો વ્યવસાયિક રીતે કપડાં ધોવા માટે ઉપયોગ કરતાં ધોબી સમાજ મોટી સુવિધાઓ પૂરી પાડે છે.

પ્રોજેક્ટની આખી લંબાઈ સાથે આઉટડોર વેન્ડીંગ વિસ્તાર આવેલ છે, રસ્તા પરના ફેરિયાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી તેઓ પણ આ પ્રોજેક્ટનો લાભ લઈ શકે.

● **ફંડ** :

SRFDCL એ સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા સ્થાપવામાં આવેલ ખાસ માધ્યમ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) SRFDCL ને નાણાંનું ધિરાણ કર્યું છે જે SRFDCL ની શેરમૂડીમાં અ.મ્યુ.કો.નાં રોકાણ દ્વારા ઉમેરો કરવામાં આવ્યો છે. હાઉસિંગ એન્ડ ડેવલપમેન્ટ કંપની (HUDCO - કેન્દ્ર સરકારની નાણાં સંસ્થા) એ પણ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે નાણાંનું ધિરાણ કર્યું છે.

આ પ્રોજેક્ટ નાણાંકીય દૃષ્ટિએ સ્વાવલંબી છે. પુરાણ દ્વારા પરત મેળવવામાં આવેલ જમીનનો નાનો હિસ્સો વ્યાવસાયિક વિકાસ માટે વેચવામાં આવશે, જેથી રિવરફ્રન્ટના વિકાસ અને વ્યવસ્થાપનની ચુકવણી માટે પર્યાપ્ત સ્ત્રોતોનું સર્જન થઈ શકે. પ્રોજેક્ટનાં મોટાભાગનાં માળખાગત ઘટકો લગભગ પૂર્ણ થઈ ચૂક્યા છે, જેને કારણે જમીનની કિંમતોમાં વધારો પણ થવા લાગ્યો છે, આમ પહેલાં વિચારવામાં આવ્યું હતું તે કરતાં જમીનનો ઓછો હિસ્સો વેચવાનો રહેશે. રિવરફ્રન્ટ પર નિર્માણ કરવામાં આવતાં ખાનગી બાંધકામોનું ઘનફળને આધારે વિશેષ કાયદાકીય જોગળાઈ હેઠળ નિયમન કરવામાં આવશે જેથી રિવરફ્રન્ટ પરના બાંધકામનું વાતાવરણ સુગઠિત રહે અને સ્કાયલાઈન યાદગાર બની રહે.

*સંદર્ભ : સાબરમતી રીવરફ્રન્ટ વેબસાઈટ*

## હોર્ન એટલે શીંગડા એટલે રણશિંગું

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

ઉત્પાદક કંપની એક જ પ્રકારનું અને એક જ ડેસીબલનો અવાજ ઉત્પન્ન કરતું અને પ્રદૂષણ ન ફેલાવે તેટલી ક્ષમતાનું જ હોર્ન બનાવે? જો આવું પણ કરવામાં આવે તો ચોક્કસ ઘોંઘાટના પ્રમાણમાં ખૂબ મોટો ઘટાડો થઈ શકે છે.

વધારે પડતા અવાજથી માણસનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે, ગુસ્સો આવે છે અને પરિણામે તણાવનો શિકાર બને છે. ઉપર વર્ણવેલ બે વિકલ્પ જેવા અન્ય વિચારો પણ કરી શકાય અને જો તેના પર કામ કરવામાં આવે તો ચોક્કસ આપણને ફાયદો થાય.

૨૧મી સદીમાં સૂર્યમાળામાંથી બહાર નીકળી જવું આપણા માટે શક્ય છે, ચંદ્ર પર ચક્કર મારવી એ જો આપણી ક્ષમતા હોય તો પછી આવી એક નાની શોધ માટે આપણે ભરપૂર સક્ષમ છીએ તેમાં કોઈ શંકા નથી.

આ લેખ પૂરો કરતા પહેલાં એટલી આશા રાખું કે દરેક વાચક હવે પછી એવું નક્કી કરે કે જોઈએ તેટલો જ અને જરૂર પડે તો જ હોર્નનો ઉપયોગ કરશે. જો આ નિયમ પણ પ્રામાણિકતાથી અનુસરવામાં આવે તો પણ તમે ઘોંઘાટ પ્રદૂષણને ઘટાડવામાં ખૂબ મોટો ફાળો નોંધાવશો.

● **મિની કટ :**

આપણે હોર્ન મારીએ છીએ એવું બોલીએ છીએ! શા માટે હોર્ન વગાડીએ છીએ તેવું નથી બોલતા? કારણકે હોર્નનો બીજો અર્થ શિંગડા થાય અને તે મારવા માટે જ હોય છે, વગાડવા માટે નહિ.

**મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧**
*ઈ-મેઈલ : grasshopper4201@gmail.com*

☺ *એકવાર બંતાએ સંતાને પોતાના ઘેર બોલાવ્યો. અને બહાર તાળું મારીને નીચે લખી દીધું, 'જોયું કેવો બેવકૂફ બનાવ્યો?'*

*સંતાએ નીચે લખી દીધું, 'હું તો આવ્યો જ નહોતો...'* ☺

*કોઈની ભૂલ પર નારાજ થતા પહેલાં આપણી દસ ભૂલોને પણ ગણી લો.*

# હોર્ન એટલે શીંગડા એટલે રણશિંગું

• મિતેષ સોલંકી •

'હોર્ન'ને ગુજરાતીમાં શું કહેવાય? શબ્દકોશ પ્રમાણે તો 'રણશિંગું' એવો અર્થ થાય. પણ રોજબરોજની વાતચીતમાં સામાન્ય રીતે આપણે આવા અસામાન્ય શબ્દોનો ઉપયોગ નથી કરતાં. જેમ ઘણા અંગ્રેજી શબ્દો જેવા કે કાર, એન્જિન, થેંક્યુ (હોં!), સોરી (હોં!) વગેરેને આપણે ગુજરાતીમાં સ્વીકારી લીધા છે તેવી જ રીતે આપણે હોર્ન શબ્દને ગુજરાતી સમજીને અપનાવી લીધો છે. મારે આજે તમને અંગ્રેજી શબ્દો ગુજરાતી ભાષામાં કેવી રીતે આવી ગયા તે વિષે કોઈ વાત નથી કરવી તેની ચોખવટ અહીં લેખની શરૂઆતમાં જ કરી લઉં છું. મારે તો આજે વાત કરવી છે હોર્નની, તેના ઉપયોગની, તેના દુરૂપયોગની, તેનાથી માણસના સ્વભાવ પર થતી અસરની, તેના અન્ય વિકલ્પ કેવા હોઈ શકે તેની વગેરે, વગેરે.

લગભગ દરેક વ્યક્તિ પાસે ઓછામાં ઓછું એક વાહન તો હોય જ છે - અને જો વાહન હોય તો તેની સાથે હોર્ન પણ હોય જે, બરાબરને? જેમના વાહનમાં હોર્ન હોવા છતાં નથી વાગતાં અને તેમના માલીકો તેમને રીપેર પણ નથી કરાવતા (આળસને કારણે) તેઓ મારે મન મહાન અને સમાજસેવક વ્યક્તિઓ છે.

એવું ઘણીવાર બનતું હોય છે કે આપણે ઘણી બધી બાબતોથી બિલકુલ અજાણ હોઈએ છીએ અને તેનું કારણ કે આપણને તે બાબતોને જાણવાની કોઈ જરૂર હોતી નથી. હોર્નની બાબતમાં પણ મને આવું જ કાંઈક લાગે છે. શહેરી સમાજ, કહેવાતો ભણેલો - ગણેલો, ભાગતો, માંડતો, દોડતો સમાજ ચોક્કસ હોઈ શકે પણ ક્યારેક સમજેલો હોય તેવો લાગતો નથી. દરેક વ્યક્તિ આજે ઘડિયાળના કાંટે દોડતી હોય છે. આપણા વાહન અને આપણો સ્વાર્થ, ક્યારેક ક્યારેક કાયદો અને ચાર રસ્તાના સિગ્નલ જ રોકી શકે છે. બાકી આપણા વાહનને બીજું કોઈ રોકી શકતું નથી.

હવે જરા તમારી યાદશક્તિ પર ભાર આપો અને તમારા જીવનનો કોઈ પણ દિવસ પસંદ કરો જ્યારે તમે કોઈ ચાર રસ્તાના સિગ્નલ પાસે તમારું વાહન લઈને ઊભા છો. થોડીવાર પછી સિગ્નલ ખૂલે છે ત્યારે શું થાય છે? લગભગ દરેક વ્યક્તિ પોતાના વાહનનું હોર્ન વગાડતું હોય છે. ક્યારેક ક્યારેક તો કેટલાક વાહનચાલકો પણ વાગતા હોય છે – "એ... હવે ગાડી ચલાવને ભાઈ! દેખાતું નથી, સિગ્નલ ખૂલી ગયું છે, વગેરે વગેરે." આ સંપૂર્ણ પ્રકરણમાં હસવાનું તો ત્યારે આવે જ્યારે વાહનની આ ભીડમાં સૌથી છેલ્લે ઊભેલું વાહન પણ હોર્ન વગાડતું હોય. એક સામાન્ય સમજણની વાત છે કે જ્યાં સુધી મારી આગળનું વાહન ચાલશે નહિ ત્યાં સુધી હું આગળ જઈ શકવાનો નથી. તેમ છતાં એકવાર તો હોર્ન વગાડી જ લેવું તેવો જાણે વણલખ્યો નિયમ આપણે બનાવી લીધો છે. તમે જ વિચારો, સિગ્નલ ખૂલ્યા પછી કયા વ્યક્તિને ત્યાં ઊભા રહેવામાં રસ હશે? કોઈને નહિ. જેવી રીતે તમારે સમયસર ક્યાંક પહોંચવાનું છે, તેવી જ રીતે અન્ય લોકોને પણ ક્યાંકને ક્યાંક પહોંચવાનું જ છે. તેથી દરેક વાહન ચાલવાનું જ છે. પરંતુ મને લાગે છે કે આપણે ધીરજ ગુમાવી બેઠા છીએ.

આપણે ત્યાં હોર્ન માત્ર વગાડવા માટેનાં ઉપયોગમાં નથી લેવાતું, પરંતુ તેના દ્વારા વ્યક્તિ પોતાની નારાજગી, પોતાનો ગુસ્સો પણ વ્યક્ત કરે છે. તેના દ્વારા આનંદ (વિકૃત) પણ મેળવે છે અને સૌથી મોટી વાત - હોર્ન દ્વારા આપણે ધમકી પણ આપીએ છીએ. હું કશું નવું નથી કહી રહ્યો પરંતુ તમારું ધ્યાન દોરી રહ્યો છું. તમે શાંતિથી વિચારશો તો મારી વાત તમે ક્યાંક ચોક્કસ અનુભવી હશે. હોર્ન હવે પ્રત્યાયનનું એક અસરકારક માધ્યમ બની ગયું છે.

તમે હાઈવે પર કાર લઈને જઈ રહ્યા છો અને અચાનક તમારા કરતાં એક ઝડપી કાર તમારી પાછળ આવે છે અને હોર્ન મારવા લાગશે. પહેલા હોર્નનો અર્થ, તે મૃદુભાષામાં કહી રહ્યો છે કે મને આગળ જવાની જગ્યા આપો. તમે કોઈ જરૂરી કારણોસર (અકસ્માત નિવારવાના ધ્યેયથી અને આગળ અન્ય વાહન હોવાથી) તેને જગ્યા નથી આપી શકતા. એટલે તે બીજીવાર હોર્ન વગાડશે. આ વખતે હોર્ન બે-ત્રણ વાર વગાડશે અને તમે સાવ ડફોળ છો, વાહન ચલાવતા નથી આવડતું તેવું હોર્ન દ્વારા તમને કહેશે. તેમ છતાં તમે અનિવાર્ય કારણોસર જગ્યા નથી આપી શકતા. બસ! હવે સહનશીલતાનો અંત આવી ગયો છે. તેથી પાછળની કાર સતત હોર્ન ચાલુ રાખશે. તમને તમારી કારના અરીસામાં જોઈ જોઈને, આંખો કાઢીને કહેશે - ડફોળ જગ્યા આપને, હોર્ન નથી સંભળાતું? દેખાતું નથી, પાછળથી કોઈ સાઈડ માગી રહ્યું છે? વગેરે વગેરે. ત્યાં સુધીમાં તમે તેને જગ્યા આપવાની સ્થિતિમાં આવો છો અને તેને સાઈડ આપો છો. આહાહાહા.... હવે જોવા જેવી થાય છે. વાર્તાનો મુખ્ય વળાંક તો હવે આવે છે. પાછળની કાર તમારી લગોલગ આવશે, કાચ ઉતારશે, બે-ચાર વાર ગુસ્સામાં તીખા હોર્ન વગાડશે અને એક ઝેરી નજરે તમને જોવામાં આવશે. નફામાં બે-ચાર સારા શબ્દો બબડાટ દ્વારા કહેવામાં પણ આવશે. જે તમે સારી રીતે સમજી પણ શકો છો. શું આવું નથી બનતું?

એક તો વાહન વિસ્ફોટ (બોમ્બ ધડાકો

*પોતાની જાત પર જે હસી શકે છે, એની પાછળ એની ગેરહાજરીમાં બીજા કોઈ તેના પર હસતા નથી.*

નહિ પરંતુ સંખ્યાનો ધડાકો) અને બીજી બાજુ સાંકડા રસ્તા અને નફામાં હાલના વાહનો પાછા પહોળા અને ઝડપી હોય ત્યારે દરેક વ્યક્તિને પહેલા નીકળી જવું છે. શહેરના રસ્તાને ઊંચાઈ પરથી જોતાં ગોકળગાયની સ્પર્ધા ચાલતી હોય તેવું જ કાંઈક દેખાઈ આવે. તેમાં આગળ નીકળી જવા માટેનું હાથવગુ (અંગુઠાવગુ) હથિયાર એટલે હોર્ન. કર્કશ હોર્ન વગાડીને લોકો એક પ્રકારનો આતંક ઊભો કરી દેતા જોવા મળે છે. તેના કારણે કેટલાક લોકો કંટાળીને અને કેટલાક લોકો ડરીને પેલા કર્કશકંઠી વાહનને જગ્યા આપી દેશે. મજા તો ત્યારે આવે જ્યારે બધા વાહનો આગળના ચાર રસ્તાના ટ્રાફિક સિગ્નલ પર ફરી એક સાથે ભેગા થઈ જાય. આગળ રહો કે પાછળ, સરવાળે બધું સરખું - તેના જેવી વાત છે.

હવે વાત કરીએ સોસાયટીની અથવા આપણા ફ્લેટના પાર્કિંગની. તમે આરામથી ચા સાથે છાપું વાંચી રહ્યા હો અને સોસાયટીમાં એક વાહન આવે છે. તમારી બાલ્કની પાસે ઊભું રહે છે. ચાલક ઉપર જુએ છે અને પછી હોર્ન વગાડવાની શરૂઆત કરે છે. એક, બે, ત્રણ, ચાર, પાંચવાર હોર્ન વગાડવામાં આવે છે. તમે કંટાળીને છાપામાંથી બહાર જુઓ છો કે કોણ છે આ માથાનો દુઃખાવો? વાહનચાલક ભાઈ પોતાના મિત્રને તમારાથી ઉપરની બાલ્કનીમાં રહેતાં તેના મિત્ર અથવા સગાને પોતાના વાહનના હોર્ન દ્વારા બોલાવવાનો પ્રયત્ન કરતા હોય છે. અરે મારા વીરા! આજે તો ભિખારી પાસે પણ મોબાઈલ છે, તો તારી પાસે ન હોય તેવું તો ના જ બને! તો પછી ગામ ગજવવા કરતાં એક ફોન કરીને સીધી રીતે શાંતિથી પેલા ભાઈને બોલાવી લે ને! લોકો મોબાઈલ નંબરથી અન્યને ઓળખી શકે છે પણ વાહનના હોર્ન દ્વારા કોઈને ઓળખી શકાય એવું મારા ધ્યાનમાં નથી.

હવે વાત કરીએ રસ્તા પર ખાવાના શોખીન લોકોની. રાત્રે ૯.૦૦ વાગ્યા પછી જે જનતા કાર લઈને બહાર જમવા જતી હોય તે પોતાની પસંદની કોઈ લારી પાસે ગાડી ઊભી રાખશે. મોટે મોટેથી ટેપ વાગતું હશે. ગાડીના દરવાજા ખોલીને આરામથી બેઠા હશે અને પછી ઑર્ડર આપવા માટે જોરથી હોર્ન વગાડવામાં આવશે. લારીનો માલિક કે કોઈ છોકરો દોડીને ગાડી પાસે મેનુ લઈને આવશે. ઓર્ડર આપવામાં આવશે. ફરી તેઓ પોતાના સંગીતમાં ખોવાઈ જશે. ઓર્ડર આપ્યાને માત્ર ૫ મિનિટ થઈ હશે અને ફરી હોર્ન મારવામાં આવશે અને ઈશારાથી પૂછશે, કેટલી વાર? ભૂખ લાગી છે. આ રીતની પછી ૫-૭ કે તેથી પણ વધારે કાર ઑર્ડર લખાવતી હોય એટલે તમે સમજી શકો કે કેટલો અવાજ થતો હશે!

હવે લેખનો પ્રાણપ્રશ્ન. હોર્ન વાહનમાં શા માટે આપવામાં આવે છે? અહીં એક ખાસ વાત - પશ્ચિમના અનુકરણ માટેની આપણી ઘેલછા તો જગજાહેર છે. પણ તમને ખબર છે, ત્યાં જ્યારે કોઈ વ્યક્તિ હોર્ન વગાડે છે તો લોકો તેના તરફ આશ્ચર્યથી જુએ છે. પશ્ચિમમાં હોર્ન વગાડવું મુશ્કેલ અથવા ગંભીર સ્થિતિ હોય ત્યારે એક સૂચક તરીકે વગાડવામાં આવે છે. ત્યાં હોર્ન છાશવારે વગાડવામાં આવતું નથી કારણકે દરેક વ્યક્તિ એ સમજે છે કે બધા વાહન રસ્તા પર ચાલવા જ નીકળ્યા છે, ઉભવા માટે નહિ. આપણે ત્યાં તો ક્યારેક કોઈ વ્યક્તિનું વાહન જો ભૂલચૂકથી બંધ પડી જાય તો પાછળવાળો વ્યક્તિ હોર્ન વગાડી - વગાડીને માથું દુઃખાડી દે. અરે વહાલા! પેલા માણસનું વાહન બંધ પડી ગયું છે તો બિચારો શું કરે? ચાલુ કરવાનો થોડો સમય તો આપ!

આપણે પ્રદૂષણની ચર્ચા વાર તહેવારે કરતાં રહીએ છીએ. મને લાગે છે કે હોર્ન એ શહેરના અવાજ પ્રદૂષણનું સૌથી મોટું અને મુખ્ય કારણ છે. એક નાગરિક તરીકે મને થયું કે શું આપણે હોર્નની જગ્યાએ અન્ય કોઈ અવાજવિહીન વિકલ્પ ના શોધી શકીએ? મારો જવાબ 'હા' છે. આજથી લગભગ ૪ વર્ષ પહેલાં એક વિજ્ઞાનમેળામાં કેટલાક વિદ્યાર્થીઓએ સરસ પ્રયોગ દર્શાવેલો. તેમણે મને મારો જ પ્રાણપ્રશ્ન પૂછેલો કે 'હોર્નનો હેતુ શું છે?' મેં કહ્યું કે આગળના વાહનચાલકને જાણ કરવાનો કે મારે આગળ જવું છે અને તે માટે મને જગ્યા આપો. વિદ્યાર્થીઓનો જવાબ ખૂબ સચોટ હતો. તેમણે કહ્યું કે અમારા પ્રયોગમાં ત્રણ વસ્તુઓની ખાસ જરૂર છે. એક ફ્લેશ (નાની) લાઈટ જે વાહનચાલકની નજરમાં આવે તે રીતે ગોઠવેલી હોય. બીજું એક રિસીવર અને ત્રીજું ચોક્કસ તરંગલંબાઈના તરંગો છોડતું એક યંત્ર. જ્યારે પાછળનું વાહન હોર્ન દબાવે ત્યારે યંત્રમાંથી કેટલાક સિગ્નલ / તરંગો છૂટે, જે આગળના વાહનમાં રહેલા રીસીવર દ્વારા ઝીલાય અને તેના પરિણામરૂપે વાહનચાલક સામે રહેલી ફ્લેશ લાઈટ ચાલુ થાય. આગળનો વાહનચાલક અરીસાની મદદથી સમજી જશે કે તેણે શું કરવાનું છે. બીજી વાત, આ રચનામાં સિગ્નલ રેન્જ, રીસીવરની ક્ષમતા વગેરે જેવા પરિબળો વાહનની ઝડપની ક્ષમતા, બે વાહન વચ્ચેના અંતર વગેરે જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને નિર્ધારીત કરી શકાય. આ વિચાર કદાચ ખૂબ જ પ્રાથમિક કક્ષાનો હોઈ શકે પણ વિચારવા યોગ્ય તો છે જ. નવી નવી શોધ આ રીતે જ થતી હોય છે. આપણે વરાળયંત્રથી મેગ્લેવ ટ્રેઈન સુધી આ રીતે જ પહોંચ્યા છીએ. રાઈટ ભાઈઓના વિમાનથી સુપરસોનિક વિમાન સુધી આપણે આ રીતે જ પહોંચ્યા છીએ. મને લાગે છે આ પ્રયોગને વધારે વૈજ્ઞાનિક રીતે જોવો જોઈએ.

એક વિચાર તો કરો કે તમે જાહેર માર્ગ પરથી પસાર થતા હો અને કોઈપણ વાહનનું હોર્ન વાગતું જ ન હોય! કેવું લાગે!


હવે થોડા નીતિ નિયમોની વાત કરીએ. જો આપણે વાહન માટે, વાહનચાલક માટે, વાહન ઉત્પાદક માટે વિવિધ કાયદાઓ અથવા મર્યાદાઓ બનાવી શકતા હોઈએ તો પછી એવું કેમ શક્ય નથી કે દરેક વાહન

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)**


***એવો પણ સમય આવે છે, જ્યારે અજ્ઞાન પણ વરદાન સાબિત થાય છે.***

# યોગ દ્વારા અધ્યાત્મ અને આરોગ્યનાં શિખરો સર કરાવતાં વિશિષ્ટ પુસ્તકો


## લેખક : અધ્યાત્માનંદ




જીવનયોગ
₹ 150




યોગ અને આરોગ્ય
₹ 200



યોગ અને સ્વાસ્થ્ય
₹ 350




Yoga : A Way of life
₹ 200




योग और स्वास्थ्य
₹ 180


## લેખક : ભાણદેવ




સંપૂર્ણ પ્રાણાયામ
₹ 300




શિક્ષણ અને યોગ
₹ 60



અંતરંગ યોગ
₹ 150



યૌગિક બંધ અને મુદ્રા
₹ 110



યૌગિક શોધનકર્મ
₹ 100

## અન્ય લેખકોનાં પુસ્તકો

| | | |
|---|---|---|
| યોગ : પૂર્ણતા પામવાની કળા | રોહિત મહેતા | ₹ 160 |
| યોગ : જીવનરસાયણ | પી.ટી. પંડ્યા | ₹ 50 |
| ધ્યાનયોગ | કાર્તિકેય ભટ્ટ | ₹ 30 |
| યોગના પાઠ (પુસ્તકો : 26) | સ્વામી શિવાનંદ | ₹ 600 |
| યોગમાં સ્વાસ્થ્ય અને સારવાર | શ્રી માતાજી, અનુ. ગિજુભાઈ દવે | ₹ 150 |

વૉટ્સ-એપ દ્વારા તથા ઇમેલ દ્વારા
ઘેર બેઠાં વી.પી.પી.થી પુસ્તકો મંગાવી શકાશે

**વૉટ્સેપ નંબર 9879500182**

ઈમેલ : goorjar@yahoo.com
gurjarprakashan@gmail.com

## ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર**
**ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com






# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

# માનવ શરીરની 'કોઈના માન્યામાં ન આવે' તેવી થોડી હકીકતો

• મુકુંદ મહેતા •

૧. આખા શરીરનું મોટામાં મોટું અંગ નાના આંતરડા છે. ઓળખાય છે નાના આંતરડા તરીકે પણ પુખ્ત વયની વ્યક્તિના (સ્ત્રી કે પુરુષ) ચાર ગણી લંબાઈ ધરાવતા નાના આંતરડાના જુદા જુદા ભાગ એકબીજાની ઉપર વળીને (લૂપ) ના રહે તો તમારી હોજરીમાં રહી ના શકે.

૨. માનવીનું હૃદય એટલે શરીરમાં લોહી પહોંચાડવાનો પંપ કહેવાય તેની તાકાત નવાઈ લાગે. એક જ વખતના દબાણમાં લગભગ ૨૫થી ૩૦ ફૂટના અંતર સુધી લોહી ફેંકી શકે છે. આ વાત ખૂબ જરૂરી છે કારણ કે એક મિનિટના ૭૫ થી ૮૦ ધબકારા (દબાણ) થી આખા શરીરના અસંખ્ય અંગોના અબજોની સંખ્યામાં રહેલા કોષોને જીવિત રાખે છે. એટલું જ નહીં તેને કાર્યરત રાખે છે.

૩. હોજરીમાં ઉત્પન્ન થતો 'એસિડ' (હાઈડ્રોક્લોરિક એસિડ) એટલો પાવરફૂલ છે કે હજામતની બ્લેડને પણ ઓગાળી નાખે. કદાચ આ એસિડ તમે બહુ ટેન્શન રાખો તો તમને 'એસિડીટી' કરે અને એ જ ખોરાકમાં ચાવ્યા વગર ખાધેલા ખોરાકનું પાચન પણ કરે.

**માનવ શરીર પરમેશ્વરે બનાવેલી અદ્‌ભુત પ્રતિકૃતિ છે, હજારો વર્ષથી સંશોધકો - ડોક્ટરો પ્રયત્ન કરી રહ્યા છે છતાં શરીરની રચના અને શરીરના અંગોના કાર્યો વિષે પૂરેપૂરું સમજી શક્યા નથી. શરીરની અજાયબીઓનો પાર નથી. અંદાજે ૧૦૦ જેટલા ચમત્કારોથી શરીર બનેલું છે.**

૪. શરીરમાં હૃદયમાંથી નીકળતા લોહીના પ્રવાહને આખા શરીરમાં દરેક અંગોના કોષને લોહી પહોંચાડવા માટેની મુખ્ય નળી જે 'એઓરટા' કહેવાય અને તેમાંથી નીકળતી અસંખ્ય શાખા અને પ્રશાખાઓ જે રક્તવાહિની (જે ચોખ્ખું લોહી અંગોના કોષોને પહોંચાડે) અથવા આર્ટરી કહેવાય તેમજ વપરાયા પછી દરેક કોષમાંથી તે લોહી શુદ્ધ કરવા પાછું હૃદય અને ફેફસામાં લઈ જવા ઉપયોગમાં આવે તે 'વેઈન' કહેવાય. વૈજ્ઞાનિકોએ આ બંને પ્રકારની નળીઓની લંબાઈનું માપ માનવ શરીરમાં ૬૦,૦૦૦ માઈલ છે તેમ નક્કી કરેલ છે. આનો અર્થ આ નળીઓને એકબીજાને છેડે મૂકીને આખી પૃથ્વીની પ્રદક્ષિણા બે વખત થઈ શકે.

૫. હોજરીની અંતરત્વચા (મ્યુક્સ મેમ્બ્રકન) દર ત્રણથી ચાર દિવસે બદલાય છે. કારણ જો એમ ન થાય તો હોજરીમાં નીકળતા હાઈડ્રોક્લોરિક એસિડને કારણે હોજરીમાં કાણા પડી જાય. એટલે કે હોજરીમાં ચાંદા પડે. જેઓને આવા ચાંદા પડ્યા હોય તેઓને કેટલો ભયંકર દુઃખાવો થાય છે તેની તેઓને ખબર છે.

૬. ફેફસાને ખુલ્લા કરી નાખીએ એટલે કે ૧૦ લાખથી પણ વધારે ફુગ્ગા (એલવેલાઈ) ને પાથરી દઈએ તો એક ટેનિસ કોર્ટની લંબાઈ અને પહોળાઈ જેટલી જગ્યા જોઈએ. આમ હોવાને કારણે તમે જીવનભર શ્વાસનળી મારફતે લીધેલી હવામાંનો પ્રાણવાયુ પૂરેપૂરો તમારા શરીરને ઉપયોગમાં આવે.

૭. પુરુષો કરતા સ્ત્રીઓના હૃદયના ધબકારા વધારે હોય કારણ કે સ્ત્રીઓનું શરીર પુરુષો કરતા નાનું હોય. જો ધબકારા વધારે ન હોય તો લોહી બધા અંગોમાં બરાબર ન પહોંચે.

૮. લીવર ૧૦ સ્કવેર કિલોમીટર જેટલા વિસ્તારમાં બનાવેલી ફેક્ટરી જેટલું કામ કરે છે. શરીરનું ખૂબ અગત્યનું સતત કાર્ય કરનારું અને પિત્ત - પાચક રસો વપરાયેલી રક્તકણોનો નાશ કરનાર અને આંતરડા વાટે શરીરમાં ઍબ્સોર્બ થયેલ અસંખ્ય પોષક પદાર્થો અંગેની જરૂરત પ્રમાણે પહોંચાડનારું અને ટોક્સીક (દૂષિત) પદાર્થોને મળ અને પેશાબ મારફતે કાઢી નાખવાનું અદ્‌ભુત કાર્ય કરે છે.

૯. શરીરના મોટાભાગના અંગોને / અંગોના ભાગને શરીરમાંથી કાઢી નાખવામાં આવે તો પણ જીવી શકાય છે. દા.ત. બે કિડનીમાંથી એક કિડની, હોજરીનો અર્ધ ભાગ, સ્પ્લીન (બરોળ), ૮૦ ટકા જેટલા આંતરડા, ૭૫ ટકા જેટલું લીવર, એક ફેફસું, ગર્ભાશય વગેરે.

૧૦. ગુસ્સે કરનાર, નારાજ કરનાર અને ખતરનાક હોર્મોન 'કોર્ટીસોન' ઉત્પન્ન કરનારી 'એડ્રીનલ ગ્રંથિ' જે બંને કિડની ઉપર રહેલી છે તેની સાઈઝ સમય પ્રમાણે બદલાતી રહે છે.

૧૧. વૈજ્ઞાનિકોએ તમને છીંક આવે છે તેની ઝડપ માપી ત્યારે ખબર પડી કે ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકે છીંક ખાધી તેની ઝડપ છે. આ માટે જ્યારે જ્યારે છીંક આવે ત્યારે મોં અને નાક નાના હાથરૂમાલથી કવર કરવું જોઈએ.

૧૨. સામાન્ય રીતે મૂત્રાશય (બ્લેડર) ૪૦૦ થી ૭૦૦ મિલિ. જેટલો પેશાબ સંગ્રહી શકે. પણ જેમ જેમ ઉંમર થાય અને કસરત કે શ્રમ ન કર્યો હોય ત્યારે ૨૫૦ કે ૩૦૦ મિલિ

*આશા એવો તારો છે, જે રાત્રે તથા દિવસે સતત દેખાય છે.*

જેટલો પણ પેશાબ ભરાય તો તરત બાથરૂમ જવું પડે.

૧૩. ફક્ત બંને પગમાં પાંચ લાખ જેટલી 'સ્વેદગ્રંથિ' 'સ્વેટ ગ્લેન્ડઝ' છે. બુટ કે ચંપલને વારેવારે સાફ ન કરીએ તો તેમાંથી અત્યંત ગંદી વાસ આવે છે.

૧૪. વૈજ્ઞાનિકોએ માપ કાઢ્યું છે કે, સ્વાદુ ગ્રંથિ (સલાઈર ગ્લેન્ડઝ) માંથી નીકળતી લાળને આખા જીવન દરમિયાન એકઠી કરીએ તો બે સ્વિમિંગ પુલ ભરાય એટલી લાળ નીકળે. આ લાળને કારણે જ તમારું મોં સૂકાઈ જતું નથી.

૧૫. જન્મ થાય તેના છ માસ પહેલા ગર્ભમાં રહેલા મોમાં દાંત ઉગવાના શરૂ થાય છે.

૧૬. શરીરનો મોટામાં મોટો કોષ સ્ત્રી બીજ ઑવમ છે અને નાનામાં નાનો કોષ શુક્રાણુ છે.

૧૭. કોઈ પણ જાતના સંગીતના કાર્યક્રમ કે સિનેમા જોવા જાઓ ત્યારે પેટ ભરીને ખાધા પછી ના જશો. કારણકે તે વખતે કાનની સાંભળવાની શક્તિ અડધી થઈ ગઈ હશે.

૧૮. ખોરાકની કોઈ વસ્તુ ચાખો ત્યારે જો મોમાં લાળ નહી હોય તો તેનો સ્વાદ તમને લાગશે નહીં.

૧૯. નાકની સૂંઘવાની શક્તિ (સેન્સ ઓફ સ્મેલ) ૫૦ હજાર જેટલી જુદી જુદી સુગંધ પારખી શકે છે.

૨૦. લગભગ ૬૦ વર્ષે મોટા ભાગના સ્ત્રી - પુરુષોની સ્વાદ પારખવાની શક્તિ અડધી થઈ જાય છે.

૨૧. ૬૦ વર્ષે પુરુષોમાં ૬૦ ટકા અને સ્ત્રીઓમાં ૪૦ ટકાને નસકોરા બોલવાના શરૂ થઈ જાય છે.

૨૨. દુનિયામાં મોટા ભાગના હાર્ટ ઍટેક સોમવારે આવે છે. વૈજ્ઞાનિકો જણાવે છે કે શનિ - રવિ મોજમસ્તી કરી હોય અને સોમવારે પાછા કામે ચઢવાનું હોય તે પ્રકારના તનાવને કારણે આવું બનતું હોય છે.

૨૩. માનવી ખોરાક લીધા વગર (જો શરીરમાં ચરબીનું પ્રમાણ વધારે હોય) અને પાણી પીવાનું હોય તો દોઢથી બે મહિના જીવી શકે.

૨૪. આ જ માનવીને ઊંઘ વગર ન ચાલે. રેકોર્ડ ૧૧ દિવસનો છે પણ તે વખતે મગજનું સમતોલપણું ન હોય.

૨૫. વૈજ્ઞાનિકોએ પ્રયોગ કરી નક્કી કરેલું છે કે માનવ શરીરમાં થનારા રોગોમાં વારસાગત રોગોને બાદ કરતા ૯૦ ટકા જેટલા રોગો માનસિક તનાવ (સ્ટ્રેસ) થી થાય છે. સ્ટ્રેસ એ માનવ જાતનો મોટામાં મોટો શત્રુ છે. સ્ટ્રેસ દૂર કરવો મુશ્કેલ છે તમારી પાસે ધ્યાન - એકાગ્રતા (મેડિટેશન) સિવાય બીજો રસ્તો નથી. સ્ટ્રેસ વધે તો બીપી-ડાયાબિટીસ-ડિપ્રેશન-હાર્ટઍટેક આવી શકે.

૨૬. તડકામાં ફરવાનું ઓછું રાખો. કારણ ચામડી નીચે આવેલી લોહી લઈ જનારી અને લાવનારી ઝીણી નળીઓને ખૂબ જ નુકસાન થશે. તમને પૂર્વવત્ કામ કરતા પાંચથી પંદર મહિના થશે. હંમેશાં સનસ્ક્રીન વાપરો. ચામડીને ચુસ્ત રાખનારા બધા જ ભાગ તડકાથી નાશ પામશે. કરચલી થઈ જશે.

૨૭. નવાઈ લાગે તેવી વાત છે પણ જ્યારે તમે હસો છો ત્યારે ચહેરાના ફક્ત ૧૭ સ્નાયુ પ્રવૃત્તિશીલ થાય છે આનાથી વિરુધ્ધ તમે ગુસ્સે થાઓ છો ત્યારે ૪૩ સ્નાયુઓ પ્રવૃત્તિશીલ થાય છે.

૨૮. બાળકો જન્મે ત્યારે ૩૦૦ જેટલા નાના મોટા હાડકાં તેના શરીરમાં હોય છે. જેમ જેમ મોટા થાય તેમ છેવટે ૨૦૬ જેટલા રહે છે.

૨૯. શરીરનો સૌથી મજબૂત સ્નાયુ તમારી જીભ છે. જ્યારે જ્યારે તમે બોલો છો, ખાઓ છો, પીઓ છો, ગળો છો ત્યારે દરેક વખતે જીભના સ્નાયુને કસરત મળે છે.

**જ્યારે આપણે હસીએ છીએ ત્યારે ચહેરાના ફક્ત ૧૭ સ્નાયુ પ્રવૃત્તિશીલ થાય છે. આનાથી વિરુદ્ધ આપણે ગુસ્સે થઈએ છીએ ત્યારે ૪૩ સ્નાયુઓ પ્રવૃત્તિશીલ થાય છે.**

૩૦. આ જ રીતે શરીરનું સૌથી મજબૂત હાડકું તમારું જડબું (જો બોન) છે.

૩૧. ચાલતી વખતે ફક્ત એક જ પગલું લેવામાં શરીરના ૨૦૦ સ્નાયુઓને પ્રવૃત્તિશીલ કરો છો. જો તમે શ્રમ કરતા ના હો અને બેઠાડુ જિંદગી હોય તો તમારા શરીરની કેલરી બળે નહીં અન વજન વધે. પુખ્ત વયની વ્યક્તિ રોજ ૧૦ હજાર પગલા ભરે છે. આ સૌથી સરળ રસ્તો ફક્ત ચાલવાનો – તમારા શરીરને ત્રાસ કરનારા ભયાનક રોગો, બી.પી. ડાયાબિટીસ, સ્ટ્રોક, હાર્ટ એટેક અને કેન્સર જેવા રોગોથી દૂર રાખશે.

૩૨. શરીરના દરેક સ્નાયુને કામ મળે તો તે તંદુરસ્ત રહે. જો કસરત કરો તો દરેક સ્નાયુ જિંદગીભર તંદુરસ્ત રહે. સ્નાયુનું કેલરી બાળવાનું માપ (બે-ત્રણ મેટાબોલીક રેટ) વધારે હોય શરીર સુડોળ-મજબૂત બને.

૩૩. આખા શરીરના બધા જ હાડકાનો સરવાળો અંદાજે ૨૦૦. જેમાંથી તમારા બંને પગમાં ચોથો ભાગ એટલે કે ૫૨ (બાવન) જેટલા છે.

***શરીરની અજાયબીઓનો પાર નથી. અંદાજે ૧૦૦ જેટલા ચમત્કારોથી શરીર બનેલું છે.***

***સૌજન્ય : 'ગુજરાત સમાચાર'***

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**

**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# ધરમપુરના ડુંગરોમાં યુવાન ગ્રામશિલ્પી નીલમ પટેલ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

ગાંધીજી, ગાંધીવિચાર અને ગુજરાત વિદ્યાપીઠમાંથી સારોયે સંસાર પ્રેરણા મેળવી રહેલ છે. આફ્રિકાના નેલ્સન મંડેલા હોય કે અમેરિકાના ઑબામાં પણ ગાંધીજીને પોતાના પ્રેરણાસ્રોત માને છે. ગાંધીવિચારને જીવન-આચરણમાં મૂકી કેટલાય યુવાનો અને યુગલો સમાજના છેવાડે જઈ ગ્રામસ્વરાજના સ્વપ્નને સાકાર કરી રહ્યાં છે. પોતાની આખી જિંદગી એક કાર્યને સમર્પિત કરેલ છે. આવો જ એક છવ્વીસેક વર્ષનો યુવાન વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ખોબા જેવડા ગામ ખોબામાં જઈને બેઠો છે. એનું કામ છે ગ્રામશિલ્પીનું અને નામ છે નીલમ પટેલ. આ ખોબા આવ્યું ધરમપુરથી ૪૫ કિમી. દૂર સહ્યાદ્રિની ગિરિમાળાઓની વચ્ચે. ચારે તરફ ઊંચા ઊંચા ડુંગરાથી ઘેરાયેલ ખોબા જેવા આકારમાં સોનાઈ નદીના કિનારે આ ગામ આવેલ છે. ૬૧ ઘર-ખોરડાં અને ૪૦૦ જેટલી ગામની વસતી. આપણા દેશને આઝાદ થયાંને ૬૮ વર્ષ પછી પણ ખોબા ગામ સરકારની મોટાભાગની સુવિધાથી વંચિત છે. બસની કોઈ સગવડ નહીં. અવલખંડી સુધી બસ જાય. પછી ત્યાંથી આઠેક કિ.મી. ડુંગરાળ વાટે નીચે ઊતરીએ એટલે ખોબા પહોંચાય. પ્રજાના આરોગ્ય-સુખાકારી માટે ગુજરાત સરકારે ૧૦૮ ની સુવિધા કરી છે. પણ આ ગામવાસીઓ માટે તો તે સ્વપ્ન સમાન છે. કારણ ૧૦૮ તુતરખેડ સુધી જ આવે. સીધા ઢાળવાળા અને કાચા રસ્તાને કારણે ડ્રાઈવર આગળ આવવાની ના પાડી દે. ખોબાથી ગંભીર બીમારીવાળી, સુવાવડી બાઈને ઝોળી-ડોલીમાં નાખી બારેક કિ.મી. ડુંગરો ચડાવી તુતરખેડ લઈ જવી પડે. પ્રાથમિક શાળા ખરી પણ શિક્ષકો અઠવાડિયે આંટો મારે. ગામની શાળામાં ધોરણ પાંચ સુધીની શિક્ષણની વ્યવસ્થા છે. આગળ વધુ અભ્યાસ માટે ૨૫ કિ.મી. દૂર જવું પડે છે. આવા અસુવિધાવાળા ગામને વિકાસાર્થે નીલમે પસંદ કર્યું છે. પાંચેક વરસથી ત્યાં આદિવાસી ગ્રામજનોની સાથે રહી તે ગામને ઉપયોગી પ્રવૃત્તિ કરે છે.

ખોબા જેવા ગામે જઈને નીલમે ગ્રામશિલ્પીનું કાર્ય આરંભ્યું છે. ગ્રામશિલ્પીની યોજના ગુજરાત વિદ્યાપીઠ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર અમદાવાદની છે. આઝાદીની ચળવળ ટાણે ૧૯૨૦માં રાષ્ટ્રીય કેળવણી અને લોકમાનસના ઘડતર અર્થે ગાંધીજીએ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ સ્થાપેલ. આ ઉચ્ચ શિક્ષણની સંસ્થાનો હેતુ નવા સમાજની રચના માટે કાર્યકરો તૈયાર કરવાનો છે. ૧૯૬૨થી ગુજરાત વિદ્યાપીઠ કેન્દ્ર સરકાર માન્ય વિશ્વ વિદ્યાલય બન્યું. તેની સાથે સ્નાતકોત્તર શિક્ષણ પણ શરૂ થયું. નઈ તાલીમમાં મસ્તિષ્ક, હાથ અને હૈયાના શિક્ષણ માટે છાત્રાલય જીવન જરૂરી છે. ગામડાનો વિદ્યાર્થી શિક્ષિત થઈ ફરી ગામડામાં જઈને બેસે તે માટે ગુજરાત વિદ્યાપીઠ પ્રયત્નશીલ છે. તેમાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્રનો સહકાર મળ્યો. ૧૯૮૪માં ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા આ કેન્દ્રનો પ્રારંભ થયો. કેન્દ્રનો મુખ્ય હેતુ સમાજના વિવિધ વર્ગોમાં પર્યાવરણ વિશે જાગૃતિ આવે તેવા શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવાનો છે. જે લોકોના કુદરતી સંપત્તિ સાથેના વ્યવહારને એવો બનાવે જેથી કુદરતી સંપત્તિનું સંરક્ષણ તેમજ સંવર્ધન થાય.

ગુજરાત વિદ્યાપીઠ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્રની આ ગ્રામશિલ્પી યોજના હેઠળ ગુજરાતભરમાં નાનકડા ગામને પસંદ કરીને બાર યુવાન ગ્રામશિલ્પીઓએ કાર્યનો આરંભ કરેલો. જેમાં બે વર્ષ માસિક રૂા. ૫૦૦૦/- ગ્રામશિલ્પીને આર્થિક સહાયરૂપે આપવા અને પછી પોતાની રીતે પગભર થવા પ્રયાસ કરે. હાલ બાર ગ્રામશિલ્પીઓમાંથી વીજાપુર તાલુકાના પેઢામલી ગામે જલદીપ ઠાકર અને ખોબા નામે નીલમ પટેલ ટકી રહ્યા છે.

વલસાડનું ગુંદલાવ ગામ નીલમ પટેલનું મૂળ વતન. ગુજરાત વિદ્યાપીઠમાં અનુસ્નાતક અભ્યાસાર્થે અર્થશાસ્ત્ર વિભાગમાં જોડાયા. અભ્યાસ દરમિયાન ગુજરાત વિદ્યાપીઠના વિવધ કાર્યક્રમોમાં ભાગ લેતા. ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનતા. અનુસ્નાતક થયા પછી તેમણે પસંદ કર્યું ગામડે જઈને બેસીને કાર્ય કરવાનું. આ માટે તેમણે ધરમપુરના આદિવાસી વિસ્તારના ગુંદિયા ગામને પસંદ કર્યું. ગ્રામશિલ્પી તરીકે બે વર્ષની અહીંની કામગીરીના અનુભવે તેમને જણાયું કે ગુંદિયા કરતાં ખોબા ગામમાં કામ કરવા જવા જેવું છે, એટલે તેઓ ખોબા ગામે જઈને બેઠા.

ખોબા ગામે સમાજહોલના જર્જરિત મકાનમાં નીલમે નિવાસ કર્યો. ગ્રામજનોના સહયોગથી મકાનને ઠીકઠાક કર્યું. ગામનાં બાળકોને મળવાનું, યુવાનો સાથે મુલાકાત ગોઠવવાનું શરૂ કર્યું. પ્રાથમિક શાળા ખરી પણ શિક્ષણકાર્ય નામનું જ થાય. નીલમે બાળકોને સમાજહોલ પર એકઠાં કરી શિક્ષણ આપવાનું શરૂ કર્યું. બાળકોને કુદરતના ખોળે જ શિક્ષણ અપાય. બાળકો પાસે તેમના ઘરઆંગણે વૃક્ષારોપણ કરાવાય. એક બાળક-વિદ્યાર્થી દીઠ એક વૃક્ષ. વૃક્ષને પાણી પાઈને ધ્યાન રાખી ઉછેરવાનું. વૃક્ષમાંથી ખરતાં પાંદડાં બાળકોએ ભેગાં કરી ગણવાનાં, નવાં આવતાં પાંદડાં ગણવાનાં. પાંદડાંની આ ગણતરીમાંથી સરવાળો, બાદબાકી - ગણિત શીખવાડાય. પ્રકૃતિના જતનની સાથે ગણિતના સરવાળા-બાદબાકી શીખવાડાય! આ ઉપરાંત બાળકોમાં શિક્ષણ અને સર્જનાત્મકતા વિકસે તે માટે વિવિધ પ્રયોગો તથા પોસ્ટકાર્ડ બનાવવા, વાંસમાંથી રમકડાં બનાવવા, વિવિધ રમતો રમાડવી વગેરે કાર્યો પણ ચાલે છે.

ખોબા નજીકના ગામ ખપાટિયા અને અન્ય ગામનાં બાળકો નીલમ પાસે ભણવાં

*મુશ્કેલીઓ વચ્ચે તક છૂપાયેલી હોય છે.*

આવતાં થયાં. ચોમાસામાં બાળકોને આવવાની અગવડ પડે. એટલે ૨૦૧૨થી છાત્રાલયનો પ્રારંભ કર્યો. આ છાત્રાલયમાં ખોબાથી ૧૨થી ૨૦ કિ.મી. આસપાસનાં ગામનાં બાળકો જે શાળાએ નથી ગયાં અને જેમની આર્થિક સ્થિતિ નબળી છે તેવા ૨૧ છોકરાઓ છાત્રાલયમાં નિવાસ કરે. ભણાવવા, ભોજન અને કપડાં-ચોપડીઓ સઘળાની વ્યવસ્થા કરવાની. જેનો માસિક અંદાજિત ખર્ચ રૂા. ૭૦૦૦/- આવે. વિવિધ જાતનાં ૧૨૨ જેટલાં વૃક્ષોનું વાવેતર અને જતન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. પર્યાવરણ જાગૃતિ માટે શેરીનાટક, યુવાશિબિર, પોસ્ટર-પ્રદર્શન ગોઠવાય છે. ગામમાં મહિલા મંડળીની રચના કરી ગૃહઉદ્યોગ અને નાણાકીય બચત પ્રવૃત્તિનો પ્રારંભ કરેલ છે. ખોબા અને અન્ય ગામના સભ્યો દારૂથી દૂર રહે તે માટે બાળકો દ્વારા શેરીનાટક અને યુવાનો દ્વારા વ્યસન-મુક્તાર્થીના ઘરે નિવાસ કરવામાં આવે છે.

સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર ખોબા તથા આસપાસનાં ગામોની જમીનની તાસીર અનુસાર દેશી બિયારણની પસંદગી કરીને અહીંના ખેડૂતોને કારેલાં, ચોળી, વાલોળ, ભીંડા, ગવાર, તુવેર વગેરેના પેકેટ ઘરે ઘરે ફરીને પહોંચાડવામાં આવે છે તથા ખેડૂતોને કીચન ગાર્ડનની સમજ અને માર્ગદર્શન આપવામાં આવે છે. અહીંના આદિવાસીભાઈઓ ચોમાસામાં પડતા વરસાદ આધારિત જ ખેતી કરવાની માન્યતા ધરાવે. નાગલી અને ઘઉં કે અન્ય ધાન્યની ખેતી કરી જાણે. નીલમે ખેડૂતોને કઠોળ, કેળ, કારેલાની સામૂહિક ખેતી કરતા કર્યા. ચોમાસુ ઉપરાંત શિયાળુ ખેતી પાક લેતા કર્યા. જેમાં કઠોળ, ખરસાણી (તેલીબિયાં) વગેરેનાં બિયાં ૧ કિલો આપવાનાં અને પાક તૈયાર થાય ત્યારે ખેડૂતોએ બે કિલો પાછા આપવાના. જેમાંથી 'બીજ બેન્ક' બની. ખેતીની સાથોસાથ વનીકરણનું કામ પણ હાથ ધર્યું. સર્વોદય કાર્યકરની સ્મૃતિમાં 'કાંતિભાઈ શાહ સ્મૃતિવન' માં ૫૦૦ વૃક્ષો. વન વિભાગની સહાયથી ૬૦,૦૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર અને જતન, જંગલ વિભાગના સહયોગથી ખોબાના ૮૦ પરિવારોને કુટુંબ દીઠ ૧૮ આંબાની કલમોનું વિતરણ કરાયું. અહીંના ડુંગરોમાં સમૃદ્ધ જંગલોને કપાતાં અટકાવવા ખોબા અને આસપાસનાં ૨૨ ગામોમાં ૨૫૦ ગ્રામમિત્રોની યુવા મંડળીઓની રચના કરી છે. આ ગ્રામમિત્રો સ્થાનિક લોકોને જંગલ ન કાપવા સમજાવે છે. જરૂર પડે તો કાયદાનું પણ પાલન કરાવાય છે.

આ વિસ્તારના આદિવાસીઓ પોતાના આરોગ્ય અંગે ઉદાસીન, બેદરકાર અને થોડીક અંધશ્રદ્ધા પણ ખરી અને સૌથી અગત્યની વાત પૈસાની મુશ્કેલી. નીલમ પટેલ આંખના મોતિયાના દર્દી, કેન્સર, હૃદયરોગ, હાડકાની બીમારીવાળા દર્દીઓને જરૂર પ્રમાણે અમદાવાદની સિવિલ હોસ્પિટલ સુધી લઈ આવે, દાખલ કરાવે, સારવાર પૂર્ણ થાય ત્યાં સુધી તેમની સાથે રહેવાનું. આરોગ્યની સાથોસાથ દારૂબંધીની વાત પણ લોકોને સમજાવી. ખોબા અને આસપાસના પાંચેક ગામોમાં દારૂબંધી થઈ. દારૂ પીતા પકડાય તો ગ્રામપંચાયતની વ્યસન મુક્તિ સમિતિ રૂા. ૫૦૦/- નો દંડ કરે છે.

વ્યક્તિગત લગ્નનો ખર્ચ ઘટાડવા સમૂહલગ્નનું આયોજન પણ શરૂ કર્યું. જેમાં ખોબામાં ૫૧, તુતરખેડમાં ૪૫ અને ખપાટિયામાં ૫૦ સમૂહલગ્નનું આયોજન થયું. સમૂહલગ્નમાં જોડાનાર પાસેથી માત્ર રૂા. ૧૧૦૦/- લેવાય અને આદિવાસી સંસ્કૃતિ રીતરિવાજ પ્રમાણે લગ્ન ગોઠવાય.

રાજ્ય સરકારની વોટર શેડ યોજના, વાસ્મો, સહભાગી વનવ્યવસ્થા, વનબંધુ કલ્યાણ યોજનાઓનો લાભ ગામને અને આદિવાસી લોકોને મળે તેવા પ્રયાસોથી ઉત્કર્ષ સધાઈ રહ્યો છે. માહિતી અધિકાર - આર.ટી.આઈ.થી લોકજાગૃતિ આવી છે.

આમ, નીલમ પટેલે ખોબા જેવડા ખોબા ગામમાં બેસીને શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણનું પ્રારંભેલું કામ આજે તો આસપાસના ખપાટિયા, તુતરખેડ, પાયરવાડા, વાંગણ, સાતમાળ, અવલખંડી, બોરપાડા, વડવાડા વગેરે બારેક ગામોમાં પ્રસર્યું છે.

૨૦૧૦માં વેડછીમાં કર્મશીલોની ઉપસ્થિતિમાં નારાયણ દેસાઈના હસ્તે અશોક ગોંધિયા માનપત્ર નીલમને એનાયત થયેલ. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ જાગ્રતજન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જાગ્રતજન સન્માન ૨૦૧૪થી તેમને સન્માનિત કરવામાં આવેલ. આ સન્માનમાં ઍવોર્ડ, શાલ, પ્રશસ્તિપત્ર અને રૂા. ૫૧,૦૦૦/- રોકડ રકમ અર્પણ કરાઈ હતી.

દરેક મા-બાપની ઈચ્છા હોય છે કે દીકરો ભણીગણી નોકરીધંધો કરી પરિવારની જવાબદારી ઉપાડે-સંભાળે. પણ નીલમની ગ્રામશિલ્પીની કામગીરી અને આજીવન ગામડામાં રહીને ગ્રામોત્થાનની પ્રવૃત્તિથી પરિવારજનોએ મોં ફેરવી લીધું. પારિવારિક સંબંધોમાં ઓટ આવી. નીલમને મન હવે તો ખોબાનાં ગ્રામજનો અને સારોયે સમાજ તેનો પરિવાર! વસુધૈવ કુટુંબકમ્!

ખોબા ગામની સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં લઈને તા. ૧૫-૭-૨૦૦૯ થી 'લોકમંગલમ્ સંસ્થા'ની રચના કરી છે. તા. ૬-૨-૨૦૧૧ ના રોજ ધરમપુરના સહ્યાદ્રિની ડુંગરમાળ, નદી, ઝરણાંનું પ્રાકૃતિક સૌંદર્ય, કુદરતના ખોળે જીવતા જીવનને અને નીલમની ખોબામાં બેસીને ગ્રામસ્વરાજ-ગ્રામ-સ્વાવલંબનની પ્રવૃત્તિ જોવા-જાણવાનો અવસર મળેલ અને ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ તેના સન્માનના સાક્ષી થયાનો આનંદ થયો. ખરેખર નવી યુવા પેઢીમાં ગાંધી - વિચાર ઊગતો જાય છે!

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™ STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# કુશળ કચ્છી તોપચી : પઘુ ગુલમદાર

● નરેશ પી. અંતાણી ●

કચ્છી તોપની તવારીખીના મણકામાં કચ્છી તોપચી પઘુ ગુલમદારનો આછેરો ઉલ્લેખ કરાયો હતો. આજે આ કુશળ તોપચી અંગેની કેટલીક રસપ્રદ વાતો હાથ લાગી છે તે અહીં નોંધવાનો ઉપક્રમ છે.

કચ્છના કોમવેલ તરીકે જાણીતા સેનાપતિ જમાદાર ફતેહ મહમદનો સિતારો જ્યારે બુલંદી પર હતો ત્યારે તેના કેટલાક વિશ્વાસુ સાથીદારોમાં પઘુ ગુલમદારનો પણ સમાવેશ થતો હતો. તે ફતેહ મહમદના જમણા હાથ સમાન હતો. ફતેહ મહમદે જેટલી લડાઈઓ કરી તેમાં તેનો મુખ્ય ભાગ રહેતો તેનો મુખ્ય વ્યવસાય જ ગુલમદારીનો હતો. તેમના પરિવારનો આ જ મુખ્ય વંશપરંપરાગત ધંધો હતો. તેના વડીલો મૂળે તો ગુલામદારીનું કામ કરતા હતા અને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

આ બંને લડવૈયાઓની યુદ્ધ નીતિ પણ નૈતિક દૃષ્ટિએ રચાયેલી હતી. જેમની સાથે લડાઈ કરવાની હોય તેને અગાઉથી કહેણ કહી મોકલતા કે : "કચ્છ રાજ્યનો અમુક ભાગ તમે ખૂંચવી બેઠા છો તે પાછો સોંપી દો નહિંતર લડાઈ માટે અમારો ગુલમદાર પઘુજી તૈયાર જ છે." કહેવાનું તાત્પર્ય એ કે પઘુની હાંક ચારેબાજુ ફેલાયેલી હતી.

પઘુ ગરીબ સ્થિતિના માતા-પિતાને ઘેર જન્મ્યો હતો. તેને ગાંજાનું વ્યસન હતું. તો પેંડા ખાવાનો પણ તે ભારે શોખીન હતો. દરેક લડાઈમાં તે પોતાની સાથે ગાંજાની ચલમ અને એક શેર પેંડા અચૂક લઈ જતો. તેનો ઉપયોગ કર્યા પછી જ તે યુદ્ધ આરંભી શકતો અને આરંભેલું કાર્ય સરળતા પૂર્વક પૂર્ણ પણ કરી શકતો અને ધારેલી સફળતા પણ તે હાંસલ કરી શકતો.

તે કુશળ લડવૈયો તો હતો જ પણ નિશાનબાજીમાં પણ એટલો જ અચૂક હતો. તે જે જે બાજુએ નિશાન તાકતો ત્યાં ત્યાં લશ્કરનો કચ્ચરઘાણ કાઢી નાખતો. તેના એવાં કેટલાંય પરાક્રમો એ સમયે જાણીતા હતા જેને પરિણામે તેની ખ્યાતિ દેશ-પરદેશમાં ફેલાઈ હતી. તોપ ફોડતી વખતે "જી એ રા" તેનો પોકાર પણ તેટલો જ જાણીતો હતો.

એક સમયે પઘુ વિદેશ ગયો હતો ત્યાં એક સમયે પોતાના વિશ્રામ ખંડમાં તે આરામ કરતો હતો તે સમયે ક્યાંક તોપ ફૂટવાના અવાજો સાંભળી હકીકત જાણવા તે બહાર

> **કચ્છના ઈતિહાસનાં પશ્ચાદ્‌ભૂમાં રહેલું પાત્ર એટલે નિશાનબાજ તોપચી પઘુ ગુલમદાર. તેને ગાંજાનું વ્યસન હતું અને પેંડા ખાવાનો પણ તે એટલો જ ભારે શોખીન હતો. દરેક લડાઈમાં તે પોતાની સાથે ગાંજાની ચલમ અને એક શેર પેંડા અચૂક લઈ જતો. તેનો ઉપયોગ કર્યા પછી જ તે યુદ્ધ આરંભી શકતો, આરંભેલું કાર્ય સરળતા પૂર્વક પૂર્ણ કરી ધારેલી સફળતા પણ તે હાંસલ કરી શકતો.**

આવ્યો. તેણે ગોરા ગુલમદારો અને અફસરોને જોઈ તેની પાસે તોપ ફૂટવાનું કારણ પૂછતાં જાણવા મળ્યું કે એક મોટું વિશાળ વટવૃક્ષ પાડવાનું હતું પણ તેમાં ધારી સફળતા મળતી ન હતી. આથી પઘુએ પોતાને આ કાર્ય કરવા દેવા જણાવ્યું. આ અમલદારોને આ જણ પઘુ છે તેની જાણ ન હતી. આથી સ્વભાવગત તેનું અપમાન કરી અને વધુ અપમાનિત કરવાના ઈરાદાથી તોપ ફોડવાની પરવાનગી આપી કે તુરત જ પઘુએ તોપના નાળચામાં દારૂ ભરી જામગરી ચાંપવાની સાથે જ "જી એ રા" નો પોકાર કરતાં જ અંગ્રેજ અમલદારો આ તો કુશળ કચ્છી તોપચી પઘુ ગુલમદાર છે એવું બોલી ઉઠ્યા. તેનું કુશળ ગુલમદારીપણું જોઈ અંગ્રેજ અફસરો ખુશ થયા અને ચાંદ અને અન્ય ઈનામ આપી બહુમાન કર્યું હતું.

આ જ પઘુના ભોળપણ વિશે પણ કેટલીય કથાઓ જાણીતી છે. એક વખતે પઘુ લડાઈમાં ગયો ત્યારે ગાંજો અને પેંડાના ઉપયોગ કર્યા વિના તોપની નાળ ભરીને જેમ તેમ ગાડું હંકારવા લાગ્યો. એટલામાં દુશ્મનોના તોપના ગોળાઓનો અવાજ સાંભળીને તે વિહવળ બની ગયો અને રઘવાટમાં જ તેની પાઘડી જમીન પર પડી ગઈ. એ જોતાં જ પઘુ તોપને વળગી પડ્યો અને મોટેથી બૂમો પાડવા લાગ્યો "હમારા શિર ગયા તો કુછ ન રહા." પઘુનો આવો નિષ્કપટી વહેમ જોઈ તેના સાથીઓ તેને સમજાવવા લાગ્યા, પણ તે એક નો બે ન થયો. બીજી તરફ દુશ્મનોનો હુમલો વધુ ઉગ્ર બનતો જતો હતો. આથી પઘુના સ્વભાવને જાણનાર એક માણસે જમીન પર પડેલી પાઘડી ઉપાડીને પઘુને પહેરાવતાં જ પઘુએ ગાંજા અને ચલમનો દોર લગાવ્યો અને પેંડા ખાધા પછી તુરત જ ઉપરાઉપરી નિશાન તાકી દુશ્મનોને નારાજ કરી દીધા. જો કે આ ઘટનાને કોઈ આધાર મળતો નથી પરંતુ પઘુની લાક્ષણિકતા આનાથી સમજી શકાય છે.

પઘુ માત્ર કુશળ તોપચી જ હતો એવું નથી, તે જમાદાર ફતેહ મહમદ સાથે રાજકીય ચર્ચા અને વહીવટમાંય તેનો હિસ્સેદાર બનતો. કચ્છની તત્કાલીન ઐતિહાસિક બાબતો જોતાં જણાય છે કે, જમાદારની સાથે પઘુએ પણ ઘણાંજ ઉપયોગી કાર્યો કર્યા છે. કચ્છની એ સમયની પ્રગતિ માટે જમાદાર ફતેહ મહમહની ટીમને યશ આપી શકાય છે. કચ્છની બાહ્ય ઉન્નતિનું કારણ આ જ વ્યક્તિઓ છે. જેમના વગર કચ્છીઓને ખરેખર શોષાવું

*બુધ્ધિપૂર્વક કામ કરવાથી સફળતા જરૂર મળે છે.*

પડત એ એક હકીકત છે.

ફતેહ મહમદ અનેક વખત પોતાના સાથીઓ પાસે પ્રજાની પરિસ્થિતિનું અવલોકન કરાવતો. લોકોની મુશ્કેલી જાણવા પ્રયાસો કરતો. ભુજના જુદા જુદા વિસ્તારોમાં જઈ વ્યાધિગ્રસ્તોની વહારે પણ જતા. આપતિગ્રસ્તોને સહાય કરવી, વ્યભિચારીઓને નશ્યત આપી સદ્‌માર્ગે દોરવા તથા દુશ્મનોને પરાસ્ત કરવા શક્ય તમામ પ્રયાસો કરતા. આજ કારણથી "ફતિયાની ફોજ" નું નામ સાંભળી દુશ્મનો થરથર કાંપતા હતા.

આ ફતેહ મહમદ અને તેની ટીમે કચ્છના રક્ષણ માટે અનેક સંકટો પણ સહન કર્યા હતા. આથી જ કચ્છના ઈતિહાસમાં ફતેહ મહમદનું નામ માનભેર લેવાય છે. ફતેહ મહમદ કચ્છના લશ્કરમાં જમાદાર તરીકે ઓળખાવા લાગ્યો એ સમયે કચ્છની અને ભુજ શહેરની પરિસ્થિતિ અરાજકતાપૂર્ણ હતી. શૂરવીર સામંતો અને ગરાસદારો બેકાબૂ બન્યા હતા અને રાજધાનીની અવગણના કરી રહ્યા હતા. તેવે વખતે જમાદારે કુશળતાપૂર્વક બાજી સંભાળી લીધી હતી. પોતાના સિપાઈઓને કુશળ તાલીમબદ્ધ કર્યા હતા. સિંધના હુમલાઓને ખાળવા લખપતનો કિલ્લો બંધાવ્યો વગેરે બાબતો કચ્છના ઈતિહાસમાં મોજૂદ છે. આવા કુશળ સેનાપતિઓનો કુશળ તોપચી અને સાથીદાર પધુ ગુલમદાર હતો.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨ મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## બાલુડેં જ્યું ગાલિયું

### THE BOY AND THE NETTLES

A boy saw a nettle. "I will touch it very gently," he said, "and it may not sting me."

So he touched the nettle very gently.

"Oh!" said the boy, "the nettle has stung me, and I only touched it very gently."

The boy went home and told his mother. "I only touched it very gently," he said.

"That is not the way to touch a nettle," said his mother. "If you touch a nettle gently it will sting you. If you hold it tight you will break the hairs on the nettle, and they will not sting you."

The next time the boy went that way he saw the nettles again.

"I will not touch them gently," he said, "or they will sting me again. I will hold them as tight as I can."

He took tight hold of a nettle, and it did not sting him at all. ■


યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંકે સામે જે ફ્લેટમેં જખુબાપા રેંતા અનીંજી છોકરી કે પુત્તર આવ્યો સે જમાઈ ઘરેં સોરે કે મલેલા આવ્યો. તડેં જખુબાપા જમાઈ ભેરો ઝઘડો ક્યાં ને બ-ત્રે ધોલ માર્યા... સે જરા તપાસ ત કર, હેડે રાજીપેજી ગાલ વે તેર સોરો જમાઈકે કુલા માર્યા ને ઝઘડો ક્યાં?

બચુડો : (તપાસ કેનેં ચે) જમાઈ માર ખાય એડો જ કમ કેં વે. અનજો સોરો અનકે મોબાઈલતે મેસેજ હલાયો ક મુંજી છોરી કે પુત્તર આવ્યો આય ને તું પેં ભને વ્યો અઇંયે... સે ઇજ મેસેજ જમાઈ પંઢજે મણી ધોસ્તારેંકે.... ૫૦-૬૦ જણેકે હલાય લાથે. હતરે જખુબાપાજી કમાન છટકઈ ને જમાઈસે ઝઘડો ક્યાં ને બ-ત્રે ધોલધપાટ પણ ક્યાં....

## ખિલજા મ ભલા

ફૂલવાળી : સાહેબ, આ ફૂલ લઈ જાવ તમારી પત્ની માટે.

ગ્રાહક : મારા લગ્ન નથી થયા.

ફૂલવાળી : તો તમારી પ્રિયતમા માટે લઈ જાવ.

ગ્રાહક : મારે કોઈ પ્રિયતમા નથી.

ફૂલવાળી : તો તો પછી મારા તરફથી જ તમે આ ફૂલ લઈ જાવ... તમારા જેવા નસીબદાર માણસો ખૂબ ઓછા હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : મોન્ટુ, તારું ટાઈપિંગ હમણાં સુધરી ગયું છે. હવે ફક્ત ૧૫ ભૂલો જ નીકળી.

મોન્ટુ : થેંકયુ ટીચર.

શિક્ષક : હવે મને બીજી લાઈન તપાસવા દે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ચીન્ટુ, તું મોટો થઈને શું બનવા માગે છે?

ચીન્ટુ : સાહેબ, જનાવરોનો ડૉક્ટર.

શિક્ષક : કેમ?

ચીન્ટુ : કારણ જનાવરો ક્યારેય ફરિયાદ કરતા નથી.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : સ્કુટર પર લિફ્ટ આપવા બદલ તમારો ખૂબ આભાર... મારા જેવું કાંઈ કામ હોય તો જરૂર જણાવશો.

સ્કુટર ચાલક : સારું. પણ તમે કામ શું કરો છો?

મોહન : હું સ્મશાનમાં મડદા બાળવાનું કામ કરું છું.

☺ ☺ ☺ ☺ ☺

જમના : મારા ઘરવાળા મહિનાના છેલ્લા અઠવાડિયામાં કામ કરવા નથી જતા.

ગંગા : તારા ઘરવાળા એવું તે કયું કામ કરે છે કે દર મહિને છેલ્લા અઠવાડિયે રજા રાખે છે?

જમના : એ ખિસ્સાકાતરુ છે.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : અરે શેઠ સાહેબ, હું તમને ઓળખું છું. તમે આટલા બધા પૈસાવાળા હોવા છતાં આવા લઘરવઘર કપડા પહેરીને શાક લેવા માટે કેમ આવો છો?

શેઠ : આવા કપડા પહેર્યા હોવાથી મને શાકભાજી સસ્તામાં મળી જાય છે.

ભિખારી : તો.. તો... મારી જેમ કટોરો લઈને જાવ.... શાકભાજી મફતમાં મળી જશે.

☺ ☺ ☺ ☺ ☺

નોકરી માટેનો ઉમેદવાર : શેઠ, મને ખાતરી છે કે મારા જેવા માણસને તમે જરૂર નોકરીમાં રાખી લેશો.

શેઠ : મને બધું જ કામ જાતે કરી લેવાની ટેવ છે.

ઉમેદવાર : એની મને ખબર છે અને એટલા માટે જ હું તમારે ત્યાં નોકરી કરવા ઈચ્છું છું.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આવું ખાવાનું તારી માને ખવડાવજે. શાક સાવ કાચું છે અને રોટલી બળેલી છે.

પત્ની : લગ્ન વખતે તો તમે કહેતા હતા કે પ્રેમ આંધળો છે?

પતિ : એટલો પણ આંધળો નથી કે કાચા શાકની અને બળેલી રોટલીની ખબર ન પડે!

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ભાઈ સોહન, તે છાપામાં 'પત્ની જોઈએ છે' એવી જાહેરાત આપેલી, તેના અનુસંધાનમાં કાંઈ થયું કે નહીં?

સોહન : જબરો પ્રતિભાવ મળ્યો. ત્રણ જ દિવસમાં સો પત્ર આવ્યા જેમાં લખ્યું હતું, 'તમે મારી પત્ની લઈ જઈ શકો છો.'


☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એવા માણસને શું કહેવાય કે સામેવાળા લોકો બૉર થઈ ગયા હોય તો પણ બોલવાનું ચાલુ જ રાખે.

શ્રેય : શિક્ષક.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*પોતાની ભૂલ બીજા પર ન ઓઢાડો, તેનો સ્વીકાર કરો.*




## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સ્ટાફ સભ્યો તેમજ કાર્યકરોનો ખૂબ આભાર

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે અમે લોકો થોડા સમય પહેલાં અમદાવાદ આવેલ ત્યારે કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રોકાયેલ. એ સમયે અચાનક મારા પિતાશ્રીની તબિયત ખરાબ થઈ ગયેલી. આ બાબતે આપના સ્ટાફને જાણ કરતાં તાત્કાલિક આપના સમાજનાં કાર્યકર્તાઓ એક સારા ડૉક્ટરને લઈ આવ્યા હતા અને અમારા પિતાશ્રીની સારી સારવાર કરાવી આપી હતી. વહેલી સવારે અમારે જબલપુર ટ્રેનમાં જવાનું થયું ત્યારે સમાજના કાર્યકર્તાઓએ વ્યવસ્થા કરેલ એમ્બ્યુલન્સ અમને કાલુપુર રેલવે સ્ટેશન સુધી મૂકી ગયેલ. આ કાર્યમાં કોઈએ અમારી પાસેથી કાંઈપણ રકમ લીધી ન હતી અને પોતાના સમજીને અમને ખૂબ મદદરૂપ થયા હતા.

આ બદલ હું અને મારો પરિવાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેના સ્ટાફનો તથા કાર્યકરોનો ખૂબ જ આભાર માનીએ છીએ. એમની સેવાને અમે બિરદાવીએ છીએ અને ખરા અંતઃકરણપૂર્વક સલામ કરીએ છીએ.

*અમરીન હંસરાજ ગડા - જબલપુર (મધ્યપ્રદેશ)*

★

## 'ઈચ્છામૃત્યુ કે ઈચ્છાજીવન' વિશે થોડું વધુ....

'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૪ના અંકમાં ઉપરોક્ત વિષય પર મારો લેખ છપાયો હતો. આવા સંવેદનશીલ વિષય પર વાંચકોના પ્રતિભાવ આવવાની અપેક્ષા હતી તે ફળી નહીં.

આ જ લેખ "અભિવ્યક્તિ" બ્લોક પર ૨૧ નવેમ્બરના રોજ પ્રકાશિત થયો હતો. ત્યાં આ વિષય પર સારી એવી ચર્ચા થઈ હતી. એક અપવાદ સિવાય બધા વાંચકોના મંતવ્યો સ્વેચ્છામૃત્યુની તરફેણમાં હતા. એક ચોખવટ જરૂરી છે કે લગભગ બધા જ અભિપ્રાય આપનારા હાલ વિદેશમાં રહે છે.

'મંગલ મંદિર'ના જે વાંચકોને એ જાણવામાં રસ હોય, એમના માટે એ લેખ અને પ્રતિભાવો માટેની લીંક અત્રે આપી છે :

https://govindmaru.wordpress.com/2014/11/21/murji-gada-44/

છેલ્લા આઠ વર્ષ દરમ્યાન 'મંગલ મંદિર'માં છપાયેલા મારા લેખોમાંથી આશરે ૪૦ જેટલા લેખ "અભિવ્યક્તિ" બ્લોક પર પ્રકાશિત થયા છે. એ બધા લેખો પર વાચકો દ્વારા ઘણી ચર્ચા થઈ છે. જો કોઈને એ વાંચવાની ઈચ્છા હોય તો એ માટેની લીંક પણ અત્રે આપી છે.

https://govindmaru.wordpress.com/category/

યોગ્ય પ્રતિભાવની અપેક્ષા સાથે....

*મુરજી ગડા - વડોદરા (મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯)*

★

## સરસ્વતી સન્માન કાર્યક્રમ અંગે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પુરસ્કાર સમિતિ દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૪ના બપોરે ૩.૦૦ વાગે છાત્રો માટે પુરસ્કાર વિતરણ અને સન્માનનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમના અંતે જમણની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પરિવારજનોની હાજરી ખૂબ જ નજીવા પ્રમાણમાં હતી. કાર્યક્રમની વચ્ચે સભ્યોની અવરજવર ચાલુ જ હતી. ઉપરોક્ત કાર્યક્રમ સમાપ્ત થવાના સમયે એટલે કે ૫.૩૦ વાગ્યા પછી લોકો પ્રવેશી રહ્યા હતા!! સમાજમાં સમય - નિયમબધ્ધ વર્તન ક્યારે જોવા મળશે? શિસ્તપણું જાળવવા માટે એક જ ઉપાય છે કે કાર્યક્રમ શરૂ થાય તેની ૧૫-૨૦ મિનિટ સુધી જ પ્રવેશની છૂટ હોવી જોઈએ. ત્યારબાદ આકસ્મિક કારણો સિવાય ત્યાં કોઈને પણ પ્રવેશ આપવો જોઈએ નહીં. સમાજ પરિવારજનોમાં જરૂરી શિસ્તપૂર્વકના વર્તનનું સર્જન કરવા તથા યોગ્ય 'ડિસીપ્લિન' જાળવવા સાથે સમયની કિંમત સમજવી જોઈએ. આ સંબંધી સમિતિ દ્વારા યોગ્ય કાર્યવાહી થશે તો પ્રશંસાપાત્ર ગણાશે.

ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન એક ખૂબ જ વિચિત્ર ઘટના જોવા મળી હતી. છાત્રોને પ્રોત્સાહિત કરવા જ્યારે ખાસ વ્યાખ્યાનકર્તા પોતાનું વ્યાખ્યાન આપવા મંચ પર આવ્યા ત્યારે મોટાભાગના છાત્રો સમૂહમાં હોલમાંથી બહાર ચાલ્યા ગયા. આ એક અફસોસજનક બાબત ગણાય. સમિતિએ આ સંબંધી યોગ્ય વિચાર કરીને આ પ્રકારનું પુનરાવર્તન ન થાય તે જોવું જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે સમાજના પરિવારજનો માટે સ્નેહ મિલનનો કાર્યક્રમ માત્ર બે કલાક પૂરતો જ રાખવામાં આવેલ અને કાર્યક્રમની સમય મર્યાદામાં ૩૦૦ જેવા સભ્યશ્રીઓની ઉપસ્થિતિ હતી. તે રીતે સમાજના ઉપરોક્ત કાર્યક્રમ જેવા દરેક પ્રસંગે પરિવારજનો સમયસર આવે તે માટે સમિતિએ વિચારવું જોઈએ. આ પ્રકારના મહત્ત્વના કાર્યક્રમમાં અગર પરિવારજનોની હાજરી અલ્પ પ્રમાણમાં રહેતી હોય તો અન્ય એક સૂચન એવું છે કે, સમાજના

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
Tel. : 022-2242 0227 / 7128, 32428386
E-mail : neelamsteel@yahoo.com

વાર્ષિક સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ દરમ્યાન મોટી સંખ્યામાં ઉપસ્થિત સભ્યોની વચ્ચે આ કાર્યક્રમનું આયોજન થાય તો તેની ગરિમા જળવાય અને ઈનામ - સન્માન પ્રાપ્તકર્તાઓને ગૌરવમય પ્રસંગ જણાય.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

★

## સરસ્વતી સન્માન કાર્યક્રમ

રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ સરસ્વતી સન્માનનો કાર્યક્રમ ખૂબ જ ઉચ્ચ પ્રકારનો હતો. હોલ સમયસર ભરાઈ ગયેલ હતો. એક સમય એવો આવેલ કે લોકોને બેસવાની જગ્યા ન હતી. જે વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા તેમાંના મોટાભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. અનિવાર્ય સંજોગોના કારણે જે વિદ્યાર્થી ઉપસ્થિત ના રહી શકેલ તેઓએ પોતાનો ઍવોર્ડ / પુરસ્કાર મેળવવા પોતાના કુટુંબીજનને મોકલેલ હતા.

જે બે વક્તાઓના પ્રવચન રાખવામાં આવેલ તેઓએ રજૂ કરેલ મુદ્દાઓ વિચારણીય હતા. આવા વક્તાઓને ઉપસ્થિત કરવા બદલ સરસ્વતી સન્માન સમિતિને અભિનંદન આપવા ઘટે.

અંદાજિત ૨૮૨ વ્યક્તિના ઉપસ્થિત સમુદાયની સામે સમૂહ ભોજનનો લાભ લેનાર માત્ર ૨૨૫ વ્યક્તિ હતી. આથી એ ફલિત થાય છે કે સમાજનો મોટાભાગનો વર્ગ, જે કાર્યક્રમમાં ઉપસ્થિત રહે છે, તે માત્ર કાર્યક્રમ મહાલવા ઉપસ્થિત રહે છે.

અત્રે એ નોંધવું રહ્યું કે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમમાં સમાજના ૭ હોદ્દેદારમાંથી માત્ર બે કે ત્રણ હોદ્દેદારો ઉપસ્થિત રહેલ અને તે પણ માત્ર થોડા સમય માટે જ. આ પ્રકારના કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા ઉચ્ચ હોદ્દેદારોએ પોતાનો સમય ફાળવીને જરૂરથી ઉપસ્થિત રહેવું જોઈએ.

*રજનીકાંત પારેખ - અમદાવાદ*

★

## નૂતન વર્ષ મિલન સમારંભ - પ્રતિભાવ

મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં આંજો કાગર વિભાગમાં એક પત્ર લખાયેલ છે અને તેમાં જણાવાયેલ છે કે નૂતન વર્ષ મિલન સમારંભના સમયે બે કલાકના સમય દરમ્યાન ૩૦૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતા.

આ બાબત જણાવવાનું કે આગળના વર્ષમાં જ્યારે ૪૦૦-૪૫૦ વ્યક્તિ ઉપસ્થિત રહી શકેલ, તો ચાલુ વર્ષ દરમ્યાન તે સંખ્યા ઘટીને ૩૦૦ની કેમ થઈ જવા પામેલ?

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અધિકારીશ્રીઓ આ બાબતે નિષ્પક્ષપણે વિચારી શકશે?

*સત્યેન શેઠ - અમદાવાદ*

## 'સમાજમાં થતી ચૂંટણીઓ અંગે....'

'મંગલ મંદિર' ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં વડીલ શ્રી મગનભાઈ સંઘવીના સમાજમાં થતી ચૂંટણીઓ અંગેના વિચારો ધ્યાનમાં લેવા જેવા છે.

તેમણે જણાવ્યું છે તેમ નિષ્ઠાવાન કાર્યકરો ચૂંટાય તેવા રસ્તાઓ વિચારવા જોઈએ. તેમજ મતદાન પહેલાં ઉમેદવારોની જાણકારી આપવી જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે પોતાનો સમય કાઢી સેવા આપનાર વ્યક્તિ કે જે સમાજના કાર્યોને ફરજ સમજી પોતાની જાતને જોતરે છે તેમને ચૂંટવા જોઈએ અથવા તો તેવા કાર્યકરોને ચૂંટણી પ્રક્રિયા ટાળી આવકારવા જોઈએ. જે મેં તેમજ શ્રી કે.ડી. શાહે માસ નવેમ્બર-૨૦૧૪ના અંકના 'આંજો કાગર' વિભાગમાં પણ જણાવેલ છે.

ચૂંટણીમાં ચૂંટાયેલ ઉમેદવારોની મીટિંગમાં હાજરી કરતાં તેના કાર્યભારની વિગતની માહિતી જાણવી જરૂરી છે. ફક્ત મીટિંગમાં હાજરી પુરાવવી તે અગત્યનું નથી. જે સભ્યો પોતાનો સમય સમાજના કાર્ય માટે ફાળવી શકે અને સક્રિય રહી સમાજના કાર્ય માટે પ્રયત્નશીલ રહે તે સભ્યો ચૂંટવા ઈચ્છનીય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જુલાઈ-૨૦૧૪માં થયેલ કારોબારી ચૂંટણીમાં ચૂંટાયેલ એક સભ્યશ્રીએ સમાજના કાર્ય માટે પોતે સમય ફાળવી શકે તેમ નથી તેવા કારણોસર રાજીનામું આપેલ. જે વાત ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવતી વખતે ધ્યાનમાં રાખવા ઈચ્છવાયોગ્ય છે.

સમાજની કોઈપણ ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સભ્ય છે, તે બાબતનો ખ્યાલ દરેક સભ્યે રાખવો જોઈએ. પેટા જ્ઞાતિને અગત્યતા અપાય નહિં. ઉમેદવાર વિશે પણ દરેક સભ્યને જાણ થવી જોઈએ કે ઉમેદવાર સમાજ કાર્ય માટે કેટલો સમય ફાળવી શકે છે અને કેવી નિષ્ઠાપૂર્વક કામ કરે છે. આ બાબતની જાણ એવા સભ્યોને છે કે જેઓ અવારનવાર સમાજની ઓફિસે કામકાજ માટે અવરજવર કરે છે.

શ્રી મગનભાઈ સંઘવીએ ખરું જ કહ્યું છે કે ફક્ત મીટિંગમાં હાજરી આપવાની સંખ્યાથી ઉમેદવાર (ચૂંટાયેલ સભ્ય)ની ક્ષમતાનો કયાસ ના નીકળે. પરંતુ તેના કાર્યની નિગરાની દ્વારા તેની ક્ષમતાનો પરિચય થાય તે જરૂરી છે. તદુપરાંત જે કોઈ સભ્ય કોઈપણ પદની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવે તે પહેલાં તેમને સમાજમાં ચાલતા કાર્યોની સમજ આપવી. ત્યારબાદ તે વ્યક્તિ ઉમેદવારી નોંધાવે તે યોગ્ય રહેશે અને આમ સમાજને યોગ્ય કાર્યકર્તા મળી રહેશે તેમજ ઉમેદવાર પોતાની ક્ષમતા બતાવી શકશે.

સમાજના પદાધિકારીશ્રીઓ આવી પ્રક્રિયા અપનાવે તો ચૂંટણી

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

પ્રક્રિયા પણ ટાળી શકાશે અને સમાજના સમય - ખર્ચમાં પણ બચત થશે.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

★

## સમાજની ચૂંટણી અંગે પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં આંજો કાગર વિભાગમાં શ્રી મગનભાઈ સંઘવીએ સમાજની ચૂંટણી અંગે સૂચનો જણાવીને તેના પ્રતિભાવો માંગ્યા છે. તે અન્વયે હું નીચે જણાવાયેલ મુદ્દાઓ તરફ ખાસ ધ્યાન દોરું છું.

★ એમનો પ્રથમ મુદ્દો છે કે ટ્રસ્ટ મંડળ અને કારોબારીની સભાઓમાં સભ્યોની હાજરીની વિગત 'મંગલ મંદિર'માં પ્રકાશિત થાય. આ સારી બાબત છે પરંતુ ઘણા સભ્યોની હાજરી કદાચ ૧૦૦ ટકા હોય આમ છતાં જોવાનું એ છે કે, મીટિંગમાં થતી કાર્યવાહી અથવા ચર્ચાઓમાં એમનો હિસ્સો કેટલો હોય છે? બીજી તરફ જોઈએ તો અમુક સભ્યો સમાજમાં નિયમિત આવતા હોય પણ સંજોગોવશાત્ ૨ અથવા ૩ મીટિંગોમાં ઉપસ્થિત ન રહી શક્યા — આવા કિસ્સાઓમાં તેમની ઉપયોગીતા કેવી રીતે નક્કી કરવી?

★ આપણા સમાજમાં એવા પણ કેટલાક સભ્યો છે, જે સમાજના કોઈપણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિઓમાં હિસ્સેદાર બનતા જ નથી. એટલે સ્વાભાવિક છે કે જૂના સભ્યો તેમને ઓળખતા પણ ન હોય. આ કારણે કાર્યકરની કાર્યવાહીની વિગત જાણવામાં કાંઈ રસ ન હોય. એમને તો કોઈ મિત્રે કહી દીધું કે 'એ'ને વોટ આપવાનો છે. આ સ્થિતિને કઈ રીતે વિચારીશું? અથવા તેની ગણતરી કેવી રીતે કરવી?

★ આ અંગે એક કાર્યકરે એવું સૂચન કર્યું કે, કોઈપણ સભ્યની કારોબારી સમિતિ માટે ઉમેદવારી ત્યારે જ નોંધવાલાયક ગણવી જોઈએ જ્યારે તેણે બે વર્ષ સમાજની કોઈપણ સમિતિમાં કામ કર્યું હોય અને સમાજ તેમજ તેની પ્રવૃત્તિથી પ્રથમ વાકેફ બને અથવા તે રીતે અનુભવ મેળવે. ત્યારબાદ ઉમેદવારી કરે તો યોગ્ય રહેશે. તેવી રીતે, ટ્રસ્ટ મંડળમાં પ્રવેશતા અગાઉ કારોબારી સભ્ય તરીકે ત્રણ વર્ષ રહે. આવું કાંઈક વિચારીને જરૂર જણાય તો બંધારણમાં સુધારા કરીને આગળ વધવું જોઈએ.

★ મારો અંગત અનુભવ છે કે નોટિસ બોર્ડ પર મુકાયેલ કોઈપણ પત્ર વંચાતા નથી અને 'મંગલ મંદિર'માં અપાતી સૂચના અથવા કાર્યક્રમો અંગેની જાહેરાત - માહિતી અંગે સભ્યોને જાણકારી હોતી નથી. માત્ર એકબીજાના સંપર્ક માત્રથી આવા સભ્યોને સંસ્થાના કાર્યક્રમો અંગે અથવા ચૂંટણીના ઉમેદવારો અંગે માહિતી મળતી હોય છે. આ બાબતે આપણા કાર્યક્રમોમાં સભ્યોની હાજરી ઉપરથી અંદાજ લગાવી શકાશે (રાસ-ગરબા સિવાય). તાજેતરમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટર દ્વારા ડાયાબિટીસ અંગે એક ખૂબ જ સારો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રવિવાર હોવા છતાં સભ્યોની હાજરી એકદમ પાંખી હતી. સમાજમાં જાગૃતિ ન આવે ત્યાં સુધી સ્થિતિ આવી જ રહેવાની. જ્યારે પણ ચૂંટણી આવશે ત્યારે જૂથવાદ રહેવાનો અને સારા કાર્યકરો જેવી રીતે શ્રી દિનેશભાઈ શાહે પોતાના પત્રમાં જણાવેલ છે તેમ દૂર ધકેલાઈ જશે અને જેમની ઓળખાણ - લાગવગ વધારે છે એ ચૂંટાઈ આવશે. આવી પરિસ્થિતિમાં સમાજ સારા, નિષ્ઠાવાન કાર્યકરો ગુમાવશે, એ ચોક્કસ છે. આ બાબત તાત્કાલિક વિચાર માંગે છે એટલે તે સંબંધી યોગ્ય કાર્યવાહી થશે તેવી અપેક્ષા સાથે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## જાગી જાઓ

મોડી રાત્રે તમે હાઈવે પર વાહન લઈને એકલા નીકળ્યા હો ત્યારે ઘણી વાર ઝોકું આવી જતું હોય છે. ઝોકું આવતા જ તમે અચાનક જાગી જાઓ છો અને ગાડી ચલાવવા લાગો છો. થોડીવારે ફરી પાછું તમને ઝોકું આવી જાય છે. ફરી પાછા તમે જાગી જાઓ છો અને ગાડી ચલાવવા લાગો છો. આ ટેવ સારી નથી. પછી ભલે એ તમારી મોટરકાર હંકારતી વખતે આવતું ઝોકું હોય કે જીવનની ગાડી હંકારતી વખતે આવતું ઝોકું.

જીવનમાં એકવાર ઝોકું આવી જાય અને તમે ભાન ભૂલી બેસો ત્યાં સુધી બરાબર છે. પણ એકવાર જાગી ગયા પછી વારંવાર તમે ઝોકે ચડી જાઓ એ ટેવ સારી નથી. એમાં ક્યાંક ભટકાઈ પડવાનું સોએ સો ટકા જોખમ રહેલું છે. ઘણા માણસો હંમેશાં ઝોકાં ખાતા હોય છે, ઊંઘતા હોય છે છતાં એમ જ માનતા હોય છે કે પોતે જાગે છે. પણ એવા લોકોએ જીવનમાં ખરેખર જાગવાની જરૂર છે. એવા લોકો ખરેખર જાગે ત્યારે ખબર પડે છે કે એ લોકોએ ઊંઘના ઘેનમાં શું શું ગુમાવ્યું છે? માણસ ખરેખર જાગેલો ત્યારે કહેવાય જ્યારે ગઈકાલની જાગૃતિ એને ઊંઘ જેવી લાગે. જ્યારે માણસ ખરેખર જાગી જાય છે ત્યારે જ એને જીવનનાં મૂલ્યની ખબર પડે છે અને ત્યારે જ એનું નસીબ પણ જાગે છે અને જીવન પણ.

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# અન્ય સંસ્થાઓના સમાચાર

## નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ પાણીના પ્રશ્ને કચ્છમાં મળેલ મીટિંગનો અહેવાલ

નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી અને વધારાના પાણીના કાર્યોની પ્રગતિની જાણકારી માટે કેટલાક કચ્છીઓની કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ શુક્રવાર, તા. ૧૯-૧૨-૨૦૧૪ના રોજ ભુજ ખાતે એક મીટિંગ મળેલ હતી. જેમાં લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાની, અશોક મહેતા, કૈલાસદાન ગઢવી, વિજય ગઢવી, રાજેશ ભટ્ટ, શૈલેષ મુકુંદરાય માણેક, ધર્મેન્દ્રસિંહ જાડેજા, વીરેન ધીરજલાલ શાહ, દિલીપભાઈ કોરડિયા, લક્ષ્મણ લાલજી વરસાણી, હર્ષવદન એમ. શાહ, નીલેશ વારસાણી વગેરે એકત્રિત થયેલ હતા.

આ મીટિંગમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી :

૧. કચ્છને ફાળવાયેલ નિયમિત પાણીની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો હાલે ચાલુ છે પરંતુ સબ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, સબસિડિયરી કેનાલ વગેરે કેનાલોના કાર્યો કે જે ખેતર સુધી પાણી પહોંચાડે, તેના ન તો કામ શરૂ થયા છે કે ન તો ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. આ કામોના ટેન્ડર ત્વરિત બહાર પડે અને તેને લગતી જમીન સંપાદન કરવા અંગે લાગતા વળગતા સાથે વહેલી તકે મીટિંગ યોજી, આ પ્રકારના કાર્યો શરૂ કરવા માટે પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૨. કચ્છ બ્રાંચ કેનાલમાં આવતા ત્રણ પમ્પિંગ સ્ટેશનો પર જરૂરી પંપો મૂકી નિયમિત પાણી કચ્છમાં પહોંચાડવાના હાલે આયોજન અને કાર્યો ચાલુ છે પરંતુ આ ત્રણે પમ્પિંગ સ્ટેશનો પર કચ્છમાં વધારાનું પાણી પહોંચાડવા માટે જરૂરી પંપો મૂકવામાં આવેલ નથી. તેથી આ પંપો સત્વરે મૂકી તેને કાર્યરત કરવા લાગતા વળગતા અધિકારીશ્રીઓ સાથે મીટિંગ કરી આ કાર્યો શરૂ કરવામાં આવે તેવા પ્રયાસો કરવા.

૩. કચ્છને ફાળવાયેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો શરૂ કરવા ગુજરાત સરકારના વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં જરૂરી રકમ ફાળવવામાં આવે તેવી ચર્ચા જળસિંચાઈ વિભાગના સચિવશ્રી સાથે અને જળસિંચાઈ વિભાગના મંત્રીશ્રીને રૂબરૂ મળી યોગ્ય પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત કાર્યો સત્વરે હાથ પર લેવા માટેના પ્રયાસો કરવા એક સમિતિની રચના કરવામાં આવેલ હતી કે જેમાં શ્રી લક્ષ્મણભાઈ રાઘવાની, અશોક મહેતા, કૈલાસદાન ગઢવી, વિજયભાઈ ગઢવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ હતો.

ઉપરોક્ત કાર્યવાહી પાર પાડવા જરૂરી આયોજનો ગોઠવવા આ સમિતિને ઉપરોક્ત મીટિંગમાં સંપૂર્ણ સત્તા આપવામાં આવેલ હતી.

## શંખેશ્વરમાં નવનિર્મિત ભવન

પ્રાચીન જૈન તીર્થ શંખેશ્વર ખાતે આવેલા કચ્છી ભવનના સ્થાને નવનિર્મિત થયેલ શ્રી મહુબાપા ભવનનું તાજેતરમાં આચાર્યશ્રી મ.સા., જૈન શ્રેષ્ઠીઓ, આગેવાનો તેમજ જૈન સંઘના પરિવારજનોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન યોજાયું હતું. શંખેશ્વરમાં આવેલા 'કચ્છી ભવન'ને ભૂકંપ દરમ્યાન ક્ષતિ પહોંચતા નવા ભવનની આવશ્યક્તા હોઈ નવા ભવનના નિર્માણનું કામ શ્રી શંખેશ્વર લોલાડા કલ્યાણ શ્વેતાંબર જૈન તીર્થ ટ્રસ્ટ - મુંબઈ તરફથી નવ નિર્માણનું આયોજન થયું હતું. જે કચ્છી દાતાશ્રીઓના માતબર દાનની સરવાણીથી પરિપૂર્ણ થતાં સમગ્ર કચ્છી જૈન સમાજ માટે શંખેશ્વર મધ્યે અદ્યતન આવાસીય સુવિધા ઉપલબ્ધ થઈ છે. છ માળના આ વિશાળ ભવનમાં એક વિવિધલક્ષી હોલ, બે સંઘ ઉતારા હોલ સાથે અદ્યતન સુવિધા સાથેના ૭૦ એ.સી. તથા ૨૦ નોન એ.સી. રૂમો સાથે કુલ નેવું હજાર ફૂટનું બાંધકામ કરાયું છે. ભવનમાં બે લિફ્ટની સુવિધા છે. આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ, કચ્છ વગેરેથી બહોળી સંખ્યામાં કચ્છી જૈનોએ હાજરી આપી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કેટલાક હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા.

**આશાઓ પર પાણી ફરી જતા વાર નથી લાગતી,**
**કિનારે આવી ડૂબી જતાં વાર નથી લાગતી.**
**માણી લે હર એક પળ તું આજે, આંખોને મિંચાઈ જતાં વાર નથી લાગતી.**

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

## કોષ્ટી સમાજ - અમદાવાદનો ૩૮મો પુરસ્કાર વિતરણ કાર્યક્રમ

કોષ્ટી સમાજ - અમદાવાદ એ મધ્ય પ્રદેશથી આવેલ અને અમદાવાદમાં છેલ્લી ૪-૫ પેઢીથી વસવાટ કરતો લગભગ ૨૪૦૦ પરિવારોનો સમાજ છે અને તેઓ પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન ૫રના મેડિકલ સેન્ટર સાથે જોડાયેલ છે અને અત્યાર સુધી તેમના ૮૦૦ જેટલા પરિવારોએ આ મેડિકલ સેન્ટરના કાર્ડ પ્રાપ્ત કરેલ છે.

આ કોષ્ટી સમાજ તથા કોષ્ટી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદના પરિવારોનો ૩૮મો પુરસ્કાર વિતરણ કાર્યક્રમ સી.ટી.એમ. ખાતે રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા. એ સમયે નિકોલ વોર્ડના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ પંચાલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ હતા.

લગભગ ૧૦૦૦ની સંખ્યામાં ઉપસ્થિત કોષ્ટી સમાજના પરિવારો વચ્ચે આ કાર્યક્રમ સંપૂર્ણપણે ગુજરાતીમાં ચલાવવામાં આવેલ હતો. આ સમાજ પરિવારના બાળકો અમદાવાદમાં રહીને ગુજરાતી ભાષાની સ્કૂલોમાં જ મોટેભાગે અભ્યાસ કરે છે અને વ્યવહારમાં પણ તેઓ ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે.

ઉપસ્થિત પરિવારોને સંબોધન કરતાં શ્રી અશોક મહેતાએ જણાવેલ કે હાલે આપશ્રીના સમાજના અંદાજિત ૮૦૦ પરિવારોએ શ્રી કચ્છી જૈન ભવન ૫ર ચાલતા મેડિકલ સેન્ટરના કાર્ડ મેળવેલ છે. આપશ્રીના સમાજના વધુને વધુ પરિવારો જો આ મેડિકલ સેન્ટરની સેવાનો લાભ મેળવશે તો તે પ્રવૃત્તિ આપશ્રીના સમાજ માટે પણ ઉદાહરણરૂપ સાબિત થશે. ભવિષ્યમાં બંને સમાજ સાથે રહીને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સંલગ્ન થઈ શકે તેવી શુભેચ્છા તેઓએ વ્યક્ત કરેલ હતી.

કોષ્ટી સમાજના પ્રમુખ શ્રી અનિલ ભગવાનદાસ, ઉપપ્રમુખ શ્રી મૂકેશ રામચરણભાઈ તથા મંત્રી શ્રી ગોપીચંદ ઈશ્વરલાલનો આ સમાજના કાર્યક્રમ દરમ્યાન અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા બદલ શ્રી અશોક મહેતાએ આભાર માનેલ હતો.

**પગ લપસવાથી થયેલા ઘા રૂઝાઈ જશે પણ**
**જીભ લપસવાથી થયેલા ઘા રૂઝાતા બહુ વાર લાગશે.**

## આદિપુરમાં 'અલ્પને અલ્પ રહેવા દો' પુસ્તકનું વિમોચન

આદિપુરની લછવાણી ધર્મશાળા ખાતે તાજેતરમાં યોજાયેલા સમારોહમાં ગુજરાતી ભાષાના સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતાના અધ્યક્ષસ્થાને કવિ મુકુંદ મહેતાના 'અલ્પને અલ્પ રહેવા દો' પુસ્તક વિમોચન સમારોહ યોજાયો હતો. ચંદ્રવદન મહેતાના સ્વાગત પ્રવચન બાદ ઉપસ્થિત અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયા બાદ પુસ્તકનું વિમોચન કરાયું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં ડૉ. રમેશ ભટ્ટ, મંજુલાબેન આચાર્ય, નૂતનબેન મહેતાએ કવિ 'અલ્પ'ની શબ્દસાધનાને બિરદાવી હતી. કાર્યક્રમમાં પ્રવીણ શુક્લ, કિશોર શાહ અને દિનેશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

ધીરેન્દ્ર મહેતાએ 'અલ્પ'ની કાવ્યાત્મક સમીક્ષા કરી હતી અને મુકુંદ મહેતાની શક્તિને બિરદાવી હતી. કવિતાના માધ્યમથી અને શબ્દોને સથવારે કવિ, સમાજમાં અનેક પ્રકારના પરિવર્તન લાવતો રહ્યો છે એવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી. 'અલ્પને અલ્પ રહેવા દો' એ માત્ર કાવ્ય સંગ્રહ ન હોતાં આયુના આઠ દાયકાની આમદની છે એવી લાગણી કાર્યક્રમમાં વ્યક્ત કરવામાં આવી હતી. આ પુસ્તકમાં ૫૩ કાવ્યો ઉપરાંત 'અલ્પ'ના જીવનને લગતી કેટલીક બાબતો પણ આલેખવામાં આવી છે.

## વાપી કચ્છી સમાજે યોજ્યું કચ્છી નાટક

શ્રી કચ્છી જૈન સમાજ - વાપી દ્વારા આયોજિત, કચ્છ યુવક સંઘ - મુંબઈનું "સસ વહુ સુખી ત પોએ કેર દુખી" નામનું દ્વિ-અંકી કચ્છી નાટક તાજેતરમાં વાપી ખાતે બતાવવામાં આવેલ. સૌપ્રથમ સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડાએ પધારેલા આમંત્રિતો તથા સમાજના સૌ પરિવારજનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

નાટકના દિગ્દર્શક શ્રી વસંતભાઈ મારૂ અને કચ્છ યુવક સંઘ - મુંબઈ, આપણી માતૃભાષા કચ્છી બોલીના પ્રચાર અને આપણી યુવા પેઢી કચ્છી ભાષા તરફ આકર્ષાય તે માટે છેલ્લા ૨૨ વર્ષથી અવનવા કચ્છી નાટકોની હારમાળા રજૂ કરતા રહ્યા છે.

નાટકના મધ્યાંતરમાં મુંબઈથી પધારેલા સર્વે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના માનદ્ મંત્રી દ્વારા આભારવિધિ થયા બાદ કાર્યક્રમ પૂરો થયો હતો.

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

## હૈદ્રાબાદ ખાતે
## શ્રી કચ્છી ગૂર્જર જૈન પરિચય મિલન - ૨૦૧૪ કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા

શ્રી દક્ષિણ ભારત કચ્છી ગૂર્જર જૈન પરિવાર અને શ્રી કચ્છી ગૂર્જર જૈન પરિવાર હૈદ્રાબાદ - સિકંદ્રાબાદના સંયુક્ત ઉપક્રમે શ્રી કચ્છી ગૂર્જર જૈન સમાજના પરણવા ઉત્સુક યુવક - યુવતીઓના પરિચય મિલનનો એક કાર્યક્રમ તા. ૧ અને ૨ નવેમ્બર, ૨૦૧૪ના હૈદ્રાબાદ ખાતે ખુશનુમા વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક યોજાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર આ મિલન કાર્યક્રમમાં ૮૦ યુવકો અને ૬૦ યુવતીઓના નામોની નોંધણી થઈ હતી, જેમાં સંજોગોવશાત્ કેટલાક ગેરહાજર હતા. આમ છતાં સંખ્યાની દૃષ્ટિએ મિલન કાર્યક્રમે ખૂબ સારી સફળતા હાંસલ કરી હતી. આ પરિચય મિલન અર્થે મૂળ ભુવડના અને હાલે ચેન્નાઈ સ્થિત શ્રી જવાહરલાલ પોપટલાલ મહેતા પરિવારનો મુખ્ય દાતાશ્રી તરીકે આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. નિર્ધારીત કાર્યસૂચિ અનુસાર તા. ૧ નવેમ્બરે કાર્યક્રમનો દબદબાભર્યો ભવ્ય પ્રારંભ થયો હતો. મુખ્ય કાર્યકરો તેમના ડ્રેસકોડમાં સજ્જ હતા. કાર્યક્રમ અંતર્ગત દરેક ઉમેદવારનું આગમન, પરિચય, પરસ્પર મિલન, ઉમેદવારોના પરિવારજનોની પરસ્પર ઓળખ, તે સંબંધી સમગ્ર વ્યવસ્થા, તેનું આયોજન, તેવી રીતે પોતાની પસંદગીના ઉમેદવાર સાથે અંગત મિલન કરવાની વ્યવસ્થા વગેરેએ અનેરી અને અજોડ એવી ભાત ઉપસાવેલ હતી. આ બધી પ્રક્રિયા દરમ્યાન દરેક કાર્યકરો, ખાસ કરીને શ્રીમતી ખુશ્બૂ સંઘવી, સુરભિ વોરા વગેરે પોતાની જવાબદારીમાં કાર્યરત રહ્યા હતા. અન્ય સ્થળોએ યોજાતા પરિચય મિલનકર્તાઓ, સંસ્થાઓ માટે આ કાર્યક્રમ અને વ્યવસ્થા એક દૃષ્ટાંતરૂપ હતા. બહારગામથી આવનાર માટે રહેવા, ટ્રાન્સપોર્ટ, ખાવા-પીવાની વ્યવસ્થા વગેરેથી સૌ એકદમ પ્રભાવિત થાય તેવા ઉચ્ચ કક્ષાના હતા. ખાસ ઉલ્લેખનીય થશે કે સ્વયંસેવકો, કાર્યકરો અને આયોજનકર્તાઓની સૂઝ, વર્તન, વ્યવહાર અને તેઓની કામગીરી ખૂબ પ્રશંસાપાત્ર રહ્યા હતા. કોઈપણ પ્રકારની ક્યાંય અધૂરાશ રહેવા પામે નહીં, તે માટે તેઓ બધા સતત જાગૃત હતા. ''આ પ્રકારની વ્યવસ્થા અને સફળ સંચાલન અન્ય કોઈ સ્થળે જોવા મળેલ નથી'' તેવા ઉદ્ગારો દરેકના મુખેથી સાંભળવા મળેલ. દક્ષિણ ભારત કચ્છી ગૂર્જર જૈન પરિવારના પ્રમુખશ્રી રમેશભાઈ મણિલાલ શાહ, સ્થાનિક પ્રમુખ શ્રી પ્રદીપભાઈ કેશવલાલ સંઘવી, અન્ય હોદ્દેદારશ્રીઓમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી નલીનભાઈ મહેન્દ્ર શાહ, શ્રી અશ્વિનભાઈ પ્રભુલાલ શાહ અને તેમના કુટુંબીજનોની જહેમત રંગ લાવી હતી. તેઓની કુશળતા, પ્રવીણતા આંખે વળગતી હતી.

આયોજનકર્તા તરફથી આ પ્રસંગે લગ્નોત્સુક ઉમેદવારોની દરેક રીતે ખૂબ સુંદર સ્વરૂપે પરિચય પુસ્તિકા પ્રકાશિત થઈ છે. જે દરેક ઉમેદવાર તેમજ તેમના પરિવાર માટે ખૂબ ઉપયોગી થશે. આ રીતે શ્રી દક્ષિણ ભારત કચ્છી ગૂર્જર જૈન પરિવાર અને શ્રી કચ્છી ગૂર્જર જૈન સમાજે કટિબધ્ધતા, ગતિશીલતા અને પ્રતિબધ્ધતાથી સેવાકીય ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપેલ છે. આ કારણે કાર્યક્રમે સંપૂર્ણ અને અદ્ભુત સફળતા હાંસલ કરી હતી. દરેકને અભિનંદન.

આ પ્રસંગે સમાજના અનેક મહાનુભાવો, આગેવાનો, દિગ્ગજ હસ્તીઓ તથા સ્થાનિક સભ્ય પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

લગ્નોત્સુક ઉપસ્થિત ઉમેદવારો માટે આ પ્રસંગ તેમના જીવનનું એક સંભારણું બની રહેશે, તેમાં કોઈ શંકા નથી.

***– દિનેશ આર. મહેતા***

- ★ લગ્ન અનિવાર્ય નથી, પણ આવકાર્ય છે. લગ્ન માણસને સ્થિર બનાવે છે. એની બેફામ અને નિરંકુશ વૃત્તિઓને નિયંત્રિત કરે છે. એટલે એ ક્યારેક બંધનરૂપ લાગે છે. હકીકતમાં લગ્ન પતંગની દોર જેવું છે. એ દોર પતંગને કાંઈ બાંધી નથી રાખતો, ઊલટાનું એને ગગનવિહાર કરવાની તક આપે છે.
- ★ બે વિજાતીય પાત્રો લગ્નસંસ્કારથી જોડાય પછી એમાં માત્ર પડ્યું પાનું નિભાવી લેવાની વૃત્તિ ન ચાલે. એમાં તો પરસ્પરને છલોછલ હૂંફ, પ્રેમ અને વિશ્વાસથી તર-બ-તર કરવાની તમન્ના જ હોવી જોઈએ.
- ★ આપણા દુઃખોમાં જ નહિ, આપણા સુખોમાં પણ કોઈકનો સંગાથ હોવો જરૂરી છે. દુઃખ તો માણસ એકલો સહન કરી લેશે પણ સુખની ક્ષણોમાં જો સ્વજનનો સંગાથ નહીં હોય તો સુખ મોળું - ફિક્કું જ લાગશે.
- ★ ''લગ્ન પહેલાં તમારી આંખો પૂરેપૂરી ઉઘાડી રાખજો. ત્યાર પછી અધ મિંચેલી! અર્થાત્ જીવનસાથી પસંદ કરતી વેળા ખુલ્લી આંખે અને ખુલ્લા દિમાગે તેના બધા ગુણદોષો વિશે ઊંડી ચકાસણી કરી લેજો અને બધી ચકાસણી બાદ મેળવેલા જીવનસાથીમાં પાછળથી કોઈ ઊણપ જણાય તો તેને આંખ આડા કાન કરી નભાવી લેજો.'' ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) અમેરિકાની સરકાર સંચાલિત ૪૫૭૯ જેલોમાં વર્ષમાં ૭૪ અબજ ડોલર ખર્ચવા પડે છે. અમેરિકાની ખાનગી કંપનીઓ સંચાલિત જેલોમાં ૮૧,૬૦૦ કેદીઓ છે. ખાનગી કંપનીઓની માલિકીની જેલોની સંખ્યા ૧૦૭ જેટલી છે. *(ભૂમિપુત્ર, તા. ૧-૧૧-૧૪)*

(૨) અમેરિકાની ખાનગી કંપનીઓની જેલોમાં કેદીઓ પાસે જુદા જુદા કામ કરાવીને ખૂબ કમાણી કરવામાં આવે છે. એટલે કેદીઓની સંખ્યા ઘટે નહીં એ માટે પેન્સિલ્વેનિયાની એક જેલ હંમેશાં ભરેલી જ રહે એવા ચુકાદા આપવા માટે ત્યાંના બે ન્યાયાધીશોને ૨૬ લાખ ડોલરની લાંચ આપવામાં આવેલી. *(ભૂમિપુત્ર, તા. ૧-૧૧-૧૪)*

(૩) અમેરિકાની ડાયટન યુનિ.માં કાયદાનો અભ્યાસ કરતો માત્ર ૨૩ વર્ષનો ભારતીય નીરજ અંતાણી ઓહિયો હાઉસના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવેલ છે. *(સાધના, તા. ૧૫-૧૧-૧૪)*

(૪) ગોવર્ધનરામ ત્રિપાઠીની સુખ્યાત નવલકથા 'સરસ્વતીચંદ્ર' ઉપરથી બનેલું નાટક 'ક્ષેત્રરાજ અને સાધ્વી' જ્યારે મુંબઈના ભાંગવાડી થિયેટરમાં રજૂ થયું ત્યારે પ્રેક્ષકો ટિકિટ મેળવવા બુકિંગ ઓફિસથી જે લાઈન લગાવે તે કાલબાદેવી સુધી ટ્રામ ચાલતી ત્યાં સુધી લંબાતી. *(અખંડ આનંદ, નવેમ્બર-૨૦૧૪)*

(૫) ગુજરાતમાં 'સ્વચ્છતા અભિયાન'ના નામે રૂા. ૨૫૪ કરોડ વાપરી નાખવામાં આવેલ છે! *(નયા માર્ગ, તા. ૧૬-૧૧-૧૪)*

(૬) ડભોઈના ભાજપના જ ધારાસભ્યે જણાવ્યું છે કે ગરીબ કલ્યાણ મેળામાં સાત સ્થળે ૪૫૦ સાઈકલ અને ૨૦૦ રોજગારી માટેની કીટ ધૂળ ખાતી પડી છે. અગાઉ ગોધરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પણ આવું જ બન્યું હતું. *(ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, તા. ૧૯-૧૦-૧૪)*

(૭) અત્યાર સુધીમાં ભારત સરકારે ૪૧ લોકોને 'ભારત રત્ન' તથા ૨૯૪ લોકોને પદ્મવિભૂષણ, ૧૨૨૯ લોકોને પદ્મભૂષણ અને ૨૬૭૯ લોકોને પદ્મશ્રી ઍવોર્ડથી નવાજેલ છે. *(નયામાર્ગ, તા. ૧૬-૧૧-૧૪)*

(૮) મધ્ય પ્રદેશના મોમીનપુર ગામના ૮૦ વર્ષના અકબર નામના સજ્જન અત્યારે પાંચમા ધોરણની પરીક્ષા આપી રહ્યા છે. *(સાધના, તા. ૨૨-૧૧-૧૪)*

(૯) જોધપુરની એક સરકારી હોસ્પિટલમાં ૩૦૦થી વધારે દર્દીઓને જાનવરો માટેના ઈન્જેક્શનો 'ભૂલ'થી અપાઈ ગયા! *(સાધના, તા. ૨૨-૧૧-૧૪)*

(૧૦) સિડનીની જોન હોકિન્સ યુનિ. ઑફ નેબ્રાસ્કાના સંશોધકોએ વ્યક્તિને મૂર્ખ બનાવતા 'ક્લોરો વાઈરસ એટીસીવીટ' નામના વાઈરસને શોધી કાઢવાનો દાવો કર્યો છે. *(સાધના, તા. ૨૯-૧૧-૧૪)*

(૧૧) ફિલ્મી અભિનેતા સલમાન ખાને કરેલ મોટર એક્સિડન્ટના તમામ ડોક્યુમેન્ટ કોર્ટમાંથી ચોરાઈ ગયા છે! *(વિવેકપંથી, ઓક્ટોબર-૨૦૧૪)*

(૧૨) કચ્છના બન્ની વિસ્તારની એક ભેંસ બે લાખ સાઈઠ હજાર રૂપિયામાં વેચાણી. ('નેનો' કાર કરતાં ભેંસ મોંઘી!) *(દિવ્ય ભાસ્કર, તા. ૩-૧૨-૧૪)*

(૧૩) કચ્છના દરિયાકાંઠે થતા ચેરિયાના બે થી બાર ફીટ ઊંચાઈના, લગભગ ૨૫૦થી ૩૦૦ વર્ષ જૂના - સમગ્ર એશિયામાં ક્યાંય નથી કપાયા એટલા - સાડા ત્રણ કરોડ ચેરિયા અદાણીએ કાપી નાખ્યા છે. *(નિરીક્ષક, તા. ૧-૧૨-૧૪)*

## જાપાનના ગાંધી - કાગાવા

જાપાન દેશની વાત છે. એક છોકરો. તેનું નામ કાગાવા. એ ભણ્યો ગણ્યો. ત્યાર પછી તેણે પીડિતોની સેવાપ્રવૃત્તિને પોતાનું જીવનલક્ષ બનાવ્યું. પીડિતોના વિસ્તારમાં તે જતો અને તેમની સેવા કરતો. જીવન નિર્વાહ માટે થોડા કલાક કામ કરતો. આ રીતે પીડિતોનું સેવાકાર્ય સતત કર્યા કરતો. એક વિદુષી છોકરી તેનાં સેવાકાર્યોથી આકર્ષાઈ અને સમાજસેવાનાં કાર્યો કરવા માટે તેની સાથે લગ્નબંધનથી જોડાઈ ગઈ.

બંને જણાંના સેવાકાર્યોથી પ્રભાવિત થઈ સરકારે આખા જાપાનના પછાત લોકોના ઉધ્ધારનું કામ તેમને સોંપ્યું. કાગાવા પ્રત્યે ત્યાંની પ્રજામાં ગજબની શ્રદ્ધા જાગૃત થઈ. 'જાપાનના ગાંધી' તરીકે આખો દેશ તેમને આજે પણ ઓળખે છે, યાદ કરે છે.

**બોધ વાક્યો :**

★ સેવાકાર્યમાં શ્રેષ્ઠ સમજદાર વ્યક્તિ જોડાય તો ઉત્તમ કામગીરી થાય.

★ લગ્નબંધન માત્ર શરીરસુખ માટે નહિ પરંતુ સદ્‌કાર્યો કરવા માટે છે.

★ જનસેવા જ શ્રેષ્ઠ સેવા છે - પ્રભુસેવા છે.

★ પીડિતોની સેવા એ પરમાત્માની સેવા સમજો.

★ સમાજસેવા થકી રાષ્ટ્રની ઉન્નતિ થાય છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*બીજાઓની નિંદા કરવાથી, સાંભળવાથી કે કહેવાથી પાપ લાગે છે.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ નોબલ ગેસ હિલિયમ પૃથ્વી પર બહુ ઓછો પરંતુ બ્રહ્માંડમાં સૌથી વધુ મળે છે.

★ આપણે દર પાંચ સેકન્ડે પલકારા મારીએ છીએ તેના પરથી અંદાજ આવે છે કે આપણી આંખના પોપચાં સૌથી વધુ કામ કરે છે.

★ મહારાષ્ટ્રના બલદાણા જિલ્લામાં લોણાર ગામ પાસે લઘુ ગ્રહના પડવાથી બનેલ આ તળાવ ૩૯૦૦ ફૂટનો વ્યાસ ધરાવતું અને ૧.૮ કિ.મી.ના કાંઠાવાળું વિશ્વભરના ભૂસ્તરશાસ્ત્રી, પ્રકૃતિવિદો, પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને અવકાશ વિજ્ઞાનીઓ માટે આકર્ષણનું સ્થળ છે.

★ દુનિયામાં સૌથી ઓછા વરસાદવાળો પ્રદેશ ચોટાકામા ચીલી દેશમાં આવેલ રણ છે. અહીં ૪૦૦ વરસથી વરસાદ જ નથી પડ્યો.

★ ઈ.સ. ૧૯૧૦માં જર્મન વૈજ્ઞાનિક વિલ્હેમ નોર્મને હાઈડ્રોજન વાયુના ઉપયોગથી વનસ્પતિ ઘી ની શોધ કરી હતી.

★ બેંગ્લોર ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ લેવલની ઈંગ્લીશ સ્પેલિંગ કોમ્પિટીશનમાં ગુજરાતની ઉજ્જવલા ઠાકરે પ્રથમ રેન્ક મેળવ્યો હતો.

★ ૧૧મી સદીમાં ચીની પ્રજાએ સલ્ફર ચારકોલ અને પોટેશિયમ નાઈટ્રેટ વાપરીને રોકેટ બનાવ્યા હતા.

★ ૧૯૨૬માં રોબર્ટ ગોડોર્ડે પ્રવાહી બળતણવાળું પ્રથમ રોકેટ ઉડાડ્યું.

★ પ્રોસ્ટેટ કેન્સરના નિદાન માટે પ્રોસ્ટેટ સ્પેસીફીક એન્જિનની મદદથી માત્ર ૧૫ મિનિટમાં જ પ્રોસ્ટેટ કેન્સર માટે માહિતી આપે છે.

★ નારાયણ નેત્રાલય નામક કંપનીએ આંખની સારવાર માટે અત્યાધુનિક લેસર સર્જરી મશીનની શોધ કરેલ છે. આ મશીનની કિંમત લગભગ છ કરોડ રૂપિયા છે.

★ જાદવ મોલાઈ પયાંગ નામની વ્યક્તિએ ૨૪ વરસમાં અસમના એક નાના ટાપુ અરુણા છાપરીના ૧૨૦૦ હેક્ટર વિસ્તારમાં અનોખું જંગલ તૈયાર કર્યું છે.

★ ૯૩ વરસની પાકટ વયે અવસાન પામેલા સદીના મહાન અભિનેતા ખલનાયક પ્રાણને ઉત્તમોત્તમ શેર - શાયરીઓ મોઢે હતી. તેઓ આલા દરજ્જાના બોક્સર પણ હતા.

★ ન્યુયોર્કનું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ દુનિયાનું પ્રથમ બિલ્ડિંગ હતું જેમાં ૧૦૦ માળ હતા.

★ સીડનીના ઑપેરા હાઉસની છત બનાવવામાં લગભગ ૧૦ લાખ ટાઈલ્સનો ઉપયોગ કરાયો હતો.

## મોબાઈલ ફોન અંગે આપ જાણો છો?

મોબાઈલ ફોન તો હવે લગભગ બધા જ વાપરતા થઈ ગયા છે, પરંતુ આપણી મુશ્કેલીના સમયમાં તે કેવી તમને મદદ કરે છે તે કદાચ બહુ ઓછાને ખબર છે તે જાણો...

૧. જો તમે મોબાઈલ ફોનના કવરેજ એરિયાની બહાર હો અને તમારે કોઈને ફોન કરવાની તાકીદની જરૂર જ હોય તો આપના મોબાઈલમાં '૧૧૨' નંબર જોડો. ૧૧૨ સમગ્ર વિશ્વમાં ઈમરજન્સી નંબર તરીકે માન્ય છે. આ નંબર જોડવાથી તમારો મોબાઈલ ગમે તે નેટવર્ક શોધીને તમને નંબર જોડી આપે છે અને વધુ રસપ્રદ તો એ છે કે તમારા મોબાઈલનું કીપેડ લોક હશે તો પણ આ નંબર લાગશે.

૨. જો તમારા મોબાઈલની ફોનની બેટરી ખૂબ જ લૉ થઈ ગઈ હોય અને ફોન બંધ થઈ ગયો હોય તો *૩૩૭૦# કી દબાવો. એ બટન દબાવવાથી બેટરીમાં ૫૦ ટકા જેટલો પાવર વધશે અને રીઝર્વ પાવર ફરી તમે બેટરી ચાર્જ કરશો ત્યારે ચાર્જ થઈ જશે.

૩. તમારા મોબાઈલ ફોનનો IMEI No. તમે ડાયરીમાં નોંધી રાખો. આપના ફોનમાં તમે *#06# કી દબાવશો તો એક ૧૫ આંકડાનો નંબર સ્ક્રીન પર આવશે. જો ક્યારેક તમારો ફોન ચોરાઈ જાય તો પોલીસ ફરિયાદ સમયે આ નંબર આપવો. પોલીસ સર્વિસ પ્રોવાઈડર મારફત આ મોબાઈલ ફોન કયા એરિયામાંથી ઑપરેટ થાય છે તે જાણી શકાય છે અને કદાચ ફોન ચોરનાર વ્યક્તિને પકડી ન શકે તો પણ આ સર્વિસ પ્રોવાઈડર IMEI નંબરવાળો ફોન બંધ કરી શકે છે. જો ચોર તેમાં સીમકાર્ડ બદલી નાંખે તો પણ તેમાંથી ઈનકમિંગ કે આઉટગોઈંગ ફોન થતા નથી. તેથી તે ફોન વાપરી શકે નહીં કે વેચી પણ શકે નહીં.

૪. જો તમારી કારના ડોર રિમોટ કંટ્રોલવાળા હોય ને તમે રિમોટ કારમાં જ ભૂલી ગયા હો અને કાર લોક થઈ ગઈ હોય તો?

તમારે સ્પેર રિમોટ લેવા ઘરે જવાની જરૂર નથી. તમારે ઘરે જે પણ હોય તેના મોબાઈલ પર ફોન કરો. તેને કહો કે ગાડીમાં રિમોટનું અનલોક બટન તેના મોબાઈલ પાસે રાખીને દબાવે. તમે તમારો મોબાઈલ ગાડીના લોકથી એકાદ ફૂટ દૂર રાખો. સામે છેડેથી અનલોક બટન દબાવશો કે તરત જ ગાડીનું લોક ખૂલી જશે. ગમે તેટલા દૂરના સ્થળેથી પણ આ થઈ શકશે. (તમારા બંનેના મોબાઈલ ડાયલ કરેલા એટલે કે વાત ચાલુ હોય તે રીતે ચાલુ રાખવા. ગાડીનું લોક ખૂલ્યા બાદ મોબાઈલ બંધ કરી શકાય.)

5. ATM બાબત : જો તમને કોઈ લૂંટારું તમારા ATM માંથી નાણાં ઉપાડવા ધમકીથી ફરજ પાડે તો તમે શાંત રહીને પણ પોલીસને જાણ કરી શકો છો. તમારે તમારો પાસવર્ડ ઊલટા ક્રમમાં એન્ટર કરો. દા.ત. ૧૨૩૪ હોય તો ૪૩૨૧ એન્ટર કરો. આ રીતે એન્ટર કરવાથી ATM તમે માગ્યા પ્રમાણે પૈસા તો આપશે પરંતુ સાથે સાથે પોલીસને પણ જાણ કરશે અને પોલીસ તુરત જ આ સ્થળે આવી જશે.

ઉપરની વિગતો થોડા વખત પહેલાં CTVના "Crime Stoppers" માં આવી હતી. હકીકતમાં તેનો ભાગ્યે જ ઉપયોગ થાય છે કારણકે લોકો તે જાણતાં જ નથી હોતા.

'મંગલ મંદિર'ના વાચકોને આ ખૂબ જ ઉપયોગી થશે તેવી આશા છે.

*– જિતેન્દ્ર જોષી*

## રાજકુમારનું મૃત્યુ

એક યુવાન વિદેશમાં રહેતાં એના મિત્રને ત્યાં ફરવા ગયો હતો. એ દરમિયાન ત્યાંના રાજકુમારનું મૃત્યુ થઈ ગયું. શહેરમાં એક જગાએ રાજકુમારને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બંને મિત્રો ત્યાં પહોંચી ગયા. શ્રદ્ધાંજલિ સભામાં ભારે ભાવવિભોર દશ્યો સર્જાયા. સૈનિકો બંદૂકની સલામી આપીને રાજકુમારને કહી રહ્યા હતા કે, "હે રાજકુમાર, તમે આ કબરમાંથી પાછા બેઠા થાઓ તો અમે અમારો પ્રાણ આપવા તૈયાર છીએ." કિશોરો કહી રહ્યા હતા કે, "તમે પાછા બેઠા થાઓ તો અમે અમારી યુવાની, તમારી વિદ્યા બધું જ આપવા તૈયાર છીએ." શહેરનો રાજા કહી રહ્યો હતો કે, "બેટા, તું આ કબરમાંથી બેઠો થાય તો હું મારું આખું રાજ્ય તારા નામે કરી દઉં."

કવિઓ એના માટે નવાં કાવ્યો રચવા તૈયાર હતા. માતાઓ એના માટે પ્રાણ આપવા તૈયાર થઈ હતી. યુવાનો પોતાની યુવાની ન્યોચ્છાવર કરવા તૈયાર હતા પણ રાજકુમાર પાછા આવી શકે એમ નહોતા. શ્રદ્ધાંજલિ આપી બધા ભીની આંખે વિદાય થયા. પેલા મિત્રે યુવાનને કહ્યું "ચાલ આપણે હજી પેલો પેલેસ જોવાનો બાકી છે." પણ એ યુવાને ના પાડી દીધી.

"ના દોસ્ત, હવે મારે ક્યાંય જવું નથી. આજે મારો પ્રવાસ પૂર્ણ થાય છે. આ નગરજનો પોતાનું બધું જ ન્યોચ્છાવર કરવા તૈયાર થયા છે છતાં રાજકુમારને નવજીવન આપી શકે એમ નથી. જીવન આટલું બધુ કિંમતી છે એ મને આજે જ સમજાયું. મને અફસોસ છે કે આ જીવનનો ઉપયોગ હુ માત્ર પૈસા કમાવામાં અને વ્યર્થના ભોગ વિલાસમાં કરું છું."

